ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 11 Date : 16-02-2025

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૫) |
| ર. | ૦૩ | “ગ્રામ સ્વરાજ” ની બંસરી બજાવનાર મોહનની વિદાય |
| પ્રવીણ પટેલ | ૦૪ | સોક્રેટિસ ઉવાચ-૫ : પ્રખર હિંદુત્વવાદી અને સોક્રેટિસ વચ્ચેનો એક કાલ્પનિક સંવાદ |
| હરસિદ્ધ મ. જોષી | ૦૮ | પ્રાચીન જ્ઞાન વિશે શ્રી અરવિંદ |
| પ્રવીણચંદ્ર ઠક્કર | ૧૧ | અમૃતત્વ પામવાની યાત્રા : ‘‘પ્રસંગોનું પંચામૃત’’ |
| રજની દવે | ૧૨ | ગ્લોબલ વૉર્મિંગની ભારત અને વિશ્વ પર અસરો - ૨૪ |
| બકુલ શાહ | ૧૪ | ભારતીબહેન પંડિતને શ્રદ્ધાસુમન અર્પણ |
| અશ્વિન કારીઆ | ૧૫ | અશ્વિન કારીઆની નજરે |
| - | ૧૫ | • આપણા લોક-પ્રતિનિધિઓ |
| - | ૧૫ | • કાચા કામના કેદીઓની વ્હારે સર્વોચ્ચ અદાલત |
| - | ૧૬ | • રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - ભાજપ અને ડૉ. આંબેડકર |
| યાત્રી બક્ષી | ૧૭ | કેડી કંડારનારા-૧૩ : કુદરતની કેડીએ વિશાળ પક્ષનું નિર્માણ કરનારા : ચાર્લ્સ ડાર્વિન (૧) |
| નેહા શાહ | ૧૯ | નાગરિકી નિસ્બતનું નોખું ઉદાહરણ |
| શાંતિલાલ ગઢિયા | ૨૦ | સેવા અને સંયમ |
| વિકાસ ઉપાધ્યાય | ૨૧ | વિજ્ઞાનપ્રેમી સ્વામી વિવેકાનંદ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | નવી જન્મેલી મા |


(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

યજ્ઞ પ્રકાશન

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
**BHOOMIPUTRA**
Gujarati Fortnightly
Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.72 Issue No.11 1927 Date : 16-02-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
ભૂમિપુત્ર
माता भूमिः पुत्रो अहं पृथिव्याः

# મનને જાણીએ (૫)

○ વિનોબા ○

## ચિત્તશુદ્ધિ, આહારશુદ્ધિ અને કર્મ

અત્યાર સુધી ત્રણ વાતો સમજાઈ - (૧) 'નેગેટિવ' પરિણામવાળી સાધના. (૨) 'પોઝિટિવ' પરંતુ આપણા પોતાના માટે વિશેષ નહીં. સામાન્ય પરિણામ મેળવનારી સાધના. (૩) પોતાના માટેની વિશેષ સાધના.

ચિત્તશુદ્ધિ કરવા માટેના બે પ્રકારના પ્રયત્નો થતા હોય છે. પહેલો પ્રકાર છે કે આપણને આપણા ચિત્તમાં જેટલી મલિનતાઓ દેખાય છે, તેને ધોઈ નાંખીએ. એક વાર ધોયા પછી પણ જો તે દેખાય તો તેને બીજી વાર ધોઈએ. અને ત્રીજી વાર દેખાય તો તેને ત્રીજી વાર ધોઈ દઈએ. અને આ રીતે સતત જોતા રહીએ કે આપણા ચિત્તમાં કયા-કયા મળ પડ્યા છે. તેને એક-એક કરીને ધોઈ દઈએ. બીજો પ્રયત્ન એ છે કે આવા ચિત્તને જ ફાડી નાંખીએ. જેવી રીતે કપડું એક જગ્યાએ ફાટે તો એને સાંધી દઈએ. બીજી જગ્યાએ ફાટ્યું તો ત્યાં પણ સાંધી લીધું - આ એક રસ્તો છે. તો બીજો રસ્તો છે - એ કપડાને જ ફેંકી દઈએ અર્થાત્ અત્યાર સુધી આપણું ચિત્ત ભલે ગમે તેટલું સારું-ખરાબ રહ્યું હોય, પણ હવે એને ફાડી દઈએ તો બધું સમાપ્તમ. તમે એક એક વાત યાદ કરો અને પછી તેને ધોવા બેસો - આવું બધું કરવાને બદલે ચિંતનને જ ફાડી નાખો, તો આખો મામલો ખતમ થઈ જાય.

આ વાત એકનાથ મહારાજ જુદી રીતે કહે છે –જેથેં જેથેં मन जाईल वासना, फिरवावे नारायण – આપણી વાસનાઓ જ્યાં-જ્યાં જાય, ત્યાં નારાયણને ઉપસ્થિત કરી દેવા, આપણી સામે જે કાંઈ આવે, તે ભગવાન છે એમ સમજવું. જેવી રીતે સામે પત્થર દેખાય, પણ એ જ પત્થરમાં ભગવાન રેડાય છે એટલે તે ભગવાન બને છે. મેં કહ્યું કે ચિત્ત પર ચોકી કરો. હવે ચિત્તને જ્યારે ખબર પડે છે કે આ તો સાક્ષી છે, એટલે એ ચૂપ થઈ જશે. માટે જ એકનાથ મહારાજ કહે છે તેમ જ્યાં-જ્યાં ચિત્ત જાય છે, ત્યાં ત્યાં નારાયણને ઉપસ્થિત કરો.

ચિત્તશુદ્ધિ માટેનાં જે ઘણાં સાધનો છે, એમાં નામ-સ્મરણ એ બહુ મોટું સાધન છે. માણસ શ્રદ્ધા અને ભાવભક્તિપૂર્વક પરમેશ્વરનું કોઈ પણ નામ ઉચ્ચારે છે, તો તે નામ તારક નીવડે છે. આ શ્રદ્ધાને લીધે તો નામસ્મરણનો પ્રભાવ પડે છે. શ્રદ્ધા જ એનો આધાર છે.

### આહારશુદ્ધિ

आहारशुद्धौ सत्त्वशुद्धिः । - આ ઉપનિષદનું સૂત્ર છે. આ અનુભવસિદ્ધ વસ્તુ છે. જ્યારે આહાર શુદ્ધ હોય છે ત્યારે ચિત્તશુદ્ધિ થાય છે. પતંજલિ કહે છે કે સ્વચ્છ, શુદ્ધ આહારથી મન નિર્મળ થાય છે. જોકે એવું જોવા મળે પણ છે કે માણસોને માંસાહારની ટેવ હોવા છતાં કેટલાક માણસોનાં મન નિર્મળ થાય છે. માંસાહારી કેટલાક લોકો દયાળુ હોય છે. તેમ છતાં પણ એટલું તો નિશ્ચિત છે કે આહારશુદ્ધિથી ચિત્તશુદ્ધિ થાય છે.

માણસે ચિત્તશુદ્ધિ માટે માંસાહાર છોડવો જોઈએ. આપણે આ દુનિયામાં શાંતિ ઇચ્છતા હોઈએ, તો માંસાહાર છોડવો પડશે. આપણે અંદરોઅંદર શાંતિથી રહેવા માંગતા હોઈએ અને બીજી બાજુ પ્રાણીઓને ખાતા રહીએ, તો શાંતિ નહીં સ્થપાય.

મારું તો ચોક્કસ દૃઢતાપૂર્વક માનવું છે કે આહારની સીધી મન પર અસર પડે છે. સમાજની આહારશુદ્ધિથી સમાજના મનની શુદ્ધિ થઈ શકે છે.

વૈદકશાસ્ત્રે પણ આહારના પ્રયોગો કરીને એમાંથી કેટલાંક તારણો કાઢ્યાં છે, ભલે તે મનુષ્યના શરીર સુધી સીમિત છે. યોગી તો એનાથી આગળ ગયા છે. વૈદકશાસ્ત્રની દૃષ્ટિ સ્થૂળ સુધી મર્યાદિત છે, જ્યારે યોગશાસ્ત્ર સૂક્ષ્મમાં ગયું છે. યોગીઓએ તો અધ્યયન અભ્યાસ દ્વારા એને સમજવાનો પ્રયત્ન કર્યો છે. ધ્યાનયોગમાં જે કાંઈ વિઘ્ન-અવરોધ આવે છે તેનું બારીકીથી નિરીક્ષણ-પરીક્ષણ કરે છે, દરરોજ લેવાતા આહારનું પરીક્ષણ કરે છે અને પછી એ નિષ્કર્ષ પર આવ્યા છે કે કેવા પ્રકારના આહારની મન પર કેવી અસર પડે છે.

આમ આપણે ધ્યાનમાં આ રાખવાનું છે કે આહારશુદ્ધિથી ચિત્તશુદ્ધિ કરવી અને ચિત્તશુદ્ધિથી ધ્રુવા સ્મૃતિઃ । ધ્રુવા અર્થાત્ આત્માની અવિચળ સ્મૃતિ. આ અડગ સ્મૃતિ રહે તે માટે સત્ત્વશુદ્ધિ અર્થાત્ ચિત્તશુદ્ધિ જોઈએ. અને આના માટે આપણે આહાર-વ્યવહાર વગેરે બધું જ શુદ્ધ કરવાની જરૂર છે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## ચિત્તશુદ્ધિ અને કર્મ

એવું કહેવાયું છે કર્મણા શુદ્ધિઃ । પણ, શું કર્મના આચરણમાત્રથી ચિત્તશુદ્ધિ થઈ જાય છે ? - આવો અનુભવ થાય છે ? કર્મ ચિત્તશુદ્ધિનું સાધન છે; પરંતુ આપણે જે સર્વસાધારણ કર્મ કરીએ છીએ, તે નહીં. કર્મયોગી જે અભિમંત્રિત કર્મ કરે છે, એનાથી ચિત્તશુદ્ધિ થાય છે. આ બાબતે સામાન્ય અનુભવ એ થાય છે કે જ્યારે આપણે કર્મની સાથેસાથે સ્વાધ્યાયાદિ અનેક સાધનોથી કર્મ કરીએ છીએ ત્યારે તે કર્મથી ચિત્તશુદ્ધિ થાય છે. કર્મયોગીના કર્મને એક રીતે જપ જ સમજીએ. એનાથી એનું ચિત્ત શુદ્ધ થાય છે અને નિર્મળ ચિત્તમાં જ્ઞાનનું પ્રતિબિંબ પડે છે.

કર્મનું સ્થાન ભલે જ્ઞાનની અપેક્ષાએ ગૌણ હોય, પણ ચિત્તશુદ્ધિ માટે તો એનું મહત્ત્વ છે જ. કેમ કે ચિત્તશુદ્ધિ કર્મ દ્વારા જ થાય છે, માટે કર્મ અપરિહાર્ય છે. ગીતા યજ્ઞાર્થ કર્મની વાત કરે છે. અહીં યજ્ઞનો અર્થ છે, શરીર શ્રમનિષ્ઠા અને આના માટેનું સર્વોત્તમ માધ્યમ જો કોઈ હોય તો તે કૃષિકાર્ય છે. અન્નોત્પત્તિનું કાર્ય ચિત્તશુદ્ધિ માટે ઘણો મહત્ત્વપૂર્ણ ઉપાય છે. ગીતા કહે છે, જો કોઈ ઓછામાં ઓછા સમયમાં અને ઓછામાં ઓછી મુશ્કેલીઓથી ચિત્ત શુદ્ધ કરવા ઇચ્છે છે તો એણે અન્નોત્પત્તિરૂપ યજ્ઞ કરવો જોઈએ.

શંકરાચાર્ય કહે છે - चित्तस्य शुद्धये कर्म - ચિત્તની શુદ્ધિ માટે કર્મનો ઉપયોગ છે. न तु वस्तूपलब्धये - અર્થાત્ વસ્તુ (બ્રહ્મ)ની ઉપલબ્ધિ માટે નહીં. આમેય વસ્તુસિદ્ધિ તો વિચારથી જ થતી હોય છે. જ્યાં સુધી ચિત્ત શુદ્ધ થતું નથી ત્યાં સુધી બુદ્ધિ પર મલિનતાનું આવરણ પડ્યું હોય છે. એટલે કે તે સૂક્ષ્મ વિચાર કરી શકતું નથી.

કર્મ કર્યા વગર સામાન્ય માણસને ખબર પડતી નથી કે એનું ચિત્ત કેટલું શુદ્ધ થયું છે. મોટાભાગના લોકોને તો કર્મ કરતાં કરતાં થયેલ ચિત્ત શુદ્ધિ દ્વારા જ્ઞાન પ્રાપ્ત થાય છે.

માટે આપણે ભલે જે પણ કાંઈ કરતા રહીએ છીએ, એમાં કામ કરવાની દૃષ્ટિ કેવળ ને કેવળ ચિત્તશુદ્ધિની હોવી જોઈએ. બાહ્ય દૃષ્ટિથી આપણને કોઈ એક કર્મમાં ખૂબ સફળતા મળી, અને લોકોએ આપણો જય-જયકાર કર્યો, પણ તેમ છતાં ય જો એ કર્મથી આપણા ગુણ વિકસતા નથી, તો તે કર્મ ખરાબ છે. એવા કર્મથી આપણે પોતાની તો અવનતિ કરી જ છે, સાથોસાથ દુનિયાની પણ અવનતિ થવા દીધી છે. મને તો સ્પષ્ટ લાગે છે કે કર્મમાત્ર ચિત્તશુદ્ધિકારક હોય, આ સિવાય અન્ય કોઈ પણ રૂપમાં કર્મ તરફ જોવું મને જચતું નથી. અને જ્યારે કર્મ ફળત્યાગપૂર્વક કરવામાં આવે તો ચિત્તશુદ્ધિ દ્વારા તે મોક્ષપ્રાપ્તિનું કારણ બને છે. નહીંતર તે જ કર્મ વાસનાને દૃઢ બનાવીને બંધનનું કારણ બને છે.

હવે આ ચિત્તશુદ્ધિની કસોટી કઈ ? પહેલાં તો આપણા બાહ્ય કામને ચકાસીને જોઈ લેવાં. જો તે કામ નિર્મળ અને સુંદર ન હોય, તો ચિત્ત મલિન છે તેમ સમજી લેવું. અરે ભલા માણસ, કર્મમાં સુંદરતા ક્યારે આવે ? તો સ્પષ્ટ છે કે માણસ શુદ્ધ ચિત્તથી, પરિશ્રમ દ્વારા જે કર્મ કરે છે તેની પર ઈશ્વર પોતાની પસંદગીની, પોતાની પ્રસન્નતાની મહોર લગાવી દે છે. આપણાં સઘળાં કર્મો આપણા મનની વિધવિધ મૂર્તિઓ જ છે. આપણું મન જો સુંદર છે, તો આ કર્મમય મૂર્તિ પણ સુંદર જ રહેવાની. આપણે હંમેશાં બહારનાં કર્મોની શુદ્ધિને આપણા મનની શુદ્ધિ દ્વારા ચકાસતા રહેવું અને એ જ રીતે મનની શુદ્ધિને - આપણા દ્વારા થતાં બાહ્ય કર્મોથી ચકાસતા રહેવું જોઈએ. અને એક બીજી વાત - તે એ કે આપણાં બધાં કર્મોમાં મંત્ર પણ જોઈએ. મંત્રવિહીન ક્રિયા કલાકો સુધી કરીએ, તો પણ તે બધી વ્યર્થ જ જશે. કેમ કે તે ક્રિયાથી ચિત્તશુદ્ધિ થશે નહીં.

આપણી પોતાની ચિત્તશુદ્ધિ માટે આપણે આપણા લીધેલા કર્મથી થોડી વાર અલિપ્ત થઈને આંતરિક ચિંતન જરૂરી છે. આપણે આપણા આત્મામાં સ્થિર થઈએ અને કર્મની તરફ તટસ્થતાથી જોતાં રહીએ - આ જરૂરી છે. પુણ્યકર્મ કરવાથી ચિત્તશુદ્ધિ થાય છે અને સાથોસાથ પાપ કરવાની બુદ્ધિ રહેશે નહીં. આ સંભવ છે. પરંતુ ચિત્તશુદ્ધિથી પૂર્વ કરેલાં પાપો નાશ નહીં પામે, તે તો આત્મજ્ઞાનથી જ બનશે.

આપણે પોતાના માનસિક ધમપછાડાઓ ઓછા કરવા જોઈએ. અને આપણા ચિત્તને વધુ ને વધુ શુદ્ધ કરવું જોઈએ. આપણને જે કર્મ સહજતાથી પ્રવાહપ્રાપ્ત મળ્યું છે, એનો વિરોધ કરવામાં પોતાની શક્તિને વેડફવી નહીં. ઊલટું પ્રવાહાનુકૂળ ક્રિયા દ્વારા જ પોતાને તરવાના ઉપાયો અંગે વિચારવું જોઈએ. આમ થવાથી આપણા મન પરનો લેપ ઓછો થશે અને ચિત્ત શુદ્ધ થતું જશે. પછી તો ક્રિયાઓ પણ ધીરે ધીરે પોતાની મેળે ખરવા લાગશે. જેમ જેમ ચિત્તશુદ્ધિ થતી જશે, તેમ-તેમ ક્રિયાની તીવ્રતા ઘટવા લાગશે. અને પછી તો આગળ ઉપર જતાં ચિત્ત જ્યારે પરિપૂર્ણ શુદ્ધ થશે તો અંતમાં ક્રિયા શૂન્યરૂપ થઈ જઈને કર્મ અનંત થતાં રહેશે. - આવું કહી શકાય. પહેલાં તીવ્ર, પછી તીવ્રથી સૌમ્ય, સૌમ્યથી સૂક્ષ્મ અને સૂક્ષ્મથી શૂન્ય. આવી રીતે પોતાની મેળે

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૫) |
| ર. | ૩ | 'ગ્રામ સ્વરાજ'ની બંસરી બજાવનાર મોહનની વિદાય |
| પ્રવીણ પટેલ | ૪ | સોક્રેટિસ ઉવાચ-૫ |
| હરસિદ્ધ મ. જોષી | ૮ | પ્રાચીન જ્ઞાન વિશે શ્રી અરવિંદ |
| પ્રવીણચંદ્ર ઠક્કર | ૧૧ | અમૃતત્વ પામવાની યાત્રા 'પ્રસંગોનું પંચામૃત' |
| રજની દવે | ૧૨ | ગ્લૉબલ વૉર્મિંગની ભારત અને વિશ્વ પર અસરો-૨૪ |
| બકુલ શાહ | ૧૪ | ભારતીબહેન પંડિતને શ્રદ્ધાસુમન અર્પણ |
| પ્રો. અશ્વિન કારીઆ | ૧૫ | અશ્વિન કારીઆની નજરે<br>0 આપણા લોક પ્રતિનિધિઓ<br>0 કાચા કામના કેદીઓને વ્હારે સર્વોચ્ચ અદાલત<br>0 રાષ્ટ્રીય સેવક સંઘ-ભાજપ ને ડૉ. આંબેડકર |
| યાત્રી બક્ષી | ૧૭ | કુદરતની કેડીએ વિશાળ પક્ષનું નિર્માણ કરનારા : ચાર્લ્સ ડાર્વિન |
| નેહા શાહ | ૧૯ | નાગરિકી નિસ્બતનું નોખું ઉદાહરણ |
| શાંતિલાલ ગઢિયા | ૨૦ | સેવા અને સંયમ |
| વિકાસ ઉપાધ્યાય | ૨૧ | વિજ્ઞાનપ્રેમી સ્વામી વિવેકાનંદ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | નવી જન્મેલી મા |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આપોઆપ ક્રિયા-શૂન્યત્વ પ્રાપ્ત થઈ જશે, અને ત્યારે અનંત કર્મ સ્વતઃ થતાં રહેશે.

### વિકર્મ : ચિત્તશુદ્ધિકારક કર્મ

આપણે જ્યારે પણ કર્મમાં પ્રવૃત્ત થઈએ છીએ, ત્યારે આપણને હજારો દોષોનું ભાન થાય છે. ત્યારે કર્મયોગ આપણને અરીસાની માફક આપણા દોષોનું ભાન કરાવે છે. આ દોષોને દૂર કરવાના ઉપાયને ગીતા વિકર્મ કહે છે. માણસ સ્વધર્માચરણનું પાલન કરતાં કરતાં, ચિત્તશુદ્ધિના ઉદ્દેશ્યથી જે પણ કાંઈ કર્મ કરે છે તેને ગીતા વિકર્મ કહે છે. વિકર્મ મુખ્યતઃ માનસિક ક્રિયા છે.

ગીતાના ચોથા અધ્યાયમાં કર્મ-વિકર્મ-અકર્મ આ ત્રણ મહત્ત્વના શબ્દ પ્રયોજે છે. કર્મનો અર્થ છે, સ્વધર્માચરણનું બાહ્ય સ્થૂળ ક્રિયાસ્વરૂપ. આ બાહ્ય ક્રિયામાં ચિત્તને લગાવવું એ જ છે 'વિકર્મ'. આપણે જ્યારે કોઈ વ્યક્તિને ઉપર ઉપરથી નમસ્કાર કરીએ છીએ ત્યારે માથું નમાવવાની ઉપરની ક્રિયા સાથે જો અંદરથી મન નમન ન કરતું હોય, તો, પેલી બાહ્ય ક્રિયા નકામી છે. આપણું અંતર્બાહ્ય બંને એક હોવું જોઈએ. એટલે કે આપણા દ્વારા થતા કર્મની સાથે મનનો મેળ જરૂરી છે. મનના આ મેળને જ ગીતા 'વિકર્મ' કહે છે. બહારનું સ્વધર્મરૂપ સામાન્ય કર્મ અને આ આંતરિક વિશેષ કર્મ. આ વિશેષ કર્મ દરેકની પોતપોતાની માનસિક જરૂરિયાત પ્રમાણે જુદું-જુદું હોય છે.

જ્યારે કર્મ અને વિકર્મ - આ બંને એકરૂપ થાય છે ત્યારે ચિત્તની પૂર્ણ શુદ્ધિ થઈ જાય છે, તમામ પ્રકારની અશુદ્ધિઓ દૂર થઈ જાય છે, વાસના જતી રહે છે, વિકાર શાંત થઈ જાય છે, ભેદભાવ દૂર થઈ જાય છે, ત્યારે માણસને અકર્મ-અવસ્થા પ્રાપ્ત થાય છે.

ચિત્તશુદ્ધિથી કરવામાં આવેલ કર્મ નિર્લેપ હોય છે. એનું પાપ-પુણ્ય કંઈ બાકી રહેતું નથી. એ કર્મનો બોજો પડતો નથી. એ કરવા છતાં અકર્તા રહેવાય છે. વિકર્મ હોવાથી, મનની શુદ્ધિને લીધે કર્મનું કર્મત્વ જ ઊડી જાય છે. નહીંતર માણસ પર કર્મનો કેટલો બધો બોજો, કેટલું બધું જોર માણસની બુદ્ધિ અને હૃદય પર પડતું રહે ! કર્મની આ જંજાળ ચિત્તમાં ઘૂસી જઈને ક્ષોભ ઉત્પન્ન કરી દે છે ! કર્મ ચિત્ત પર હાવી થઈ જાય છે. પણ કર્મમાં વિકર્મ રેડવાથી તે અકર્મ થઈ જાય છે, જાણે કર્મ કરીને તેને ભૂંસી દઈએ તેમ. પછી માણસ ગમે તેટલું કર્મ કરતો રહે, એ કર્મનો એને શ્રમ નહીં અનુભવાય. એટલું જ નહીં, મન ધ્રુવતારાની જેમ શાંત-સ્થિર, અને તેજોમય બની રહેશે.

આમ આપણને સાધનના રૂપમાં બહારથી સ્વધર્માચરણ અને અંદરથી મનનું વિકર્મ, આ બંને વાતો જોઈએ. આપણા માટે બાહ્ય કર્મની પણ આવશ્યકતા છે જ. કેમ કે કર્મ કર્યા વગર મનની પરીક્ષા થતી નથી. વહેલી સવારના અત્યંત પ્રશાંત સમયમાં આપણું મન અત્યંત શાંત અનુભવાય છે. પરંતુ બાળકને જરાક રડવા દો, તો એ સમયે મનની શાંતિની અસલી કિંમત આપણને ખબર પડી જશે. આપણને આપણાં બાહ્ય કર્મોથી આપણા મનના અસલી સ્વરૂપની જાણ થાય છે. આપણે કોઈ પણ જળાશય જોશું

(જુઓ પાન નં. ૧૧)

# 'ગ્રામ સ્વરાજ'ની બંસરી બજાવનાર મોહનની વિદાય



**તા.** ૨૩-૧-૨૦૨૫ના રોજ મોહન હિરાબાઈ હિરાલાલનું રાત્રે ૧ વાગ્યે નાગપુરના દવાખાનામાં મૃત્યુ થયું. કોરોના દર્દી બન્યા પછી લાંબો સમય વેન્ટીલેટર પર રહ્યા. દવાખાનેથી આવ્યા પછી ઘરે પણ વેન્ટીલેટર પર રહ્યા પરંતુ સ્વસ્થ ન થઈ શક્યા. ૭૫ વર્ષે દેહત્યાગ કર્યો.

ગાંધી-વિનોબાના દર્શનને જમીન પર સાકાર કરવા જીવનભર મથતા રહ્યા. જયપ્રકાશ નારાયણે સ્થાપેલી 'છાત્ર યુવા સંઘર્ષ વાહિની'માં તેઓ સક્રિય થયા. 'વૃક્ષ મિત્ર' નામની સંસ્થા સ્થાપી.

વર્ષ ૧૯૮૭માં ગઢચિરોલી વિસ્તારનાં ૨૨ ગામોમાં ૧ વર્ષ આવવા-જવાનું કર્યું. તેઓ શોધી રહ્યા હતા એવું ગામ જ્યાં સર્વ સહમતીથી નિર્ણય લેવામાં આવે. તેમની નજરમાં મેંઢાલેખા ગામ આવ્યું. આ ગામે તેની સઘળી મર્યાદા વચ્ચે સર્વ સહમતીની વાતને છોડી ન હતી.

મોહનભાઈએ ગામ સાથેનો નાતો વધાર્યો. સૂક્ષ્મ અભ્યાસ કર્યો. સામાજિક, આર્થિક વલણોને સમજવા પ્રયત્ન કર્યો. ગામમાં ભરાતી ગ્રામ સમાજસભામાં બેસતા થયા. દેવાજી તોફા જેવા ખંતીલા યુવાનનો સાથ મળ્યો. આ ગામ ગઢચિરોલીથી ૩૦ કિ.મી.ના અંતરે જંગલ વિસ્તારમાં આવેલું છે.

આ વિસ્તારમાં પેપર મિલોનું સામ્રાજ્ય છે. સરકાર જંગલના વાંસ મિલોને ખૂબ જ ઓછા ભાવે આપે છે. જંગલખાતું ગામોને અવગણીને મિલોને જંગલ કાપવાનો કોન્ટ્રાક્ટ નક્કી કરેલાં વર્ષો માટે આપી દે છે. ઇતિહાસ કહે છે, એક જમાનામાં જંગલ ગામલોકોના વહીવટ તળે ચાલતું હતું.

જંગલખાતા પાસેથી જંગલનો વહીવટ ગામ પાસે આવે તે માટે વર્ષ ૧૯૯૧ પછી ૩ વર્ષ શાંત સત્યાગ્રહો કહો કે આંદોલનો ચાલ્યાં. ચિપકો આંદોલનની જેમ આ આંદોલનમાં કોન્ટ્રાક્ટરોને વાંસ કાપવા દેવામાં આવતા ન હતા.



(જુઓ પાન નં. ૨૦)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સોક્રેટિસ ઉવાચ-૫ : પ્રખર હિંદુત્વવાદી અને સોક્રેટિસ વચ્ચેનો એક કાલ્પનિક સંવાદ

*(અહીં રજૂ કરેલ કાલ્પનિક સંવાદમાં, એક હિંદુત્વવાદી સોક્રેટિસ સાથે ચર્ચા કરે છે, જેમાં તે દલીલ કરે છે કે મુસ્લિમ શાસકોએ ભારત પર આક્રમણ કરીને તથા હિંદુ મંદિરોનો વિનાશ કરીને અમારા ઉપર જુલમ કર્યો હતો. વધુમાં તે જણાવે છે કે બ્રિટિશ સંસ્થાનવાદીઓએ તેમની 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિથી બંને કોમો વચ્ચેનું અંતર વધાર્યું હતું, જેનાથી હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે કાયમી તિરાડ ઊભી થઈ હતી અને ભારતના ભાગલા પડ્યા હતા. વળી તે કહે છે કે, આઝાદી પછી પણ ભારત સાંપ્રદાયિક હિંસાથી ત્રસ્ત છે. હિંદુત્વવાદીની વાત શાંતિથી અને સહાનુભૂતિપૂર્વક સાંભળીને સોક્રેટિસ એક સત્ય શોધક તરીકેની તેમની હંમેશની આદત મુજબ તેના આ બધા દાવાઓને તર્કબદ્ધ પ્રશ્નોત્તરી દ્વારા તપાસે છે. અને તેની માન્યતાઓની ઝીણવટથી સમીક્ષા કરવા તેને પ્રેરે છે.)*

પાર્શ્વ ભૂમિ : સ્વર્ગનો શાંત બગીચો. એથેન્સના ફિલસૂફ સોક્રેટિસ આરસની બેન્ચ પર બેઠા છે. અને, તાજેતરમાં જ સ્વર્ગે સિધાવેલ એક પ્રખર હિંદુત્વવાદી ત્યાં આવી ચડે છે.

સોક્રેટિસ : આવો, મારા મિત્ર. જ્યારે મૃત્યુલોકનો માનવી સ્વર્ગમાં આવે છે ત્યારે તે સામાન્ય રીતે નિશ્ચિંત હોય છે. પણ તમારી ઉપર કોઈ બોજો હોય એવું લાગે છે.

હિંદુત્વવાદી : (ગૌરવ સાથે) બોજો? બિલકુલ નહીં, સોક્રેટિસ! મારા લોકો, મારો ધર્મ, અને મારી સંસ્કૃતિને વિધર્મીઓથી બચાવવા માટે હું જીવ્યો છું એટલે મને સંતોષ છે.

સોક્રેટિસ : (હળવાશથી હસતાં) પોતાના લોકો, પોતાનો ધર્મ, અને પોતાની સંસ્કૃતિનો બચાવ એ તો ખરેખર એક ઉમદા કામ છે. પણ કોના તરફથી તમારી સંસ્કૃતિ ઉપર ખતરો હતો?

હિંદુત્વવાદી : (એકી શ્વાસે, પણ મક્કમતાથી) મુસ્લિમો, સોક્રેટીસ! મુસ્લિમો! સદીઓથી તેઓએ અમારા પર જુલમ કર્યો છે. તેઓએ અમારા ઉપર આક્રમણો અને હુમલા કર્યાં છે. મુસ્લિમ શાસકોએ તેમના શાસનકાળ દરમિયાન અમારા પર ત્રાસ ગુજાર્યો છે. અમારાં મંદિરોને તોડ્યાં છે અને અમારા દેવતાઓનું અપમાન કર્યું છે. વળી અંગ્રેજોની 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિએ તો અમારું સત્યાનાશ કરી નાખ્યું. અંગ્રેજોની મદદથી મુસલમાનોએ અમારા રાષ્ટ્રને વિભાજિત કર્યું છે. અમારી આઝાદી પછી પણ સતત ચાલતાં આવતાં કોમી રમખાણોને કારણે અમારો ઇતિહાસ લોહિયાળ રહ્યો છે.

સોક્રેટિસ : (ભ્રમર ઊંચી કરીને) ઓહો...હો...હો! આટલા બધા આરોપો! ચાલો આપણે તે દરેક આરોપ વિષે વિગતે વાત કરીએ. મારા મિત્ર, તમે સૌપ્રથમ ભારતમાં મુસ્લિમ શાસન દરમિયાન તમારા લોકો ઉપર થયેલ જુલમનો ઉલ્લેખ કર્યો. ચાલો પહેલાં એની ચર્ચા કરીએ. આ મુસ્લિમ શાસનમાં તમારી ઉપર કેવા જુલમ થયા હતા?

હિંદુત્વવાદી : સોક્રેટિસ, સાવ સીધી વાત છે. તેઓ આક્રમણખોરો તરીકે આવ્યા, અમારાં મંદિરોનો નાશ કર્યો, અમારી સંપત્તિ લૂંટી, અને તેમના ધર્મને અમારા દેશમાં ફેલાવ્યો. આવા અત્યાચારો પોતાની સંસ્કૃતિને ચાહનાર કોઈ પણ વ્યક્તિ કેવી રીતે સહન કરી શકે?

સોક્રેટિસ : હું સમજી શકું છું. આવી યાદો પીડાદાયક હોય છે. પણ તમે મને કહો, શું તમે ખરેખર માનો છો કે દરેક મુસ્લિમ શાસકે એકમાત્ર ધાર્મિક ઇરાદાથી જ કામ કર્યું હતું? અને શું તેઓ બધા એકસરખા દમનકારી હતા?

હિંદુત્વવાદી : અલબત્ત! અમારો ઇતિહાસ તેમની ક્રૂરતાનાં ઉદાહરણોથી ભરેલો છે. ગઝનીના મહેમૂદનો વિચાર કરો. તેણે અમારાં મંદિરોને લૂંટ્યાં હતાં. પેલા ક્રૂર ઔરંગઝેબે અમારાં અસંખ્ય મંદિરોનો નાશ કર્યો હતો અને કેટલાંક મંદિરો તોડીને તેણે ઉપર મસ્જિદો બાંધી હતી. વધુમાં, તેણે હિંદુઓ પર જીજિયા વેરો પણ નાખ્યો હતો.

સોક્રેટિસ : આ બધાં ઉદાહરણો ખરેખર દુ:ખદ છે. પરંતુ, શું આવા શાસકો સંપૂર્ણપણે ધર્માંધ હતા, કે પછી રાજકીય મહત્ત્વાકાંક્ષા અને આર્થિક લાભ જેવાં અન્ય પરિબળો પણ તેમનાં આવાં કૃત્યો માટે જવાબદાર હતાં?

હિંદુત્વવાદી : હું માનું છું કે કદાચ તેમને સંપત્તિ અને સત્તામાં પણ રસ હતો.

સોક્રેટિસ : આ એક રસપ્રદ મુદ્દો છે. પરંતુ, શું એકલા મુસ્લિમ શાસકો જ યુદ્ધો, આક્રમણ, વિજય, અને લૂંટ કરતા હતા? કે પછી, આપણે ઘણાં સામ્રાજ્યો અને સંસ્કૃતિઓમાં આવું બનેલું જોઈએ છીએ? શું હિંદુ શાસકોએ પણ લડાઈઓ નથી કરી? શું તેમણે પણ લૂંટ-ફાટ નહોતી કરી? અને તેઓએ પણ હારેલા લોકો પાસેથી ખંડણી વસૂલી નહોતી?

હિંદુત્વવાદી : (ખચકાતાં) તે સાચું છે, પરંતુ તેમણે ધાર્મિક કારણોસર મંદિરોનો નાશ કર્યો નથી. તેઓ અમારા દેવતાઓને માન આપતા.

સોક્રેટિસઃ તમારી વાત બરાબર છે. પરંતુ, ચાલો આ અંગે વધુ વિચારીએ. શું બધા મુસ્લિમ શાસકો એકસરખા ક્રૂર હતા? શું તે બધા જ હિંદુ મંદિરો અને પરંપરાઓનો સમાન રીતે અનાદર કરતા હતા? દાખલા તરીકે, મુગલ સમ્રાટ અકબરે જીજિયા વેરો નાબૂદ કર્યો હતો અને હિંદુઓ તથા હિંદુ પ્રથાઓને માન આપ્યું હતું. શું અકબર એવો મુસ્લિમ શાસક નહોતો જેણે હિંદુ-મુસ્લિમ વચ્ચે એકતા અને ભાઈચારો જળવાઈ રહે તે માટે ગંભીર પ્રયત્નો કર્યા હતા?

હિંદુત્વવાદી : અકબર કદાચ અલગ હશે. પરંતુ, તે એક અપવાદ હતો. મોટાભાગના ઔરંગઝેબ જેવા હતા. તેઓ તેમની માન્યતાઓ અમારા પર લાદવા માંગતા હતા.

સોક્રેટિસ : તમે કહો છો કે અકબર એક અપવાદ હતો. પરંતુ અકબર ઉપરાંત જહાંગીર અને શાહજહાઁએ પણ સહિષ્ણુતાને ઉત્તેજન



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

નહોતું આપ્યું? વળી, દારા શિકોહે તો તમારા ધર્મગ્રંથોનો ફારસી ભાષામાં અનુવાદ કર્યો હતો. અને બહાદુરશાહ ઝફર તો ઈ.સ. ૧૮૫૭માં હિંદુ-મુસ્લિમ એકતાનો પ્રતીક નહોતો? હિંદુ રાજાઓએ પણ તેને પોતાના નેતા તરીકે સ્વીકાર્યો હતો.

હિંદુત્વવાદી : તમારી વાત સાચી છે. બધા મુસ્લિમ શાસકો ઔરંગઝેબ જેવા હતા એમ કહેવું કદાચ વધારે પડતું કહેવાય.

સોક્રેટિસ : તો શું આપણે ક્યારેક ઉતાવળમાં ધારણાઓ બાંધવાની કે ચુકાદા આપવાની ભૂલ નથી કરતા? અને છૂટાછવાયા કિસ્સાઓ પરથી વધારે પડતા સામાન્યીકરણ (વ્યાપ્તિ) ઉપર કૂદી નથી પડતા? શું આપણે એમ ન માની શકીએ કે કેટલાક શાસકોનાં બૂરાં કાર્યો પાછળ કેટલાક વિશેષ સંજોગો પણ જવાબદાર રહ્યા હશે?

હિંદુત્વવાદી : કદાચ. પરંતુ મંદિરોનો વિનાશ અને તેમની ઉપર બાંધેલી કેટલીક મસ્જિદો આજે પણ તેમની કિન્નાખોરીના પુરાવા તરીકે મોજૂદ છે.

સોક્રેટિસ : બેશક, કેટલાક મુસ્લિમ શાસકોએ હિંદુ મંદિરો તોડ્યાં હતાં. પરંતુ, મને કહો, મારા મિત્ર, શું આવાં કૃત્યો પાછળ હંમેશાં ધર્મ જ એકમાત્ર કારણભૂત પરિબળ હતું? કે પછી તેની પાછળ ધન-દોલત લૂંટવાનો કે જીતેલા લોકો પર તેમની ધાક જમાવવાનો ઇરાદો પણ હતો? શું એવું ન બની શકે કે તેઓ જીતેલા લોકોનાં ધાર્મિક કે સાંસ્કૃતિક પ્રતીકોને નિશાન બનાવીને તેમને ડરાવવા માંગતા હતા? શું તમારા દેશમાં બુદ્ધો અને જૈનો પણ ફરિયાદ નથી કરતા કે હિંદુઓએ તેમનાં ધાર્મિક સ્થાનોનો નાશ કર્યો હતો?

હિંદુત્વવાદી : (થોભો) મેં આ રીતે વિચાર્યું ન હતું. તમારો મતલબ છે કે મુસલમાનોએ હિંદુ મંદિરોનો નાશ માત્ર ધર્મના કારણે નહીં પરંતુ તેમના વિરોધીઓમાં ધાક જમાવવા માટે કર્યો હતો?

સોક્રેટિસ : ચોક્કસ. ઘણા કિસ્સાઓમાં, મંદિરો માત્ર પૂજાસ્થાનો જ નહીં પરંતુ સંપત્તિ અને રાજકીય સત્તાનાં કેન્દ્રો પણ હોય છે. વિજેતા શાસકો, પછી ભલે તે હિંદુ હોય કે મુસ્લિમ, ઘણી વાર આવાં પ્રતીકોને નિશાન બનાવીને તેમના પ્રતિસ્પર્ધીઓને ડરાવવાની કોશિશ કરતા હોય છે. શું આ રીતે પણ વિચારવાથી તમે આવાં કૃત્યોનું જુદી રીતે અર્થઘટન ન કરી શકો?

હિંદુત્વવાદી : (વિચારપૂર્વક) હું ધારું છું કે કદાચ તેવી રીતે પણ વિચારી શકાય. પરંતુ, બળજબરીથી કરેલા ધર્માંતરણનું શું? એ તો એમની ધર્માંધતા બતાવે છે.

સોક્રેટિસ : આ એક મહત્ત્વપૂર્ણ સવાલ છે. પણ, શું બધાં ધર્માંતરણો ફરજિયાત હતાં? કે કેટલાંક આવાં ધર્માંતરણો સ્વૈચ્છિક પણ હતાં? શું કેટલાક હિંદુઓએ કઠોર જાતિપ્રથામાંથી બચવા અથવા મુસ્લિમ શાસનમાં કૃપાપાત્ર થવા માટે અથવા સામાજિક કે આર્થિક કારણોસર ધર્માંતરણ કર્યું હોય તેવું ન બની શકે?

હિંદુત્વવાદી : (અનિચ્છાએ) કેટલાક કિસ્સાઓમાં આવું બન્યું હોય તે શક્ય છે. પરંતુ તેથી કરીને બળજબરીથી થયેલાં ધર્માંતરણો માફ કરી શકાય નહીં.

સોક્રેટિસ : ખરેખર, બળજબરીથી થયેલ ધર્માંતરણને માફ ન કરી શકાય. પરંતુ ચાલો આપણે આપણી જાતને પૂછીએ : શું આવાં કૃત્યો ઇસ્લામના ઉપદેશોને અનુરૂપ છે, કે અમુક શાસકોની મહત્ત્વાકાંક્ષાઓને કારણે આમ થયું હશે? શું અમુક પથભ્રષ્ટ લોકોના બહેકાવાથી થયેલ કાર્યો માટે સમગ્ર ધર્મને જવાબદાર ઠેરવવું અન્યાયી નથી?

હિંદુત્વવાદી : (નિસાસો નાખતાં) આ અંગે મેં જે વિચાર્યું હતું તેના કરતાં આ સમસ્યા થોડી જટિલ લાગે છે. મેં તેમને બધાને હંમેશા ધર્માંધ આક્રમણકારો તરીકે જોયા હતા. પરંતુ, કદાચ કેટલાક મુસ્લિમ શાસકોનાં કુકર્મો માટે અન્ય પરિબળો પણ જવાબદાર હોઈ શકે છે.

સોક્રેટિસ : મારા મિત્ર, જટિલતા એ ઇતિહાસનો પદાર્થ પાઠ છે. અનેક ઘટનાઓ પાછળ વિવિધ હેતુઓ જવાબદાર હોય છે. શું આવી જટિલતાને સમજવાની કોશિશ કરીને, આપણે ભૂતકાળના ઘા છંછેડવાને બદલે તેને ઠીક કરવાનો માર્ગ ન શોધી શકીએ?

હિંદુત્વવાદી : (શાંતિથી) કદાચ. મારે આ વિશે વધુ વિચારવાની જરૂર પડશે.

સોક્રેટિસ : મારા મિત્ર, ઘણી વખત જે ઉપર ઉપરથી દેખાય છે તે સાચું નથી હોતું.

હિંદુત્વવાદી : તમે શું કહેવા માંગો છો?

સોક્રેટિસ : કેમ વળી, આપણે રોજ જોઈએ છીએ કે સૂર્ય પૂર્વમાં ઊગે છે અને પશ્ચિમમાં આથમે છે. બરાબર? પણ, વાસ્તવિકતા તો અલગ છે. સૂર્ય સ્થિર છે અને પૃથ્વી તેની આજુ બાજુ ફરે છે. ઘણી વાર બહારનો દેખાવ અને વાસ્તવિક સત્ય અલગ હોઈ શકે છે. તેથી મારા મિત્ર, ઊંડાણપૂર્વક વિચારવું અને આપણી માની લીધેલી ધારણાઓ પર પ્રશ્ન કરવો એ શાણપણનો માર્ગ છે. શું આપણે સાથે મળીને આવું અન્વેષણ કરવાનું ચાલુ રાખીએ? અંગ્રેજોના શાસન કાળમાં તમારા લોકોએ જુલમનો સામનો કર્યો હતો તે વિશે તમે વાત કરતા હતા. તો તે સમયે તમને કઈ તકલીફ પડી હતી?

હિંદુત્વવાદી : સોક્રેટિસ, અંગ્રેજોએ અમારી એકતાને તોડી. તેઓએ હિંદુઓ અને મુસ્લિમોને વિભાજિત કર્યા, અમને એકબીજાની સાથે લડાવ્યા, અને નફરતનો વારસો છોડીને ગયા, જે હજી પણ અમે ભોગવીએ છીએ.

સોક્રેટિસ : ચાલો, આપણે એના વિષે વિચારીએ. જ્યારે તમે કહો છો કે અંગ્રેજોએ ''અમને વિભાજિત કર્યા,'' ત્યારે આ વિભાજન તેમણે કેવી રીતે કર્યું? શું તમે લોકો અંગ્રેજોના આગમન પહેલાં સંપૂર્ણ રીતે સંગઠિત હતા?

હિંદુત્વવાદી : કદાચ અમે સંપૂર્ણપણે સંગઠિત ન હતા. પરંતુ, અમારી વચ્ચે થોડા-ઘણા પ્રમાણમાં સુમેળ તો હતો. અમે સદીઓથી પ્રમાણમાં શાંતિથી એકબીજા સાથે રહેતા હતા. પણ અંગ્રેજોએ 'ભાગલા



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવીને ફાચર મારી. અને અમારામાં જે થોડા-ઘણા મતભેદો હતા તેનો ફાયદો ઉઠાવ્યો.

સોક્રેટિસ : હું, તો અંગ્રેજોના આવતાં પહેલાં પણ તમારા લોકોમાં ભેદભાવ હતો. અને અંગ્રેજોએ તેનો ફાયદો ઉઠાવ્યો. તમે કયા પ્રકારના ફરક વિશે વાત કરો છો—ધાર્મિક, સાંસ્કૃતિક કે આર્થિક?

હિંદુત્વવાદી : બધે બધા! અંગ્રેજોએ ભારતના હિંદુ-મુસલમાનને લઈને બે બિલાડી અને એક વાંદરાની વાર્તા પ્રમાણે વહાલાં-દવલાંની નીતિઓ અમલમાં મૂકી. અમારામાં જે તફાવતો હતા તેને લઈને અમારા લોકોમાં દુશ્મનાવટ પેદા કરી. અને અમને એકબીજા પ્રતિ શંકાશીલ બનાવ્યા.

સોક્રેટિસ : હું સમજી શકું છું. પરંતુ મને કહો, શું અંગ્રેજોએ આ તફાવતો ઊભા કર્યા હતા? કે તેઓએ તમારા લોકોમાં પહેલેથી ચાલતા આવતા તફાવતોને ફક્ત વધાર્યા હતા? શું અંગ્રેજોના શાસન પહેલાં હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે ક્યારેક ક્યારેક તણાવ ઊભો થતો ન હતો?

હિંદુત્વવાદી : (અનિચ્છાએ) હા, ક્યારેક ક્યારેક તણાવ થતો હતો. પરંતુ અંગ્રેજોએ અમારામાં કાયમી વિભાજન કરી નાખ્યું. ઉદાહરણ તરીકે, તેઓએ અલગ મતદાર મંડળો ઊભાં કર્યાં, અને સાંપ્રદાયિક ઓળખને પ્રોત્સાહન આપ્યું.

સોક્રેટિસ : સાચી વાત છે. અંગ્રેજોએ હિંદુ અને મુસલમાનોના અલગ મતદાર મંડળો બનાવીને તમારા લોકોમાં વિભાજન કાયમી બનાવ્યું. પરંતુ ચાલો વિચાર કરીએ : આવી નીતિઓ કેમ સફળ થઈ? જો હિંદુઓ અને મુસ્લિમો ખરેખર પોતાને એક જ પ્રજા તરીકે જોતા હોત, તો શું અંગ્રેજોની આવી નીતિઓ સફળ થઈ શકી હોત?

હિંદુત્વવાદી : (ખચકાતાં) હું માનું છું કે અંગ્રેજોની સફળતા માટે કદાચ અમારા લોકોમાં પહેલેથી જ જે ફાટ-ફૂટ હતી તે કેટલેક અંશે જવાબદાર હતી. પણ અંગ્રેજોએ અમને વેરવિખેર કરી નાખ્યા !

સોક્રેટિસ : કબૂલ. તેઓએ તમારા મતભેદોને વધુ વકરાવ્યા હશે. પરંતુ આપણે આપણી પોતાની જવાબદારીમાંથી ન છટકી શકીએ. શું તમે, એક સમાજ તરીકે, આ વિભાજનનો સંગઠિત પ્રતિકાર કર્યો હતો? કે પછી તમે ક્યારેક પોતપોતાના વ્યક્તિગત અથવા સામૂહિક લાભ માટે આવા ભાગલાને સ્વીકાર્યા હતા?

હિંદુત્વવાદી : (નિસાસો નાખે છે) હું માનું છું કે અમારા કેટલાક નેતાઓ અને જૂથોએ પણ અમારી ફાટ-ફૂટમાં પોતાનો ફાયદો જોયો હતો. પરંતુ તેથી બ્રિટિશરો દોષમુક્ત નથી થતા. તેમણે અમારા લોકોમાં નફરતનાં બીજ રોપ્યાં હતાં.

સોક્રેટિસ : પણ તમે મને કહો, જો કોઈ ખેડૂત ફળદ્રુપ જમીન પર બીજ વાવે, અને તે ફળેફૂલે તો તેની જવાબદારી કોની - ખેડૂતની, જમીનની, કે બંનેની?

હિંદુત્વવાદી : કદાચ બંનેની. પરંતુ, તમે શું કહેવા માગો છો?

સોક્રેટિસ : હું એ સૂચવું છું કે અંગ્રેજોએ તો માત્ર ખેડૂતની ભૂમિકા ભજવી હતી. પણ, તમે લોકોએ તમારામાં રહેલા ભેદભાવને કારણે તેમણે રોપેલાં બીજને ફળદ્રુપ જમીન આપી.

હિંદુત્વવાદી : (વિચારીને) તમારો મતલબ છે કે માત્ર અંગ્રેજો પર દોષનો ટોપલો નાખવાને બદલે અમારે અમારા પોતાના સમાજની કમીઓને પણ જોવાની જરૂર હતી.

સોક્રેટિસ : ચોક્કસ. શાણપણ સમજણમાં રહેલું છે. હિંદુઓ અને મુસ્લિમો શા માટે અંગ્રેજોની સામ્રાજ્યશાહી સામે એક થયા નહીં? શું આપણે આપણા પોતાના પૂર્વગ્રહો, ભય, શંકા-કુશંકા વગેરે વિષે જાગૃત બનીને કંઈક શીખી શકીએ નહીં?

હિંદુત્વવાદી : (ધીમેથી માથું હલાવતાં) વાત તો સાચી છે. પરંતુ આઝાદી પછી પણ અમારું વિભાજન ઘટ્યું નથી. અમે એક-બીજા સાથે લડતા રહીએ છીએ ! શું આ અંગ્રેજોની નીતિઓનું પરિણામ નથી?

સોક્રેટિસ : આ એક વિચાર કરવા જેવો પ્રશ્ન છે. કદાચ એવું ન બની શકે કે તમારા લોકોના ભાગલા તમારા પોતાના સમાજમાંના કેટલાકના હિતમાં કામ કરતા હોય? આખરે, સત્તા મેળવવા કે ટકાવી રાખવા ઘણી વાર 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ ઘણા સત્તા-લોલુપ લોકો ઉપયોગી માનતા હોય છે. શું તમારી આઝાદી પછી હિંદુ અને મુસ્લિમ બંને કોમના નેતાઓને તમારા મતભેદો પર ભાર મૂકીને પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવાનું મુનાસિબ લાગ્યું હશે?

હિંદુત્વવાદી : (નિસાસો નાખતાં) મને લાગે છે કે તેઓએ આમ જ કર્યું છે. પરંતુ હવે અમે તેના વિશે શું કરી શકીએ? નુકસાન તો થઈ ગયું છે.

સોક્રેટિસ : સાચું, ભૂતકાળ બદલી શકાતો નથી. પરંતુ તમે મને કહો, જો પડોશીઓ વચ્ચે દીવાલ બનાવવામાં આવી હોય, તો શું દીવાલ તેના બિલ્ડરને કારણે ટકી રહે છે, કે પછી પડોશીઓ તેને તોડવાનું પસંદ જ નથી કરતા તેથી તે ટકી રહે છે?

હિંદુત્વવાદી : (શાંતિથી) પડોશીઓ તેને તોડવા માંગતા નથી માટે તે ટકી રહે છે.

સોક્રેટિસ : તો, મારા મિત્ર, શું હવે સમય નથી આવી ગયો કે ફક્ત બિલ્ડરને દોષ દેવાનું બંધ કરીને એ દીવાલ તમે જાતે જ તોડી નાખવાનું શરૂ કરો? આજે તમે લોકો તમારા વિવિધ સમુદાયો વચ્ચે વિશ્વાસ અને સમજણ વધારવા માટે શું પગલાં લઈ શકો?

હિંદુત્વવાદી : (લાંબા નિસાસા પછી) કદાચ અમારે એકબીજા પર દોષારોપણ કરવાનું બંધ કરવું જોઈએ અને પરસ્પર વાતચીત કરવાનું શરૂ કરવું જોઈએ. અમને જે પરિબળો જુદા પાડે છે તેની ઉપર ધ્યાન આપવાને બદલે અમને કયાં પરિબળો એક કરે છે તે અંગે અમારે સૌએ વિચારવું જોઈએ.

સોક્રેટિસ : મારા મિત્ર, આ એક સમજદારીની શરૂઆત છે. ચાલો આપણે બીજા મુદ્દા પર આવીએ. તમે ભારતના ભાગલા વિશે વાત કરી હતી. હું જાણું છું કે તમારા માટે ઇતિહાસની તે એક એવી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કમનસીબ ઘડી હતી જેને કારણે લાખો લોકોને હિજરત કરવી પડી હતી અને અનેકોની કતલ પણ થઈ હતી. પણ, તમે આ વિભાજનનું કારણ શું  માનો છો?

હિંદુત્વવાદી : સોક્રેટિસ, મુસ્લિમોની તેમના માટે અલગ રાષ્ટ્રની જીદ જ અમારા દેશના વિભાજનનું કારણ હતું. તેઓ અમારી સાથે શાંતિથી ન રહી શક્યા અને પાકિસ્તાનની માગણી કરીને અમારી સાથે દગો કર્યો.

સોક્રેટિસ : દગો એ એક કઠોર શબ્દ છે, મારા મિત્ર. ચાલો આપણે તેના વિષે વિચારીએ. તમારી દષ્ટિએ મુસ્લિમોએ કયાં કારણોસર અલગ રાષ્ટ્રની માંગ કરી હતી?

હિંદુત્વવાદી :  તેઓએ એવો દાવો કર્યો હતો કે તેઓ અમારી ઉપર, એટલે કે હિંદુઓ પર, વિશ્વાસ કરી શકતા નથી. અને અમારા ધર્મો અને સંસ્કૃતિ ખૂબ જ અલગ હોવાથી અમારી સાથે તેમનું સહઅસ્તિત્વ શક્ય નથી. એકતાને સ્વીકારવાનો ઇનકાર એ તેમનો શુદ્ધ સ્વાર્થ હતો.

સોક્રેટિસ : હૅં. તમે કહો છો કે એકતા સ્વીકારવાનો ઇનકાર. પરંતુ, વિચાર કરો, શું તમારો દેશ તે સમયે ભેદભાવથી મુક્ત હતો? શું હિંદુઓની જાતિપ્રથા આજે પણ લાખો લોકોને સામાજિક ભાગીદારીમાંથી બાકાત રાખતી નથી? જો હિંદુ સમાજમાં જ આવાં વિભાજન અસ્તિત્વમાં હોય, તો શું તે શક્ય નથી કે મુસલમાનોને પણ હિંદુ બહુમતી ધરાવતા રાષ્ટ્રમાં હાંસિયામાં ધકેલાઈ જવાનો ડર હોય?

હિંદુત્વવાદી : (અનિચ્છાએ) કદાચ તેઓ તેનાથી ડરતા હતા. પરંતુ તેઓ શા માટે અમારા પર વિશ્વાસ ન કરી શક્યા? તેઓ અમારી સાથે એક અવિભક્ત રાષ્ટ્રના નિર્માણ માટે કામ કરી શક્યા હોત.

સોક્રેટિસ : આ એક વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે. પણ મને કહો, મારા મિત્ર, શું બંને બાજુના બધા જ નેતાઓ - હિંદુ અને મુસ્લિમ - ખરેખર પરસ્પર વિશ્વાસ બનાવવાનું કામ કરતા હતા કે પછી કેટલાક નેતાઓ પોતાના સ્વાર્થ માટે બંને કોમો વચ્ચે અવિશ્વાસ વધારવાનું કામ કરતા હતા?

હિંદુત્વવાદી : કેમ, અમારા ગાંધીજીએ તો હિંદુ-મુસ્લિમ એકતા માટે તેમના પ્રાણની આહુતિ આપી હતી. પરંતુ, જિન્નાહ અને મુસ્લિમ લીગે શું કર્યું? શું તેઓ પોતાના સ્વાર્થ માટે અમારા દેશને વિભાજિત કરવાનું રાજકારણ નહોતા રમ્યા?

સોક્રેટિસ : હા, ઝીણા! ભારતના ભાગલાની વિભીષિકાનું તે એક મુખ્ય પાત્ર હતું તેમાં કોઈ શંકા નથી. પરંતુ ચાલો આપણે એક જ માણસનો દોષ જોવા કરતાં એમ વિચારીએ કે તેમની પાકિસ્તાનની માંગને મુસ્લિમોમાં આટલું જબરદસ્ત સમર્થન કેમ મળ્યું? શું આટલા મોટા સમુદાયને ફક્ત એક નેતાની મહત્ત્વાકાંક્ષાઓ દ્વારા ઉશ્કેરી શકાય?

હિંદુત્વવાદી : કદાચ તેમને લાગ્યું હશે કે હિંદુ બહુમતી રાષ્ટ્રમાં તેઓ તેમની ઓળખ ગુમાવશે. પરંતુ,  તેઓ એ કેમ ન જોઈ શક્યા કે અમારો કેટલો બધો ઇતિહાસ સહિયારો છે, અને અમારી સંસ્કૃતિમાં પણ કેટલી બધી સમાનતા છે?

સોક્રેટિસ : સમાન ઇતિહાસ અને સંસ્કૃતિ - ખરેખર, એકબીજાને બાંધે છે. પરંતુ મને કહો, શું કેટલાક ઐતિહાસિક ઘા એવા ન હતા જેણે વિભાજનને અનિવાર્ય બનાવવામાં કોઈ ભૂમિકા ભજવી હશે? શું બંને પક્ષના પરસ્પર ડર અને અવિશ્વાસ માટે પરસ્પર સંવાદની નિષ્ફળતા જવાબદાર ન હતી?

હિંદુત્વવાદી : (વિચારપૂર્વક) હું માનું છું કે બંને બાજુએ નિષ્ફળતાઓ હતી. પરંતુ વિભાજનથી લાખો પરિવારો નિરાશ્રિત થયા. તેમણે અપાર યાતનાઓ ભોગવી તે કેવી રીતે ન્યાયી ઠેરવી શકાય?

સોક્રેટિસ : ના, મારા મિત્ર, આવી અમાનવીય વેદનાઓ કદાપિ વાજબી ઠેરવી ન શકાય. પરંતુ શું હિંદુ અને મુસ્લિમ બંને પક્ષો લાંબા સમયથી ચાલતા આવતા તણાવને ઉકેલી ન શક્યા તેનું પરિણામ વિભાજન ન હતું? શું એવું ન બની શકે કે વિભાજન વખતે તમે જે હિંસા અને નફરત જોઈ તે આવી વણઉકેલાયેલી તંગદિલીમાંથી  ઊભો થયેલો વિસ્ફોટ હતો?

હિંદુત્વવાદી : (નિસાસો નાખીને) કદાચ એમ પણ હોય. પરંતુ શું વિભાજનથી તે તણાવ દૂર થવાનો હતો? ઊલટાનું તેના બદલે, અમારી દુશ્મનાવટ વધી. આજે પણ ભારત અને પાકિસ્તાન વચ્ચે ખૂબ જ  નફરત છે.

સોક્રેટિસ : તો પછી મારા મિત્ર, આગળનો રસ્તો શું છે? શું તમારે એકબીજા પર દોષારોપણ કરવાનું ચાલુ રાખવું જોઈએ કે ભયને બાજુ પર મૂકીને નવી આશાઓ સાથે નવી શરૂઆત કરવી જોઈએ? શું પરસ્પર સહાનુભૂતિ અને સમજણ આજે પણ, આ ઘા માટેનું  મલમ ન બની શકે?

હિંદુત્વવાદી : (શાંતિથી) જ્યારે પીડાની યાદો અસહ્ય હોય ત્યારે સહાનુભૂતિ મુશ્કેલ છે, સોક્રેટીસ.

સોક્રેટિસ : ખરેખર તે અઘરું છે, પણ અશક્ય નથી. મને કહો, મારા મિત્ર, જો આપણે એકબીજાની પીડા સમજવાની કોશિશ નહીં કરીએ તો કોણ કરશે? શું તમારી પીડાનો ઇલાજ એકબીજાનો દોષ જોવાને બદલે બંને બાજુએ માનવીય દષ્ટિકોણ અપનાવવાથી ન મળી શકે?

હિંદુત્વવાદી : (લાંબા વિરામ પછી) કદાચ. પરંતુ તે માટે ઘણો સમય લાગશે. ઘા બહુ ઊંડા છે. ભારત અને પાકિસ્તાનના ભાગલા પછી પણ ભારતમાં વારે તહેવારે હુલ્લડો થતાં રહે છે. અમારા દેશમાં સાંપ્રદાયિક હિંસાનો લાંબો ઇતિહાસ છે.

સોક્રેટિસ : મારા મિત્ર, તમે તમારા વતનમાં થતી સાંપ્રદાયિક હિંસાથી આટલા બધા પરેશાન કેમ છો?

હિંદુત્વવાદી : સોક્રેટીસ, આ રમખાણો એ બતાવે છે કે મુસ્લિમો હંમેશા અમારા માટે જોખમી રહ્યા છે. તેઓ અમને ઉશ્કેરે છે, અમારા

(જુઓ પાન નં. ૨૨)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પ્રાચીન જ્ઞાન વિશે શ્રીઅરવિંદ

૧૯૧૪થી '૨૧ દરમ્યાન 'આર્ય' સામયિકમાં શ્રીઅરવિંદે જે લેખો લખ્યા તેમાં 'માનવવિકાસચક્ર' અને 'વેદનું રહસ્ય', એમાં પ્રાચીન જ્ઞાન એ સમયની માનવજાતિમાં તેના યુગ, મંત્રો અને જીવનમાં મનીષીઓનું જ્ઞાન આંતરિક અને અંતર્ભૂત હતું એમ શ્રીઅરવિંદ માને છે. વેદના ઋષિઓને જે ઉપમા, રૂપકો અને દૃષ્ટાંતો પોતાના ઉદ્‌ગારો અને મંત્રોમાં આપ્યાં છે તે 'પ્રતીકાત્મક' હતાં. તેમાં છૂપું તાત્ત્વિક ચિંતન રહ્યું છે. વેદ શબ્દ વિવિધ ભાષામાં જ્ઞાનને રજૂ કરે છે. વૈદિક સાહિત્યમાં ઋષિઓની પ્રતીતિ રહી છે. પછીથી જે 'ધર્મ' તરીકે વિકાસ પામ્યો તે એ સમયના ઋષિમુનિઓ, મનીષીઓ, દૃષ્ટા, કવિઓ અને જ્ઞાતાઓએ પોતાની વિવિધ અનુભૂતિઓને 'વાણી' 'રૂપકો' અને 'મનન' દ્વારા વ્યક્ત કરેલ છે. ઇજિપ્તમાં આ જ્ઞાન રાજાઓના (ફેરેઓહ) મૃત્યુના બનાવોમાંથી સર્જાયું.

રાજાઓનાં મૃત શરીરોને વિવિધ રીતે સાચવી રાખવામાં આવતાં હતાં. તેને 'મમી' કહેવામાં આવતાં હતાં. પ્રાચીન પિરામીડોની નીચે આ મમીઓને ખાદ્ય પદાર્થો, વલ્કલો અને બનાવટની ચીજો દ્વારા જાળવવામાં આવતાં હતાં. બેબીલોનમાં કાયદાનું જ્ઞાન કોઈ દેવી દ્વારા રાજાને આપવામાં આવ્યું, એમ માનવામાં આવતું હતું. ભારત, ગ્રીસ અને ચીનમાં આ જ્ઞાન સૂત્રાત્મક હતું. થેલીસ, હિરાકલાઇટ્સ અને એનેકસાગોરાસે તાત્ત્વિક સૂત્રો રજૂ કર્યાં હતાં. ભારતના વેદ, બ્રાહ્મણો, અને ઉપનિષદોમાં વિવિધ નામ, ઉપમા, અલંકાર અને રૂપકો દ્વારા નિરૂપવામાં આવતું હતું.

પરમ સત્ય આંતરિક પ્રજ્ઞા દ્વારા પ્રાપ્ત કર્યું હોવાથી ઋષિમુનિઓએ શરીર, પ્રાણતત્ત્વ, મન અને સંકલ્પનાં સર્વાંગી માધ્યમો દ્વારા અનુભવી શકાય એ રીતે વિવિધ નામો, પદાર્થો અને વિષયોને વર્ણવ્યાં છે. ઉદાહરણ તરીકે ઋગ્વેદમાં મુખ્ય બે દેવ વિશે વધુ કહેવામાં આવ્યું છે અને તેમને ઉદ્દેશીને મંત્રો રજૂ કરવામાં આવ્યા છે, અગ્નિ અને ઇન્દ્ર. પરંતુ અગ્નિ એટલે શું ? શું તે બાહ્ય પ્રત્યક્ષ અગ્નિ છે ? અગ્નિ એ મનુષ્યની ઊર્ધ્વતત્ત્વ પ્રત્યેની અભીપ્સા છે. તે મનુષ્યમાં રહેલું આત્મતત્ત્વ છે. એ રીતે ઇન્દ્ર એ કોઈ આકાશનો દેવ કે રંજાડનાર પુરુષ નથી પરંતુ મનુષ્યનાં સંકલ્પ-ઇચ્છા-દઢતત્ત્વ છે. આમ છતાં સામાન્ય લોકો અગ્નિને પ્રાકૃતિક દેવ સમજીને યજ્ઞમાં તેને પૂજે છે અને પછીના સૈકાઓમાં બલિદાન આપવામાં આવતાં હતાં. પરંતુ અગ્નિનું પૂજન વાસ્તવમાં મનુષ્યના આત્મતત્ત્વ પ્રત્યેનું અંતર્ધ્યાન છે.

યજ્ઞ એ વિધિ બની ગઈ. ઋષિઓ સવારે અને સાંજે યજ્ઞ પ્રજ્વલિત કરતા હતા. વર્તમાન સમયમાં ગુરુકુલોમાં યજ્ઞો યોજવામાં આવે છે. ત્યારબાદ શ્રૌત અને સ્માર્ત યજ્ઞો કરવામાં આવતા. રાજસૂય, અશ્વમેધ અને વિષ્ણુયાગ એ તેના વિવિધ પ્રકારો છે. શ્રીઅરવિંદ વેદમાં જે દેવદેવીનાં નામ, શબ્દો અને વાસ્તવિક વિષયોનો ઉપયોગ થયો છે તેમનો કોઈ યજ્ઞવિધિપરક અર્થ કરતા નથી પરંતુ તેમની મૂળ ધાતુને લઈને મનુષ્યમાં ચિત્ત, માનસિકકરણ, સાધન અને આંતરિક મનોવ્યાપારોની સાથે સંબંધિત કરે છે. આરંભમાં જે 'अग्निमिळे पुरोहितम्' કહેવાયું છે તે આંતરિક 'અગ્નિ'ને ઉદ્દેશીને મનુષ્ય વંદન કરે છે. હોતા, ઉદ્‌ગાતા, પુરોહિત એ અગ્નિને કેન્દ્રમાં રાખીને 'ઇડ' પૂજે છે. અગ્નિશિખા, જ્યોતિ અને મનની ઉષા સાથે તેને સંબંધ છે તેમ માનીને તેનો અર્થ કરે છે.

**દેવ અને માનસિક કારણો**

એ સમયના જ્ઞાની મનુષ્યો માનવજાતિના સામાન્ય સંસ્કારો તથા દૈનિક ક્રિયાઓને અગોચર જ્ઞાન માટે આંતરિક અનુભૂતિ પર અને અંતર-દર્શનોનાં સૂચનોથી પૂર્ણ મન અને તેના વિવિધ વ્યાપારો પર આધાર રાખતા હતા. એ સાચું છે કે એ સંસ્કૃતિનો આરંભકાળ હતો પરંતુ શ્રીઅરવિંદ માને છે કે આરંભકાળમાં મનીષીઓને તેનું પૂર્ણજ્ઞાન રૂપરેખામાં ઉપલબ્ધ હોય છે. પ્રાકૃતિક મનુષ્ય ભલે તેને પોતાની અપૂર્ણ સમજૂતી પ્રમાણે રજૂ કરે તેમ છતાં જેને પ્રતીતિ હોય છે તે તેનો અર્થ ઊર્ધ્વ રીતે સમજીને કરે છે. તેમનો હેતુ ઊર્ધ્વપ્રકાશ પ્રાપ્ત કરવાનો હતો, તાર્કિક નિશ્ચય નહિ. તેમનો આદર્શ આંતરપ્રેરણાવાળો ઋષિ હતો, ચોક્કસ તર્કો કરતો ન્યાયશાસ્ત્રી નહિ.

શ્રીઅરવિંદ પોતાના આત્મકથનાત્મક લખાણમાં જણાવે છે કે વૈદિક મંત્રોનો 'આકસ્મિક અભ્યાસ' કરતાં આ મંત્રો આંતરિક અનુભૂતિઓને સ્પર્શે છે. તે કેવળ પ્રકૃતિના દેવો નથી પરંતુ એ મનના, જ્ઞાનના, વિશ્વના, જગતની સર્જનક્રિયાના કર્તાઓ અને અધ્યક્ષ છે એમ જણાય છે. વેદનાં રૂપકો, દેવના આંતરિક સંબંધો એ ઊંડી સોનાની ખાણ સમાન છે અને મનુષ્યે આ મંત્રોના અર્થોનું ઊંડું સંશોધન કરવું જોઈએ એમ એ સમજે છે. તેમાં જે મિત્ર, વરુણ, ભગ, આર્યમાન, ઇન્દ્ર વિશે કહેવામાં આવ્યું છે એ કેવળ ભાષાનાં નામો નથી પરંતુ જગતની સત્તાનું પ્રતિનિધિત્વ કરતા સત્‌તત્ત્વના અંશો છે. ઈલા, સરસ્વતી અને સરમા એ કેવળ સ્ત્રીઓનાં નામ નથી પરંતુ તે આંતરિક ચિત્તની મનની અવસ્થા અને પ્રજ્ઞાવસ્થા દર્શાવે છે. પ્રેરણા, અંતઃસ્ફુરણા અને અંતઃશક્તિઓને નિર્દેશે છે. આ ઉપરાંત વેદમાં ગાય, અશ્વ, નદી, પર્વતો, ખીણ, આકાશ, રાત્રિ, દિવસ, વર્ષા, ઉષા અને વાદળાઓનાં વર્ણનો મળે છે તે શું દર્શાવે છે ? આ વર્ણનોની ભીતરમાં મનુષ્યના ચિત્તના ભાવ, તેના વિચારો, સંકલ્પ, જગતનો પ્રકાશ, સૃષ્ટિ, તેનાં ભૌતિક અને ચૈતસિક તત્ત્વો તેમના મનના સ્થાયીભાવો રહ્યાં છે. આમાં માત્ર પ્રકૃતિવર્ણન આલેખવામાં આવ્યું નથી પરંતુ મનુષ્યનું આંતરિક પ્રાણલક્ષી માનસ અને ચૈતસિક જીવનના વ્યાપારો રજૂ કરવામાં આવ્યા છે.

અમુક વિદ્વાનો એવી દલીલ કરે છે કે ઋગ્વેદના ઋષિઓ ચિત્ત અને આધ્યાત્મિક પ્રતીતિ વિશે કેમ કહી શકે ? એ પ્રાથમિક અને પ્રાચીન જીવન જીવતા હતા. તેમના સંસ્કારો, તેમનું જ્ઞાન અને તેમનો વિકાસ હજુ પ્રારંભિક અવસ્થામાં હતાં. તેમને પૂર્ણત્વ, પરમતત્ત્વ, જીવન અને આધ્યાત્મિક અવસ્થાનો ખ્યાલ આવવો સંભવિત નથી. વિદ્વાનો એમ માને છે કે મનુષ્યની સંસ્કૃતિ અને સંસ્કાર અમુક સોપાનોમાં વિકાસ પામે છે. તે અચાનક નૈતિક, ધાર્મિક કે આધ્યાત્મિક પ્રગતિ કરે તે નવાઈભર્યું છે. પરંતુ શ્રીઅરવિંદ આ માન્યતાને નકારે છે. પ્રાચીન ઋષિઓ કેવળ 'કવિઓ' નહોતા પરંતુ તે વ્યાપક અર્થમાં ઋષિઓ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

હતા. તેમની પાસે 'ગૂઢ' જ્ઞાન હતું. તે અમુકને આપવામાં આવતું હતું. એ વિચાર-વાણી દ્વારા માર્ગદર્શક શબ્દોને વ્યક્ત કરે છે અને તે શબ્દો 'ગૂઢ શબ્દો' એમ કહે છે, તે કવિજ્ઞાન પોતાનો અંતરઅર્થ પ્રગટ કરે છે.

વેદના શબ્દ તથા વિચાર ઊર્ધ્વની ભૂમિકાઓના છે. વેદના શબ્દને વાણીનું પરમ ઉચ્ચતમ શિખર કહ્યો છે. તેમનાં ઉદ્‌ગારો, મંત્રો અને વર્ણનોમાં મનુષ્યના આંતરિક જીવનનાં પ્રતિબિંબો હતાં. એમ માનવામાં આવે છે કે મનુષ્ય પ્રથમ ભૌતિક, શારીરિક, પ્રાણલક્ષી અને ત્યારબાદ માનસિક, ધાર્મિક અને આધ્યાત્મિક જીવનની પ્રેરણા મેળવે છે. પરંતુ આ ખોટી માન્યતા છે. મનુષ્ય સ્વયં અનુભૂતિ પ્રાપ્ત કરતું પ્રાણી છે અને પ્રેરણાલક્ષી જીવન આરંભથી જીવી શકે છે. પ્રકૃતિએ ભારતમાં એટલી સુવિધાઓ આપી હતી કે તેના મનીષીઓ આરંભથી ચિંતન અને ધાર્મિક જીવન જીવતા હતા. સામાન્ય રીતે લોકો અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ વિકાસ કરે છે. પરંતુ વૈદિક જ્ઞાનની બાબતમાં તેમના ઉદ્‌ગાતાઓને આ રહસ્યમય જ્ઞાન હતું અને તેને તેઓ ઉપમા, રૂપકો, નામ, વિશેષણ અને પ્રકૃતિ દ્વારા વર્ણવતા હતા.

વૈદિક મંત્રોનાં બાહ્ય રીતે જોતાં પ્રકૃતિપરક વર્ણન અને નિર્દેશ છે પરંતુ તે તેનો હાર્દિક અર્થ નથી. જેમ કે ઇન્દ્રનો અર્થ આકાશનો દેવ, વર્ષાનો દેવ, કોઈ આક્રમણ કરતો અધિષ્ઠાતા દેવ જ નથી પરંતુ તે મનોવૈજ્ઞાનિક સંકલ્પ, દઢતા અને ઇચ્છાશક્તિ દર્શાવે છે. જો તેમ કરવામાં આવે તો તે વધુ યોગ્ય જણાય છે. અલબત્ત, મંત્રોનો આંતરિક અર્થ તે 'ગૂઢ' છે તેથી શ્રીઅરવિંદ તેને વેદનું 'રહસ્ય' કહે છે. તે સામાન્ય લોકો, સાધારણ અર્થની રીતે સમજતા નથી. પછીથી ઋગ્વેદમાં કહેવામાં આવ્યું કે પ્રકૃતિ એ પુરુષ સમક્ષ આંતરિક રીતે જ પ્રગટ થાય છે તેમ આ મંત્રો તેના 'કવિ' સમક્ષ આંતરિક સાક્ષી, ચિત્ત સમક્ષ પ્રગટ થાય છે. એ સમયના વૈદિક સમાજમાં એવો એક વર્ગ હતો જે આ સામાન્ય પ્રાકૃતિક અર્થને સમજવા આતુર હતો. પરંતુ એવો પણ એક વર્ગ હતો જે આ 'રહસ્ય'ને સમજતો હતો.

જે 'કવિ'ઓ અને જ્ઞાનીઓ હતા. તે મંત્રના રહસ્યપરક અર્થને ધ્યાનમાં લેતા હતા. ઋગ્વેદના છઠ્ઠા મંડળના નવમા સૂક્તમાં આ અંગેનો મંત્ર છે જે કહે છે, ''स इत तन्तुम् स वि जानात्योतुम् स वक्तवान्यृतुषा वदति । य इ चिकेतदमृतस्य गोपा अवश्चरन् परो अन्येन पश्यन ।।3।।'' જે વણવાની કળા અને સેતુ સમજે છે, અમરતાને રક્ષણ આપીને સત્ય રજૂ કરે છે, યોગ્ય સમજશક્તિથી ઊર્ધ્વ બાબતને સમજે છે તે નિશ્ચિતતાથી જાણે છે. આ ઉપરાંત પહેલા મંડળમાં ૧૬૪મા સૂક્તમાં કહેવામાં આવ્યું છે, ''ऋचो अक्षरे परमे व्योमन् यस्मिन् देवा अपि विश्वे निषेदुः । यस्तन्न वेद किमृचा करिष्यति य इत् तद् विदुस्त इमे समासते ।।39।'' ઋક્‌ને માત્ર ઉપરછલ્લી શી રીતે જોવાનું છે જે તેને અંતર દ્વારા ઓળખતો નથી. જે જાણે છે તે સાથે બેસે છે અને સમજે છે. 'બ્રાહ્મણ' એ સંહિતાના બાહ્ય અર્થને રજૂ કરે છે એમ સમજી શકાય. ઉપનિષદો તેના આંતરિક અર્થને સ્પષ્ટ કરે છે એમ જોઈ શકાય છે, તે દૃષ્ટિબિંદુ છે.

**રૂપક અને ભાષા**

ઉપનિષદોનાં રૂપકો, સાદૃશ્યો અને ઉપમાઓનો ઉગમ ઋગ્વેદની સંહિતાની આંતરિક ચિત્તઅવસ્થામાં જોઈ શકાય છે. ઋગ્વેદમાં જે પ્રતીકો તરીકે દેવ, દેવી કે અન્ય કલ્પનોમાં છે તેને વિસ્તારથી કેટલાંક ઉપનિદોમાં આલેખિત કરવામાં આવ્યાં છે. તેમાં તાર્કિક આધારોથી કહેવામાં આવ્યું નથી. પરંતુ હૃદયના અને પ્રતીતિના રહસ્યમય મંત્રો છે. વૈદિક સાહિત્યમાં એકરૂપતા અને સાતત્ય છે.

ઋગ્વેદની સંહિતાના મંત્રોમાં જે ધાતુ છે તેમાં તેના એક કરતાં વધુ અર્થ થાય છે. તેને લીધે તેની સમૃદ્ધિ વધે છે. ઉદાહરણ તરીકે 'ધૃત', 'ગો' ના એક કરતાં વધુ અર્થ સંભવે છે. ગો એ ગાય છે, તે ઇન્દ્રિય છે, તે પ્રકાશનું કિરણ છે. એ રીતે 'અશ્વ'નો અર્થ ઘોડો, આનંદ, શક્તિ, સિદ્ધિ એમ પણ થાય છે. 'गम्' નો અર્થ ભૌતિક તેમ આધ્યાત્મિક ગતિ એમ બંને થાય છે. 'ઉષા'નો સવારનો સમય, ઉષઃકાળ અર્થ છે તેમ સર્જનશીલતા, વૈશ્વિક આરંભ પણ થાય છે. મંત્રોની ભાષા અંગે શ્રીઅરવિંદ એમ માને છે કે 'ક્રિયાપદો' પ્રથમ આવ્યાં છે, તેથી શબ્દોનો અર્થ તેની ધાતુ મુજબ લેવો જોઈએ. જેમ કે 'અદિતિ' તે દિત્ એટલે ભાંગવું. જે વિભાજિત કરી શકાતું નથી તે અદિતિ છે. તેના પુત્રો પછીથી આદિત્ય કહેવાયા. તેથી શબ્દોનો અર્થ તેની ધાતુ મુજબ લેવો જોઈએ તો તે વધુ યોગ્ય અને સુસંગત જણાય છે. આ બાબત સાહિત્ય અને ભાષાના બંધારણમાં વિવાદાસ્પદ બની છે. તેમાં અરવિંદ વૈદિક સાહિત્યમાં દ્રવ્યરૂપ (સબ્સ્ટેન્ટીવ્ઝ) શબ્દો પહેલાં તેની ધાતુઓ છે તેથી તેના યોગ્ય અર્થમાં તે વધુ સર્વદેશી છે.

આ રીતે 'અશ્વ'નો અર્થ ઘોડો ન કરતાં 'શક્તિ' કરવામાં આવે છે. તેમ તે વધુ ઉચિત જણાય છે. 'વૃક'નો અર્થ વરુ ન કરતાં તે જેને છેદે છે, તોડે છે તેમ કરવો જોઈએ. આમ કરવાથી તેને વધુ સ્વદેશી અને વ્યાપક ક્ષેત્ર પ્રાપ્ત થાય છે અને સંદર્ભ સાથે તે બંધબેસતું બને છે.

વેદને સમજાવતી વિવિધ પદ્ધતિઓને આલેખ્યા પછી શ્રીઅરવિંદ અગ્નિના પ્રતીકને સ્પષ્ટ કરતાં કહે છે કે તે 'દિવ્ય પ્રજ્ઞા દ્વારા પ્રેરિત દિવ્ય સંકલ્પ છે, તે સાથે તાદાત્મ્ય સાધે છે અને ઋત-ચેતનાશક્તિને ક્રિયાન્વિત કરે છે.'[૧] ઋત-ચેતનાનો અર્થ એ પરમતત્ત્વની ચેતના, તેનો સિદ્ધાંત અને જે શક્તિ દ્વારા તે આવિર્ભૂત થાય છે. વેદમાં 'कविक्रतुः' અગ્નિને વર્ણવાયો છે. મનુષ્યની અભીપ્સા હોવા ઉપરાંત ઋષિનો સંકલ્પ-પ્રભાવ રહ્યો છે. ઋષિ સ્વયં સત્‌તત્ત્વ છે અને તેનો સંકલ્પ-પ્રભાવ સત્યની ચેતનાનો પ્રભાવ છે. 'મધુચ્છન્દસ્'ના મંત્રોમાં પણ સત્યને વર્ણવાયું છે. 'चित्रश्वस् तमः' એમ કહીને જ્ઞાન અને ડહાપણના શબ્દો વાપરવામાં આવ્યા છે અને વિપુલ રીતે વર્ણવાયું છે. તેને આ રીતે ''अग्निर्होता कविक्रतुः सत्यश्चित्रश्वस्तमः ।'' (ઋગ્વેદ૧.૧.૫) અગ્નિ માટે 'હોતા' શબ્દ વાપરવામાં આવ્યો છે તેથી તે સત્યની શક્તિ તરીકે ક્રિયાશીલ છે. વેદના ઋષિ અગ્નિને મનુષ્યના હૃદય તરીકે પણ વાપરે છે. તેને વૈશ્વિક સ્તર પર પણ નિર્દેશિત કરે છે. અગ્નિતત્ત્વનો શ્રીઅરવિંદ તાત્ત્વિક સિદ્ધાંત તરીકે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

- એ પરમતત્ત્વ છે જે જગતમાં શક્તિ દ્વારા આવિર્ભૂત થાય છે. તે ઊર્ધ્વની શિખા તરીકે પણ નિર્દેશિત થાય છે. ઋગ્વેદમાં 'અગ્નિને' ઘરમાં રાખવામાં આવતા અગ્નિ તરીકે પણ પ્રયોજવામાં આવ્યો છે. ઘરના અગ્નિને શ્રીઅરવિંદ ઋતતત્ત્વ તરીકે પ્રયોજે છે, જે ઋત-ચેતના છે અને સ્વયં અગ્નિતત્ત્વ છે. પ્રથમ મંડળમાં પંચોતેરમાં સૂક્તમાં તે ''यजा नो मित्रावरुणा यजा देवां ऋतं बृहत् । अग्ने यक्षि स्वं दमम् ।। (1.76.6) ऋतम् बृहत्'' અને સ્વમ્ દમમ્ એ સાથે પ્રયોજેલ છે તેથી તેનો અર્થ ચેતનતત્ત્વ તરીકે લેવામાં આવ્યો છે.

## મિત્ર, વરુણ અને દેવો

ત્યારબાદ 'મિત્ર' અને 'વરુણ'ના અર્થો શ્રીઅરવિંદ પ્રતીકાત્મક લે છે. પશ્ચિમના કેટલાક વિદ્વાનો 'મિત્ર'ને સૂર્ય તરીકે સમજે છે, ત્યારે શ્રીઅરવિંદ 'મિત્ર'નો અર્થ આનંદ, સંવાદિતા અને પ્રેમ તરીકે લે છે.[૨] વરુણને આકાશના દેવ કે સમુદ્રના દેવ તરીકે ન લેતાં શ્રીઅરવિંદ તેને સૂર્યના પ્રતીક તરીકે લે છે. તેને શુદ્ધિ અને વ્યાપકતાના પ્રતીક તરીકે પણ લે છે. પ્રથમ મંડળના બીજા સૂક્તમાં મિત્રને 'પૂતદક્ષ' અને વરુણને તેમાં 'રિશાદશમ્' તરીકે વર્ણવાયા છે. રિશાદશ એટલે શ્રીઅરવિંદ 'શત્રુના વિનાશક' તરીકે સમજે છે. બુદ્ધિ એ સંપૂર્ણ રીતે ચેતનતત્ત્વનું સાધન બને. તેમાં વિઘ્ન તરીકે જે રહે છે તે 'વરુણ' છે. સત્યને જે વિહ્વળ કરી મૂકે છે અને તેના દર્પણ દ્વારા જે તેનું સ્પષ્ટ ચિત્ત ઊપસવામાં દખલ કરે છે તેમાં વરુણ તેને મુક્ત કરે છે.[૩] આ વિઘ્નોમાં 'દસ્યુ' અને 'વૃત્ર' પણ કાર્ય કરે છે, એમ શ્રીઅરવિંદ કહે છે. આ નિષેધક પરિબળોને દૂર કરવામાં વરુણ સંવાદિતા લાવવાનો વિધેયાત્મક ભાગ ભજવે છે. મિત્ર તેને સહાયભૂત થાય છે.

ત્યારબાદ 'અશ્વિન' વિશે શ્રી અરવિંદ કહે છે કે તે કેવળ 'વૈદ્ય' નથી પરંતુ 'દિવ્ય શક્તિ' જેનું વિશિષ્ટ કાર્ય પ્રાણલક્ષી અને સ્નાયુજન્ય શરીરનું રક્ષણ કરવાનું છે.[૪] એ તત્ત્વ શરીરમાં ક્રિયાશીલ છે. અશ્વિનને કેટલીક વખત દિવસ અને રાત્રિ, સ્વર્ગ અને પૃથ્વી, અમુક વખતે વૈદ્ય તરીકે સમજવામાં આવ્યા છે. પરંતુ એ પ્રાણલક્ષી શક્તિનું રક્ષણ કરે છે અને સતતપણે ક્રિયાશીલ રહ્યા છે તેમ સમજવું જરૂરી છે. 'સરસ્વતી'ને શ્રીઅરવિંદ વિદ્યાની દેવી તરીકે સમજે છે. તે નદી છે અને વર્તમાન સમયમાં અંતરિક્ષનાં સાધનો દ્વારા પશ્ચિમ ભારતમાં તે નદી હતી જે પછીથી લુપ્તપ્રાય થઈ તે શોધાયું છે. તે માતૃશક્તિ છે. તે શિક્ષણ અને વિદ્યાની માતા છે. ગ્રીસમાં 'મ્યુઝીસ'ને માતૃશક્તિ લેખવામાં આવી છે. તેને નદી પણ લેખવામાં આવી છે. જેમ અશ્વ પોતાના પગની ખરી દ્વારા જમીનને ખોદે છે તેમ તે જમીનને ખોદીને પાણીને બહાર કાઢે છે. તે એક મનોવૈજ્ઞાનિક કલ્પન છે. ઋગ્વેદમાં અશ્વિન ઘોડાની ખરી દ્વારા પાણીને જન્મ આપે છે તેમાં 'સુરા' રહી છે.[૫]

સરસ્વતીને પ્રેરણા સાથે સાંકળી છે તે 'સપ્તસિંધવ'ના પ્રશ્નને ઉકેલવામાં મદદરૂપ થાય છે. 'સાત' સંખ્યા દર્શાવવામાં આવે છે તે માનવ-ચેતનાના સાત સ્તરો રહ્યા છે તેનો નિર્દેશ કરે છે. શ્રી અરવિંદ આ સંદર્ભમાં કહે છે કે ''સાત નદીઓ એ સત્તત્ત્વનો માનવચેતના સાથે સાત સ્તરોનો સંબંધ છે તેનો સંકેત આપે છે. સાત જગત સાથે પણ તે સંબંધિત છે તેમ પુરાણોમાં કહેવાયું છે.''[૬] સરસ્વતી આખરે સમુદ્રને મળે છે. તે આખરે માનવચેતના વ્યાપક વૈશ્વિક ચૈતન્યમાં ભળે છે તેનો સંકેત આપે છે. આ ઉપરાંત ઉષા, દિવસ, અંધકાર વિશે એમ કહેવામાં આવે છે કે ઉષા અને પ્રકાશ એ ભૌતિક ઉષા કે અંધકાર નથી પરંતુ તે મનુષ્યના મન અને અંતરતત્ત્વ સાથે સંકળાયેલ છે. એમ કહેવામાં આવે છે કે ઋષિઓ યજ્ઞ કરતા હતા તેથી સવારની, પ્રકાશની અને દિવસ લાંબો થાય તેની અપેક્ષા રાખતા હતા. પરંતુ શ્રીઅરવિંદ તેને માનસિક પ્રકાશ અને ઉષા સાથે સંકળાયેલ છે તેમ માને છે.[૭] ઉષાના સંદર્ભમાં શ્રીઅરવિંદ લખે છે કે ''તે સત્યને લાવે છે. તે સ્વયં સત્યનો પ્રકાશ છે. તે દિવ્ય ઉષા છે અને ભૌતિક ઉષા તે દિવ્ય ઉષાનો પડછાયો છે અને ભૌતિક વિશ્વમાં તેનું પ્રતીક છે.''[૮] અદિતિ અને ઋત સાથે ઉષાને વારંવાર સાંકળવામાં આવે છે. અદિતિ એ દેવોની માતા છે અને ઉષાની પણ માત છે. ''माता देवनामदितेरनीकम् ।'' (૧.૧૧૩.૧૯) એ સત્યના માર્ગને અસરકારક રીતે અનુસરે છે. ''ऋतस्य पन्थामन्वेति साधु ।'' (૧.૧૨૪.૩) એ દર્શાવે છે કે તેનો સંબંધ સત્ય સાથે પણ રહ્યો છે. ઉષાને યજ્ઞ સાથે કે પાણીના માર્ગ સાથે સંબંધ છે તેમ અર્થઘટન કરવું તે યોગ્ય નથી.

ત્યારબાદ ઋગ્વેદમાં કેટલાંક રૂપકો આપવામાં આવ્યાં છે તેમાં અંગિરસનું રૂપક શ્રીઅરવિંદ સમજાવે છે. તેમાં કેટલાક દેવ, દેવીઓનાં નામો સામેલ છે. જેવાં કે ઇન્દ્ર, બૃહસ્પતિ, અશ્વિન, સોમ, વાયુ, અગ્નિ, પૂષન્, ઉષા અને સરસ્વતી. ઋષિ પોતાની ગાયો ચોરાઈ ગઈ છે અને તેને શોધવા નીકળે છે. તેને ખબર પડે છે કે વૃત્રે અને પાનીએ તેમની ગાયો ચોરી છે અને કોઈ ગુફામાં સંતાડી છે. એ ઇંદ્રને વિનંતી કરે છે કે તેમને મદદ કરવી અને વૃત્ર પાસેથી ગાયોને છોડાવવી. વૃત્ર વિરોધીઓ છે. એ ઋષિને યજ્ઞ કરવા દેતા નથી. પર્વતોમાં ગાયોને સંતાડી છે. આ રૂપક શું સૂચવે છે. શું એવું ખરેખર બન્યું છે ? સરમા નામની સ્વર્ગની કૂતરી આવે છે અને તે ગુફામાં જઈને ગાયોને છોડાવે છે.

કેટલાક વિદ્વાનો આ રૂપકને ઐતિહાસિક સંદર્ભમાં સમજવા પ્રયત્ન કરે છે. આર્ય અને બિન-આર્યન લોકો વચ્ચે યુદ્ધનું વાતાવરણ છે તેથી બિન-આર્યન લોકો આ ગાયોને ચોરી જાય છે. આર્યો ઇન્દ્રની મદદ લે છે અને ગાયોને છોડાવવા કોશિશ કરે છે. જે નવા આગંતુકો રહેવા આવ્યા તેમના માટે ગાયોને છોડાવવી અને દ્રવિડો પાસેથી લેવી તે પ્રશ્ન બની ગયો. સવિશેષ કરીને આ નવા પ્રદેશ સાથે આર્યો પરિચિત નહોતા. આ નિઃસહાયતાને લીધે આર્યો દેવોને પ્રાર્થના કરે છે અને ગાયોને શી રીતે છોડાવવી તે માટે આજીજી કરવા લાગે છે.

(સાભાર - 'સ્વાધ્યાય')

સંદર્ભ : ૧. શ્રીઅરવિંદ ઓન વેદ, પોંડિચેરી, ૧૯૫૬, પૃ.૭૬, ૨. એજન, ૮૮, ૩. એજન, ૮૭, ૪. શ્રીઅરવિંદ, ઓન વેદ, ૯૪, ૫. कारोतराच्छफादशवस्य वृष्णः शतं । कुम्भां असिञ्चतं सुरायाः ।। (૧.૧૧૬.૭), ૬. શ્રીઅરવિંદ, ઓન વેદ. પૃ.૧૧૩, ૭. એજન, પૃ.૧૪૯, ૮. એજન, પૃ.૧૫૦

(વધુ આવતા અંકે....)

**- હરસિદ્ધ મ. જોષી**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org




# અમૃતત્વ પામવાની યાત્રા : 'પ્રસંગોનું પંચામૃત'

**સા**હિત્યનાં અનેક સ્વરૂપ હોય છે. નવલકથા, નવલિકા, લઘુકથા, વાર્તા, આત્મકથા, જીવનકથા, વિવેચન, ચરિત્રલેખન, નિબંધ, કવિતા વગેરે. દરેક પ્રકારનું આગવું સ્થાન મૂલ્ય છે. પણ માનવ - અંતઃકરણનાં ચારેય ઘટક મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને જાગૃત-સભાન કરી તેને વિધાયક, સર્જનાત્મક દિશા તરફ દોરી જનાર છે, પ્રસંગ, ચરિત્રલેખ. સ્કોટલેન્ડની સન્નારી એઈલીન કેડીએ ૧૯૫૩માં પરમાત્માના પ્રેમ, આનંદ અને કૃતજ્ઞતાના સૂર રેલાવતા શાંત સંદેશા સાંભળ્યા. તેને અંતરમાં ઝીલ્યા, આત્મસાત્ કર્યા. તેમાંથી આધ્યાત્મિક દર્શન અને સત્યનો ઉઘાડ કરતું તેમનું પુસ્તક પ્રાપ્ત થયું 'ઓપનિંગ ડોર્સ વિધિન'. ઈશા કુંદનિકાએ તેનો ભાવાનુવાદ કર્યો છે. 'ઊઘડતાં દ્વાર અંતરનાં'. કદમાં નાનું પણ વૈચારિક દૃષ્ટિએ વિરાટ આ પુસ્તકે લાખો જિજ્ઞાસુઓને આત્માના અવાજ અનુસાર જીવન જીવવાની જડીબુટ્ટિ આપી છે.

આ પ્રકારના પ્રસંગરંગ દ્વારા પ્રેરણાનાં પીયૂષ પાનાર કેટલાક લેખકોથી આપણે પરિચિત છીએ - સ્વામી સચ્ચીદાનંદજી, કુંદનિકા કાપડિયા, મકરંદ દવે, હરેશ ધોળકિયા, રણછોડ શાહ વગેરે. આ શ્રેણીમાં આજે આપણને સહેતુક યાદ કરવા છે પીઢ પત્રકાર, લેખક, ચિંતક, ગુજરાત પુસ્તકાલય મંડળના પૂર્વ અધ્યક્ષ અવિનાશભાઈ મણિયારને (સંપર્ક : ૯૨૨૮૮૮૫૪૪૩). જેમણે તાજેતરમાં એક મનનીય પુસ્તકની રસિક વાચકોને ભેટ આપી છે 'પ્રસંગોનું પંચામૃત', પેઈજ-૧૦૦, કિંમત રૂ. ૧૧૧/-. પ્રકાશક : શ્રીરામ પ્રકાશન, વડોદરા.

એકીશ્વાસે આચમન કરી શકાય તેવા આ પુસ્તકમાં પૂર્વ અને પશ્ચિમનાં વિવિધ ક્ષેત્રના વૈશ્વિકસ્તરે ઐતિહાસિક ૭૦થી વધુ વ્યક્તિત્વો, દાર્શનિકો, લેખકો, કવિઓ, ચિંતકો, રાજપુરુષો, વૈજ્ઞાનિકોના સંક્ષિપ્ત ચિંતનીય પ્રસંગો રજૂ થયા છે. દા.ત. ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ, ભગવાન બાહુબલી, રાજા જનક, સ્વામી રામદાસ, સ્વામી નિષ્કુળાનંદજી, વિજય -રત્નસૂરીશ્વરજી મહારાજ, કવિ ન્હાનાલાલ, મેજર ધ્યાનચંદ, કન્ફ્યુસિયસ, ઉમર ખય્યામ, સૂફી સંત રાબીયા, સોક્રેટિસ, ઈમર્સન, લૉર્ડ બાયરન, એન્ડુ કાર્નેગી, આલ્બર્ટ આઇન્સ્ટાઇન, કાર્લ માર્ક્સ, લેનીન, લિંકન, જ્યોર્જ બર્નાર્ડ શો, ઇત્યાદિ. અહીં ચાર નમૂનેદાર ઉદાહરણની ચર્ચા કરીએ.

**૧. સમય આયોજન :** જાદુઈ બંગાળી ગાયિકા જૂથિકા રોયની ઘણાં વર્ષોથી તીવ્ર ઇચ્છા હતી. ગાંધીજીને પોતાનાં ભજન સંભળાવવાની, મહાત્માજી ૧૯૪૭માં જ્યારે નોઆખલીમાં દારુણ રમખાણો વચ્ચે ભારે વ્યસ્ત હતા ત્યારે વહેલી સવારે સ્નાન કરતી વખતે બાથરૂમની બહાર બેસીને જૂથિકા રોયે, મીરાંબાઈનાં છ ભજન પ્રસ્તુત કર્યાં. અને ગાંધીજીએ ઈશ્વર સમીપતાની અનુભૂતિ સાથે કલાકારને આશીર્વાદ આપ્યા.

**૨. પરમાત્મા સમગ્ર સૃષ્ટિમાં છે :** જાપાનના બૌદ્ધ સાધુ ઉમા મોટાને, ભગવાન બુદ્ધના ઉપદેશ જાપાનીઝ ભાષામાં પ્રસિદ્ધ કરવા હતા. તે માટે તેમણે લોકો પાસેથી યેન એકત્ર કર્યા પણ ત્યાં કુદરતી આફત આવી. લોકોને અનાજ પૂરું પાડવામાં તે રકમ ખર્ચાઈ ગઈ. ફરી રકમ એકત્ર કરતાં આઠ વર્ષ લાગ્યાં. તે સમયે અતિવૃષ્ટિ. રાહતકામમાં નાણાં વપરાઈ ગયાં. અંતે દસ વર્ષ પછી યાદગાર પુસ્તક લોકો સુધી પહોંચ્યું. લેખકે લખ્યું, ''આ મારી ત્રીજી આવૃત્તિ છે. બે આવૃત્તિ તો સમ્યકદર્શન આપતી ઉમદા આવૃત્તિ હતી.''

**૩. સ્વધર્મ કોને કહેવાય ?** ચીનમાં ચ્યાંગ નામનો યુવક બકરીઓ ઉછેરે. તેણે બકરીઓનું પાલન-પોષણ કરવા બે યુવાનો કામે રાખેલા. થોડા સમય માટે તે યાત્રાએ ગયો. આવીને જોયું તો અનેક બકરીઓ મરી ગઈ હતી. એક યુવાન જુગારની લતમાં ફસાઈ ગયો હતો, તો બીજો પૂજા-પાઠ માટે વધુ સમય આપતો હતો. કોર્ટમાં ફરિયાદ થઈ. ન્યાયાધીશે બંનેને એકસરખી સજા કરી. પોતાનાં નિશ્ચિત કર્તવ્ય બજાવ્યા વિના પૂજા-અર્ચના થાય તે પણ વ્યસન જ છે.

**૪. આત્મવિશ્વાસ :** અમેરિકાના એક યુવક સ્ટિફન કિંગની શિક્ષક બનવાની ઇચ્છા. તે માટે પૂરી લાયકાત, પણ નોકરી મળી નહીં. તેણે વાર્તા લખવાની શરૂઆત કરી. પુરસ્કાર મળ્યો. 'કેરી' નામક નવલકથા લખી. લોકપ્રિય થઈ. ત્યાર પછી તો તેની ૬૫ નવલકથા અને ૨૦૦ નવલિકાની કુલ ૪૦ કરોડ નકલો વેચાઈ. તેમને આધુનિક યુગના ચાર્લ્સ ડિકન્સની ઓળખ પ્રાપ્ત થઈ.

**સમાપન :** વિશ્વમાં દર વર્ષે ૨૨ લાખથી વધુ પુસ્તકો પ્રકાશિત થાય છે. જન્મથી મૃત્યુ સુધીની ઘટમાળ દરમિયાન આપણે મર્યાદિત પુસ્તકો જ વાંચી શકવાના ત્યારે અવિનાશભાઈ જેવા નિષ્કામ વિદ્વાને અનેક ગ્રંથો વાંચીને જે સાહિત્યનું પરિશીલન-દોહન કર્યું છે તેની પ્રસાદીરૂપે 'પ્રસંગોનું પંચામૃત'નો આસ્વાદ કરીને, અમૃતત્વ પામવા માટેની યાત્રા કરતા રહીએ. લેખકને અભિનંદન.

(ડી-૨૦૪, અભિષેક એન્ટિલિયા, **- પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**
સમા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ સામે, પુનિતનગર, ન્યુસમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪.
મો.: ૯૪૨૬૪૬૧૦૯૦)

**મનને જાણીએ...** (પાન ૦૩નું ચાલુ)

તો ઉપરથી પાણી સ્વચ્છ અને સાફ દેખાય. પરંતુ જેવો એમાં એક પત્થર નાખીશું, તો તરત જ નીચેની - અંદરની ગંદકી ઉપર આવશે. સ્વચ્છ પાણી ડહોળાયેલું થઈ જશે.

બરાબર આપણા મનની પણ આવી જ દશા રહેતી હોય છે. આપણા મનના અંતઃ સરોવરમાં ઘૂંટણભર ગંદકી જમા રહેતી હોય છે. જેવો બાહ્ય વસ્તુથી એને સ્પર્શ થાય કે તે એકદમ ઉપર સપાટી પર આવી જાય છે. આપણે કહીએ છીએ કે મને ગુસ્સો આવી ગયો. તો શું આ ગુસ્સો બહારથી અહીં આવ્યો ? એ તો પહેલેથી જ અંદર પડેલો. મનમાં જો એ ન હોત તો, તે બહાર દેખાય જ નહીં એટલા માટે કર્મ એ દર્પણ છે, જે આપણા સ્વરૂપને આપણી સામે મૂકી આપે છે. આ બધાનો સારાંશ એટલો જ છે કે માણસને પોતાના મનના સ્વરૂપને સમજવા માટે કર્મ ખૂબ ઉપયોગી વસ્તુ છે. (ક્રમશઃ)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગ્લોબલ વૉર્મિંગની ભારત અને વિશ્વ પર અસરો - ૨૪

ભૂમિપુત્રના ૧૬-૧-૨૦૨૫ના અંકમાં Extreme Weather અંગે થોડી વાત કરી હતી. આપણે Climate Extremesના કાળમાં જીવી રહ્યા છીએ તેમ 'Down to Earth' નાં સૂનિતા નારાયણે નોંધ્યું છે. આ વાતનો પાકો અહેસાસ અમેરિકામાં જાન્યુઆરીના શરૂઆતના પખવાડિયામાં બનેલી ઘટનાએ કરાવ્યો.

કાગનું બેસવું અને ડાળનું તૂટવું તેવું Donald Trump ના અમેરિકાના પ્રમુખપદે બિરાજવા માટેનાં બ્યુગલો ફુંકાઈ રહ્યાં હતાં ત્યારે લોસ એન્જલ્સમાં ભયંકર આગની જ્વાળાઓ લપકાઈ રહી હતી. ગ્લોબલ વૉર્મિંગના પ્રશ્ને આંખ આડા કાન રાખનાર, Climate Change ને નકારનાર ટ્રમ્પની સત્તા પર આવવાની ઘટનાને પ્રકૃતિ નકારે છે તેવું માનવાનું મન થાય... ભલે કાગ-ડાળ સંજોગ હોય.

લોસ એન્જલ્સ અંગેની ઘણી બધી વિગતો સમાચાર માધ્યમો દ્વારા આપણી સમક્ષ આવી છે. અમેરિકાનો આ પશ્ચિમ વિસ્તાર છે. તેમાં દક્ષિણમાં નજીકમાં પેસિફિક મહાસાગર આવેલો છે.

**■ લોસ એન્જલ્સમાં લાગેલી આગની વિગતો**

૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ આગની શરૂઆત થઈ. ચારથી પાંચ દિવસમાં આગ ઘણા બધા વિસ્તારમાં ફેલાઈ ગઈ. ૨ લાખ લોકોને ઘર છોડીને ભાગી જવું પડ્યું હતું. જે.પી.મોર્ગનની ગણતરી પ્રમાણે ૫૦ બીલીયન ડોલરનું નુકસાન થયું છે. ૨૭ લોકો મૃત્યુ પામ્યા છે. ૧૨૦૦૦ આવાસો આગની ઝપટમાં આવી ગયા હતા. આગનો ફેલાવો ૪૦૦૦૦ એકરમાં થયો હતો. આગ લાગેલા અલગ અલગ વિસ્તારોમાં Linda, Hurst, Archer, Kenneth, Woodley, Eaton, Sunsetનાં નામ સામે આવ્યાં છે.

શ્રી ધ્રુવ રાઠીએ તૈયાર કરેલા વિડિયો પ્રમાણે જાન્યુઆરી મહિનામાં આ વિસ્તારમાં વરસાદ પડતો હોય છે પરંતુ આ વખતે વરસાદની જગ્યાએ આગ લાગી. આ ક્લાઈમેટ ચેન્જના કારણે થયું છે.

લોસ એન્જલ્સ વિસ્તાર દરિયા અને પર્વતોની વચ્ચે આવેલો છે. દરિયા તરફથી આવતા અતિ ઝડપી પવનોને નામ આપવામાં આવ્યું છે 'Santa Ana Winds.'

આ પવનોની ગતિ ૭૪થી ૯૫ માઈલ્સ પ્રતિ કલાકની હોય છે. આના કારણે લાગેલી આગ કેટલાક વિસ્તારમાં ૧૩૦ કિ.મી. પ્રતિ કલાકની ગતિએ ફેલાઈ ગઈ. આ પવનો દરિયા તરફથી પર્વતો તરફ આવતાં ઘૂમરી લઈ ગરમ થાય છે. તેમાં ભેજનું પ્રમાણ ઓછું હોય છે. ક્યાંય પણ તણખો સર્જાય તો તરત આગ લાગીને ફેલાય છે. લોસ એન્જલ્સમાં જુલાઈ ૨૦૨૪ પછી વરસાદ પડ્યો ન હતો. આના કારણે આગ લાગવા અને ફેલાવા માટેનું ખૂબ જ અનુકૂળ વાતાવરણ હતું. વીજળીના તારો ભારે પવનમાં એકબીજાને અથડાવાથી, રોડ પરના વાહનોનાં ટાયરો ઘસાવાથી, અથવા સમૂહમાં કેમ્પ ફાયર (તાપણું) કરીને છેલ્લે સંપૂર્ણપણે ઓલવવાનું રહી જાય તેમાંથી સર્જાતા તણખા આગને જન્મ આપે છે.

ધ્રુવ રાઠી નાસાના વિજ્ઞાની Peter Kalmus અંગે વાત કરતાં નોંધે છે કે આ વિજ્ઞાનીએ લોસ એન્જલ્સ વિસ્તારને વર્ષ ૨૦૨૨માં અલવિદા કહી પોતાના આવાસનો ત્યાગ કર્યો હતો. તેના ખ્યાલમાં આવ્યું હતું કે આ વિસ્તાર ગમે ત્યારે આગની ઝપટમાં આવી શકે છે. તેણે 'The New York Times' માં પણ લેખ લખ્યો -

As a climate Scientist I Knew It was time to leave Los Angeles. (Jan 10-2024)

આપણે આ લેખમાળાના છેલ્લા લેખમાં નોંધ્યું હતું કે વર્ષ ૨૦૨૪ મહત્તમ ગરમીવાળું રહ્યું. સપ્ટેમ્બર ૨૦૨૪માં પૃથ્વીનું તાપમાન ૧.૫૪ ડિગ્રી સેન્ટીગ્રેડ જેટલું Preindustrial કાળ કરતાં વધ્યું હતું.

**■ લોસ એન્જલ્સની ઘટના પછી ટ્રમ્પ કંઈ બોધપાઠ લેશે ?**

આ લેખ લખતાં પહેલાં તા. ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ અમેરિકાના પ્રમુખ પદે ટ્રમ્પ સત્તા સંભાળે છે. ગાદી પર બેસતાં જ કેટલીક જાહેરાતો ફટાફટ કરે છે. - Trump Decided to withdrawy, the united States from Paris Agreement. જોકે આ કોઈ ચોંકાવનારી વાત ન હતી. ટ્રમ્પે પ્રમુખ તરીકેના પહેલા કાર્યકાળ વર્ષ ૨૦૧૭માં પણ આવું જ વલણ દાખવ્યું હતું.

આ વખતે Climate Friendly Energy Policies ને તેઓ જાકારો આપી રહ્યા છે. વાતાવરણમાં ગ્રીન હાઉસ ગેસીસ છોડવામાં અમેરિકા બીજા નંબરનો દેશ છે. આમ તો પૃથ્વીના તાપમાનને ૧.૫ સેન્ટીગ્રેડથી વધવા દેવું નથી તેવો વિશ્વ સ્તરેનો નિર્ણય પરિણામલક્ષી રહ્યો નથી. ટ્રમ્પના વલણ પછી તો તાપમાનમાં હજુ વધારે ઉમેરો થશે. ટ્રમ્પના પ્રથમ કાર્યકાળમાં વધુ ને વધુ ક્રુડ ઓઈલ અને નેચરલ ગેસનું ઉત્પાદન ચાલુ રહ્યું હતું. જોકે કોલસાના ઉત્પાદનમાં ઘટાડો થયો હતો. ટ્રમ્પના વર્તમાન વલણને જોતાં એમ લાગે છે કે આગામી ૪ વર્ષમાં અમેરિકા દ્વારા ૪ બિલીયન ટન ગ્રીન હાઉસ ગેસ વતાવરણમાં છોડવામાં આવશે. કાર્બન કટ ડાઉનની કોઈ વાત કાને ધરવા ટ્રમ્પ તૈયાર નથી.

ભૂતકાળ પર નજર નાંખીએ તો ધ્યાનમાં આવે છે કે વાતાવરણમાં સૌથી વધુ માત્રામાં ગ્રીન હાઉસ ગેસીસ છોડવામાં અમેરિકા નં.૧ છે. અમેરિકા ક્લાઈમેટ એક્શન માટે અપાતા ફંડને પણ બંધ કરી રહ્યું છે.

**■ ગ્લોબલ વૉર્મિંગ સામે શાહમૃગ જેવું વલણ કેટલું વાજબી ?**

૭ જાન્યુ. ૨૦૨૫ના રોજ લાગેલી આગ બુઝાઈ -ન બુઝાઈ ત્યાં નવેસરથી ૨૨ જાન્યુઆરીના રોજ નવા વિસ્તારમાં ૧૦,૦૦૦ એકરમાં આગ લાગી છે.

U.S. Environmental Protection Agency (E.P.A.) જણાવે છે -

The extent of Area burned by wildfires each year appears to have increased since 1980s. વર્ષ ૨૦૨૪ જૂન, જુલાઈ અને ઑક્ટોબરમાં કેલીફોર્નિયા ખૂબ ગરમ વિસ્તાર રહ્યો. વરસાદ ન આવવો અને ગરમીનો પ્રકોપ આગ ફેલાવે છે. ગત ૧૫૦ વર્ષમાં આ વર્ષમાં સૌથી વધુ સૂકું વાતાવરણ રહ્યું. આગ લાગવાની શક્યતાના દિવસો ૧૯૭૦ના દશકા કરતાં બમણા થઈ જઈ રહ્યા છે. આગની તીવ્રતા પણ વધતી રહી છે. આમ ક્લાઈમેટ ચેન્જના કારણે થઈ રહ્યું છે. ટ્રમ્પ કેટલું પાણી છાંટીને આગ બુઝાવશે ? લાલ રંગનું કેમિકલ Phos-Chek પણ વિમાનમાંથી છાંટવામાં આવે છે. તે Fire Retardant છે. આગ ઓલવવામાં મદદ કરે છે પરંતુ તે નદીઓનાં પાણીને પ્રદૂષિત કરે છે. જળસૃષ્ટિને નુકસાન પહોંચાડે છે. ચામડીને તેમજ શ્વસનતંત્રને નુકસાન કરે છે.

આગ લાગ્યા પછી વાતાવરણમાં એર પોલ્યુશનનો વધારો થાય છે, જે ફેફસાંને નુકસાન પહોંચાડે છે. વાતાવરણમાં પી.એમ.૨.૫, No2, Ozone, Aromatic hydrocarbons તેમજ અન્ય Toxic Pollutants ફેલાય છે.

પ્રાર્થનાસભામાં બિશપે ટ્રમ્પને કહ્યું - "In the name of our God, I ask you to have mercy upon the people in our country who are scared now." આગથી પોતાના ઘરને ગુમાવનાર પણ અમેરિકાના જ લોકો છે તે વાત ટ્રમ્પની સમજમાં આવવી જરૂરી છે.

**■ કેટલાક લેખોનાં મથાળાં - ટાઈટલ પર નજર નાંખીએ.**

❍ What preaching $1.5^0$C means. (13-1-25 Ind.Exp)

❍ Planning for a hotter world (13.1.25 Ind.Ex.)

❍ Climate Change Extreme Weatehr key Challanges. (B.Line Std. 13-1-25)

❍ Climate Change : Rising Insurance costs can curb growth. (B.Line 14-1-25)

પૃથ્વીના વધતા તાપમાન અંગે વર્ષ ૧૯૮૮માં જેમ્સ ઈ. હાન્સે (નાસા સંસ્થાના સંશોધક) જરૂરી આંકડાઓ ગ્રાફ, દલીલો સાથે વિશ્વને જાણકારી આપી હતી. વાત બધાએ માની લીધી તેવું તો ન થયું પણ વિવિધ મથકોમાં સંશોધનો થવા માંડ્યાં. ગ્રીનહાઉસ ગેસીસને ઓળખવામાં આવ્યાં. વર્ષ ૧૯૯૭માં જાપાનમાં ક્યોટોમાં ભરાયેલા સંમેલનમાં જ ગ્રીન હાઉસ ગેસીસમાં પાંચ ટકાનો ઘટાડો કરવાનું સૂચવવમાં આવ્યું. સંદર્ભ વર્ષ ૧૯૯૦ નક્કી કરવામાં આવ્યું. યુનાઈટેડ નેશન્સ દ્વારા ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ દર વર્ષે ભરાતી થઈ. નવા નવા સંકલ્પો લઈને ગ્રીન હાઉસ ગેસીસ ઘટાડવાની વાત ઘૂંટાતી થઈ. પરંતુ વિશ્વની ઓઈલ, કૉલ લોબી, ઓટોમોબાઈલ લોબી વિવિધ રાજ્યોની સરકારો પર દબાણ લાવીને વાતાવરણમાં છોડવામાં આવતા કાર્બનને ઘટાડવાની પોલિસી રચાવા દેતાં નહોતાં.

ખોટી દલીલો કરે, દોષ ચોખાનાં ખેતરો અને પશુપાલન પર નાંખે. ક્યાંક કાર્બન ટ્રેડીંગની પણ વાત કરે. ટેકનોક્રેટીક સોલ્યુશન બતાવે, પુનઃપ્રાપ્ત ઊર્જામાં ઓઈલ લોબી નવો ધંધો શોધવા માંડી. સરકાર પાસેથી સારા એવા પ્રમાણમાં રાહતો મેળવવા લાગી. વિકલ્પોમાં હાઈડ્રોજનના વપરાશની વાત તેમજ પવન, સૂર્ય ઊર્જા, હાઈબ્રિડ સિસ્ટમ, ઊર્જા સ્ટોરેજ જેવા ઘણા વિકલ્પો સામે આવવા લાગ્યા.

વિકસિત દેશો, અવિકસિત દેશો પર કાર્બન ઘટાડવાની જવાબદારી થોપવા માંડ્યા. ઔદ્યોગિક યુગની શરૂઆતમાં વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ૨૮૦ પીપીએમ હતું. વર્ષ ૨૦૨૪ સુધીમાં આપણે ૪૨૭ પીપીએમ સુધી પહોંચ્યા છીએ. કાર્બન કટ કરવાની બધી જ સુફિયાણી વાતો પરિણામ આપી શકી નથી. માટે તો લેખનું મથાળું બને છે - Planning for a hotter world. આપણે તાપમાનનો વધારો ૧.૫ સેન્ટીગ્રેડ કરી દીધો છે. આપણી પાસે આ ગરમી પ્રમાણે જગતને કેમ ગોઠવવું તે જ વિકલ્પ રહ્યો છે.

આપણે ખતરાભરી સ્થિતિમાં પ્રવેશ કરી ગયા છીએ. Earth.ORG સંસ્થાના નિષ્ણાતો કહે છે - However, even if all greenhouse gas emissons were holted immediately, global temperature would continue to rise in the coming years.

ઘડીભર માની લઈએ કે આપણે સંપૂર્ણપણે વાતાવરણમાં ગ્રીનહાઉસ ગેસીસ છોડવાનું બંધ કરીએ તો પણ પૃથ્વીનું તાપમાન આવનારાં વર્ષોમાં વધતું જ રહેશે. જો આપણે ખૂબ જ મોટા પાયે ગ્રીન હાઉસ ગેસીસ છોડવાનું ઓછું કરી નાંખીએ તો પુનઃપ્રાપ્ત ઊર્જાના સ્રોત તરફ વળીએ. ફોસીલ ફ્યુઅલના ઉપયોગને ટાળીએ તો ભવિષ્યમાં રાહતની શક્યતા રહે. આ ઘડી કેટલાં વર્ષો પછી આવશે તેનો જવાબ આપવો શક્ય નથી. ગરીબ દેશોને વધારે ભોગવવાનું આવશે અમેરિકામાં જેવી આગ ગરીબ દેશોના રહેણાક વિસ્તારોમાં લાગે તો મૃત્યુઆંક ક્યાંય પહોંચી જાય !

**■ Hotter Worldમાં આયોજનની દિશા**

કાઉન્સિલ ઓન એનર્જી એન્વાયર્મેન્ટ એન્ડ વોટર સંસ્થાનો અહેવાલ જણાવે છે કે, ભારતમાં દર ૧૦ વ્યક્તિમાંથી ૮ વ્યક્તિ એવા વિસ્તારોમાં રહે છે જ્યાં રેલ (ફ્લડ), દુષ્કાળ (Drought) અથવા ચક્રવાત (સાયક્લોન) આવવાની શક્યતા છે. દેશમાં કેટલાક હોટ સ્પોટ પણ છે જ્યાં રેલ, દુષ્કાળ, ચક્રવાત પણ સર્જાઈ શકે છે. જેમ કે ઓરિસ્સા અને તેલંગણાનો પૂર્વ ભાગ અને ગુજરાતનો પશ્ચિમ ભાગ. વરસમાં ગમે ત્યારે ત્યાં એક્સ્ટ્રીમ વેધરની નારાજગી ઊતરી આવે છે.

ગત વર્ષે દિલ્હીમાં ૫૦ સેન્ટીગ્રેડ જેટલો ગરમીનો પ્રકોપ જોવા મળ્યો. દેશમાં ૨૩ રાજ્યોમાં તાપમાનનો પ્રકોપ રહ્યો. મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલફેરના બુલેટીન પ્રમાણે દેશમાં ઉનાળામાં ૪૪૦૦૦ જેટલા લુ લાગવાના - હીટ સ્ટ્રોકના બનાવો નોંધાયા છે અને ૩૦૦ ઉપરાંત લોકોનાં મૉત થયાં છે. દિલ્હીમાં ભીષણ ગરમી પડતી હતી ત્યારે વીજ વપરાશમાં ૮૬૪૭ મેગાવોટની માંગ વધી હતી મતલબ કે ૧૬ ટકાનો વધારો પાવર ડીમાન્ડમાં થયો હતો.

Council on Energy, Environment and Water (CEEW) ના શ્રી વિશ્વાસ ચિત્તલેએ કેટલીક ચોંકાવનારી વિગતો દર્શાવી છે.

Climate Change ને કારણે -

❍ વર્ષ ૨૦૧૨ થી ૨૦૨૨ના ગાળામાં ગંગાના સપાટ મેદાની વિસ્તારોમાં સાઉથ-વેસ્ટ મોનસુન (વરસાદ)માં ૨૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.

❍ એક્સ્ટ્રીમ વેધરના કારણે ખેતીની પેદાશમાં થયેલું નુકસાન દેશના જી.ડી.પી.ના ૦.૨૫ ટકા જેટલું થયું છે.

❍ દરિયાના વધતા તાપમાનના કારણે છેલ્લાં ૨૦ વર્ષમાં ટ્રોપીકલ સ્ટ્રોમ સાયક્લોનમાં બાવન ટકાનો વધારો થયો છે.

❍ દેશમાં દૂધ ઉત્પાદનનો ફાળો જીડીપીમાં ૫ ટકા જેટલો છે. વધતા તાપમાનને કારણે તેમાં ૨૦ ટકાનો ઘટાડો જોવા મળે છે.

દિલ્હીમાં તા. ૧૦-૧-૨૦૨૫ના રોજ કૃષિ સાથે સંકળાયેલા નિષ્ણાતોનો એક મેળાવડો મળી ગયો. જોકે તેમણે રજૂ કરેલાં બધાં મંતવ્યો સાથે આપણે સંમત છીએ તેમ નહીં, પરંતુ તેમની વાતોની નોંધ લેતાં આપેલાં ટાઈટલ્સ પર નજર નાંખવા જેવી છે.

❍ Fundamental change needed to tackle climate changes crises.

❍ Allow technologies avilable abroad into India to fight climate change.

❍ Experts call for drastic policy, technological changes to weather extreme events.

(Businessline January 11-2025)

વિશ્વાસ ચિત્તલે નોંધે છે કે - In last



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

10 years, the Indian Council on Agriculture (ICAR) has developed more than 2500 varities of flood and droughts resistance crops.

ઉપરોક્ત વિગતો જોતાં આપણે ભાવિ યોજના તેમજ આયોજન Hotter World ને ખ્યાલમાં રાખીને કરવાં પડશે.

■ **The Indian Metrological Department (IMD) ક્લાઈમેટ ચેન્જની સ્થિતિમાં ખતરાની ઘંટડી વગાડવામાં મહત્ત્વનો રોલ ભજવી શકે છે**

IMD સંસ્થાની સ્થાપના વર્ષ ૧૮૭૫માં અંગ્રેજોના શાસનકાળમાં થઈ હતી. ૧૫ જાન્યુ. ૨૦૨૫ના રોજ સંસ્થા ૧૫૦ વર્ષ પૂરાં કરી રહી છે તે પ્રસંગને ઊજવી રહી છે. તેમના ડાયરેક્ટર જનરલ શ્રી મૃત્યુંજય મહાપાત્રાજી કહે છે –

Weather forcasting has become very challenging in evolving climate conditions. Extreme rainfall events are also occuring in a localised manner in a short period. To monitor and forecast these events at a smaller temporal and spatial resolution is very chalenging.

છેલ્લાં ૧૦ વર્ષમાં IMD ની Forecast accuracyમાં ૪૦ ટકાનો વધારો થયો છે. સંસ્થા પાસે વર્ષ ૨૦૧૪માં Doppler Radars ૧૫ હતા. તેની સંખ્યા વર્ષ ૨૦૨૪માં ૩૯ સુધી પહોંચી છે. વેધર સ્ટેશન સંખ્યા ૬૭૫માંથી ૧૨૦૮ પર પહોંચી છે. પવનની ગતિ માપવાનાં સાધનો વર્ષ ૨૦૧૪માં ૧૯ હતાં તેમાંથી ૨૦૨૪માં ૩૭ થયાં છે. વરસાદ માપવાનાં સાધનો ૩૯૯૫ હતાં તેના સ્થાને ૬૦૯૫ થયાં છે.

હવે ભારે વરસાદની આગાહી ૩ દિવસ પહેલાં કરી શકાય છે. Cyclone – ચક્રવાતની ગતિવિધિનું અનુમાન કરવાની ક્ષમતા પણ વધી છે. સંસ્થાનો દાવો છે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં 'Zero Error Forcasting – સચોટ ભાવિ કથન કરી શકાશે.

■ **Biofuel - Ethanol આપણા ખાવાના ચોખા ખાઈ જાય છે**

ઇથેનોલ – CH3CH2OH – જેને ઇથાઇલ આલ્કોહોલ પણ કહી શકાય, તેને બનાવવા માટે ચોખાનો ઉપયોગ કરવામાં આવે છે. ઇથેનોલને પેટ્રોલ સાથે મેળવીને વાહન ચલાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ઇથેનોલનો ફાયદો ગણાવતાં પેટ્રોલ વપરાશમાં થતી બચત અને પોલ્યુશનમાં થતા ઘટાડાની વાત થાય છે.

ભારતમાં વર્ષ ૨૦૧૪થી વર્ષ ૨૦૨૪ સુધીમાં ઇથેનોલના ઉત્પાદન માટે રૂ. ૪૦૦૦૦ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. સરકાર પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ ભેળવવાનું સૂચવે છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ૩૦ ટકા ભેળવવાનું લક્ષ્ય છે.

તાજેતરમાં સરકાર FCI ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાના ગોડાઉનમાંથી ઇથેનોલ બનાવવા માટે ચોખાના વેચાણ ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૫૦૦નો ઘટાડો કરીને રૂ. ૨૨૫૦ પ્રતિ ક્વિન્ટલે આપશે. સરકારની મહેચ્છા બાયો ફ્યુઅલના ક્ષેત્રે બ્રાઝીલના માર્ગે ચાલવાની છે. ઇથેનોલના ઉત્પાદન માટે વર્ષ ૨૦૧૮માં ઓછા વ્યાજની લોન માટે રૂ. ૩૮૦૦૦ કરોડની ફાળવણી કરી હતી.

ઇથેનોલ પેદા કરતા ખેડૂતો તેમના ઉત્પાદનમાં ભાવ વધારો માંગે છે. હાલમાં ઇથેનોલની કિંમત રૂ. ૫૮.૫૦ પ્રતિ લિટર છે.

**– રજની દવે**

---

# ભારતીબહેન પંડિતને શ્રદ્ધાસુમન અર્પણ



ભારતીબહેન પંડિત　　　　મનુભાઈ પંડિત

વેડછી વિસ્તારના લોકો, તેમજ અમદાવાદ મણિનગર જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિરની પ્રવૃત્તિથી વાકેફ મિત્રો, સંતબાલજીના ચાહકો માટે એક દુઃખદ સમાચાર છે. શ્રી મનુભાઈ પંડિતનાં જીવનસંગિની ભારતીબહેન પંડિતનું તા. ૨૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ અવસાન થયું છે.

ભારતીબહેનનો જન્મ ૧૯૩૪માં ભૂજમાં થયો હતો. પિતા બચુભાઈ આચાર્ય અને માતા વિજયાબા રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ સાથે બાલમંદિર ચલાવતાં હતાં. ભારતીબેનને બાળકેળવણીની તાલીમ નાનપણથી જ મળી હતી.

ગ્રામ દક્ષિણામૂર્તિ અભ્યાસ પતાવીને રાજકોટમાં પી.ટી.સી. કરી ભાવનગરમાં મોન્ટેસરીનો કોર્ષ કર્યો. ૪ મે ૧૯૫૪, બુદ્ધ પૂર્ણિમાને રોજ સંતબાલજીના સાંનિધ્યમાં મનુભાઈ પંડિત સાથે લગ્ન થયાં. લગ્ન બાદ વાત્સલ્યધામ મઢીમાં ગૃહમાતા તેમજ શિક્ષિકા તરીકે કામ કર્યું. ૧૯૭૦માં અમદાવાદમાં સ્થાયી થયાં. અમદાવાદ 'જીવનસ્મૃતિ'ની સઘળી પ્રવૃત્તિમાં સક્રિય રહ્યાં. પ્રકાશનો માટેના લેખોની સ્વચ્છ નકલ કરવાનું, પ્રૂફ જોવાનું કામ કરતાં હતાં. મોટી ઉંમરે મોતિયાના ઓપરેશન પછી એક આંખે દૃષ્ટિ ગુમાવી.

મનુભાઈના પરિવારને ભારતીબહેનની વિદાય સહન કરવાની શક્તિ પ્રભુ આપે તે પ્રાર્થના સાથે સર્વોદય પરિવાર શ્રદ્ધાંજલિ અર્પે છે.
વડોદરા

**– બકુલભાઈ શાહ**

વધુ વિગતો માટે ભારતીબહેનનાં દીકરી અવલોકિતાબહેનનો સંપર્ક કરવો. (મો. : ૯૯૦૯૫ ૯૩૩૩૯)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## પ્રો. અશ્વિન કારીઆની નજરે

### (૧) આપણા લોક-પ્રતિનિધિઓ

એ જાણીતી વાત છે કે ભારત આઝાદ થયા પૂર્વે દેશમાં રાજાશાહીનો અમલ હતો. દરેક રાજ્ય-શાસનનો વહીવટ અને કાનૂનો અલગ અલગ હતા. કેટલાંક રજવાડાંઓમાં 'રાજાનો શબ્દ એ જ કાયદો'નું ચલણ હતું. પરંતુ આઝાદીની ઉષા સાથે થોડા સમયમાં જ બંધારણના અમલ સાથે પ્રજાના કોઈ વર્ગ સાથે એકતરફી ભેદભાવ નાબૂદ થવા સાથે પ્રજાના તમામ વર્ગોને સ્પર્શતા સમાન કાયદાઓ ઘડાયા. બંધારણ સર્વોચ્ચ કાનૂન તરીકે સ્થાપિત થયું. ૨૦૧૪ સામાન્ય ચૂંટણીઓમાં ભાજપનો વિજય થતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદ ગૃહને નમન કરી જાહેર કર્યું કે ''આપણે લોકશાહીના મંદિરમાં છીએ. દેશના બાંધવો માટે આપણે ખુલ્લા મન સાથે કામ કરીશું. કાર્ય અને જવાબદારી એક જ સિક્કાની બે બાજુ છે.'' પરંતુ લોકસભાના છેલ્લા સત્રમાં સંસદમાં થયેલ ધમાલનાં દશ્યો ચિંતાજનક છે. આ દશ્યો આપણા લોક-પ્રતિનિધિઓની લોકશાહી તરફની પ્રતિબદ્ધતા વિશે શંકા જન્માવે છે.

બંધારણના શરૂઆતના શબ્દો સૂચવે છે કે બંધારણ લોકો દ્વારા ઘડાયેલ છે. બંધારણ સભાની આ ચર્ચા દરમ્યાન પુરુષોત્તમદાસ ટંડને કહેલું, ''લોકો એટલે તમામ લોકો.'' મીનૂ મસાણીએ ગાંધીજીને ટાંકી કહ્યું છે કે ''રાજ્ય લોકો માટે છે અને રાજ્ય લોકકલ્યાણ માટેનું સાધન છે. લોકો ચડિયાતા છે અને રાજ્ય ગૌણ છે.'' આપણા સાંસદો બંધારણ સભાનો આ સંદેશ વિસરી ગયા છે. શ્યામાપ્રસાદ મુખરજીએ પણ લોક-અપેક્ષા વ્યક્ત કરતાં કહ્યું છે કે, ''અનેક અવરોધો છતાં ભારતને મહાન બનાવવા આપણે કાર્યરત રહીશું. આપણે મજબૂત અને સંગઠિત રહીશું. આ માતૃભૂમિ આ કે તે સમૂહ, કે વર્ગની નહીં પરંતુ દરેક સ્ત્રી, પુરુષ અને બાળકની છે અને તેમાં કોઈ જાતિ કે જ્ઞાતિને સ્થાન નથી.'' બંધારણસભાના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે આ સંદેશને વાચા આપતાં કહ્યું, ''જો આપણે સંનિષ્ઠ રહીએ, જો આપણે એકબીજાના અભિપ્રાયનું સન્માન કરીએ, તો આપણે કોઈ પણ પ્રશ્નના મૂલ સુધી પહોંચીશું અને એકબીજાની વાસ્તવિક તકલીફો સમજીશું. કોઈને એમ વિચારવાની તક રહેશે નહીં કે તેનો અભિપ્રાય સન્માનવામાં આવેલ નથી.''

આંબેડકરના મતે પ્રમુખશાહી કરતાં સંસદીય લોકશાહી સરકાર વધુ ઇચ્છનીય એટલા માટે હતી કે કારોબારી પર પ્રસ્તાવો, ચર્ચા, પ્રશ્નોત્તરી, વગેરેના માધ્યમથી સંસદનો અંકુશ રહે છે. પરંતુ આજકાલ સંસદમાં ચર્ચા કે પ્રસ્તાવોને સ્થાન નથી. ગણતરીની મિનિટોમાં ખરડાઓ સંસદમાં પસાર થઈ જાય છે. દેશના અતિ મહત્ત્વના પ્રશ્નો પર ચર્ચા કરવાની મંજૂરી આપવામાં નથી આવતી. પરિણામે વિરોધ પક્ષોના વિરોધના કારણે હોબાળો અને ધમાલ થાય છે. અનેક વખત સંસદનાં બંને ગૃહો મોકૂફ રાખવાની ફરજ પડે છે. અનેક સાંસદોને સસ્પેન્ડ કરી તેમને ચર્ચામાં ભાગ લેતા અટકાવવામાં આવે છે. સંસદમાં ચર્ચા અને પ્રશ્નોત્તરી તેનો પ્રાણ છે. પરંતુ તેના પર લીંપણ થયેલ હોવાનો ઘાટ છે.

જવાહરલાલ નહેરુએ બંધારણ સભામાં કહેલ, ''ભારતની પ્રગતિનો માર્ગ મૈત્રી, સહકાર અને શુભેચ્છાથી શરૂ થાય છે.'' કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહે ડૉ. આંબેડકર વિશે કરેલ કેટલાંક ઉચ્ચારણોને લઈને પણ સંસદમાં હોહા સર્જાઈ હતી. ડૉ. આંબેડકરે બંધારણ સભામાં કહેલ, ''આપણે મોટા સમૂહને સાથે લઈ ચાલવાનું છે અને તમામ સમૂહો માટે સમાન નિર્ણય લઈ સહકારથી એવા રસ્તા પર કૂચ કરવાની છે કે જે આપણને એકતા તરફ દોરી જાય. તેથી આપણે સૂત્રોને બાજુ પર મૂકીએ, ડરામણા શબ્દો ન પ્રયોજીએ, વિરોધીઓ તરફ પૂર્વગ્રહ ન રાખીએ કે જેથી તેઓ વિકાસકૂચમાં સાથે રહી શકે.'' શું આપણે એવી આશા ન રાખી શકીએ કે અપમાનજનક શબ્દો પાછા ખેંચી લેવામાં આવે અને રેકર્ડ પરથી તે શબ્દો દૂર કરવામાં આવે ? દરેકે અન્ય સાથે સંવાદ કરવો જોઈએ અને બીજાની વાત ધીરજથી સાંભળવી જોઈએ.

દેશમાં ગરીબી, નિરક્ષરતા, બેરોજગારી, પ્રદૂષણ, વસ્તી વધારો, આર્થિક તેમ જ સામાજિક અસમાનતા જેવા અનેક પ્રાણપ્રશ્નો છે. સાંસદોએ તેની વિચારણા કરી તેનો ઉકેલ લાવવાનો છે. બંધારણ લોક કલ્યાણને વરેલું છે. સંસદમાં લોકહિતની વાત થવી જોઈએ, સત્તા કેન્દ્રિકરણ બંધારણ એજન્ડામાં નથી. લોકશાહીને મજબૂત બનાવવાની જરૂર છે. સંસદમાં થતા બૂમ-બરાડાથી ખર્ચ અને સમયની બરબાદી થશે. તેનાથી લોકશાહી મજબૂત બનવાના બદલે પાંગળી થશે. બંધારણ ઘડવૈયાઓનું શું આ અપમાન નથી ?

(માહિતી સૌજન્ય : શ્રી દુષ્યંત દવેનો ડિસે.૨૪ ધ ઇન્ડિયન એક્સપ્રેસમાં પ્રગટ થયેલ લેખ)

### (૨) કાચા કામના કેદીઓની વહારે સર્વોચ્ચ અદાલત

દેશમાં ન્યાયતંત્ર અદાલતોમાં આશરે ૫ કરોડ કરતાં વધારે કેસોના ભરાવાનો પ્રશ્ન તાકીદે ઉકેલ માગે છે. તેની સાથે જ ન્યાયતંત્ર સાથે સંબંધિત જેલોમાં કેદીઓનો ભરાવો, કેસની સુનાવણી થયા વિના કેદમાં સબડતાં સ્ત્રીઓ અને બાળકો સાથે હજારો કેદીઓની દયનીય હાલતનો પ્રશ્ન પણ તાત્કાલિક સમાધાન માગે છે. પરંતુ આ કેદીઓની વ્હારે હવે સર્વોચ્ચ અદાલતે કદમ ઉઠાવેલ છે અને ચોક્કસ વર્ગીકરણની મર્યાદામાં સમાવિષ્ટ થતા કેદીઓને જેલમાંથી મુક્તિની આશા જાગી છે.

એ જાણીતું છે કે ગત જુલાઈથી ત્રણ મહત્ત્વના જૂના કાયદાઓ રદ કરી તેના સ્થાને નવા કાનૂનો અમલમાં લાવવામાં આવેલ છે. તે પૈકીના જૂના ફોજદારી કાર્યવાહી સંહિતા, ૧૯૭૩, ક. ૪૩૯ – એની જોગવાઈ નવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩, ક.૪૭૯માં યથાવત્ જાળવી રખાયેલ છે. જૂના કાયદાની જોગવાઈ (ક.૪૩૬એ) મુજબ જે ગુનેગારે કાયદાથી નિયત કરાયેલ ગુરુત્તમ (મેક્સીમમ) સજાની અર્ધી સજા (સમય) જેલમાં ગુજારેલ હોય તેને જામીન પર મુક્ત કરવાની જોગવાઈ હતી. પરંતુ નવા કાયદાની ક.૪૭૯માં જામીન અંગેની આ જોગવાઈ વધુ ઉદાર બનાવાયેલ છે. આ કલમની જોગવાઈ મુજબ સજાના અર્ધા સમયને ઘટાડીને ૧/૩ સમય નિયત કરાયેલ છે. એટલે કે જે ગુનેગાર (આરોપી) કાયદાએ નિયત કરેલ ગુરુત્તમ સજાનો ૧/૩ સમય પણ જેલમાં ગુજારેલ હોય તો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તેને જામીન પર મુક્ત કરવામાં આવશે. આ નવા કાયદામાં આરોપીને મુક્ત કરવાની જોગવાઈ હજુ વધારે હળવી દાખલ કરાયેલ છે. આ જોગવાઈ મુજબ જે પ્રથમ વખત કોઈ ગુનાનો આરોપી હોય (એટલે કે તેને અગાઉ ક્યારેય કોઈ ગુના બદલ સજા થયેલ ન હોય) તે વ્યક્તિ જો ૧/૩ સજા જેલમાં ભોગવે તો તેને અદાલત તરફથી ખત (બોન્ડ) પર મુક્ત કરવામાં આવશે.

તંત્ર સામે આપણી એ કાયમી ફરિયાદ રહી છે કે કાયદાના અસરકારક અમલનો અભાવ છે. ગુનેગારને આ સંજોગોમાં તેમને લાભકારક જોગવાઈનો અમલ થતો ન હતો. આથી લાખો કાચા કામના કેદીઓ તેમની સામેના ગુનાની સુનાવણી ન થવાથી જેલની દોઝખ દશામાં સબડી રહ્યા હતા. દેશના તત્કાલીન મુખ્ય ન્યાયાધીશે (જસ્ટીસ આર.સી. લાહોટી) જેલોમાં કેદીઓનો ભરાવો, હવાલાત મૃત્યુ (કસ્ટોડીયલ ડેથ), તાલીમ પામેલા જેલ કર્મચારીઓની અછત, વગેરે મુદ્દાઓ તરફ પત્ર લખી સર્વોચ્ચ અદાલતનું ધ્યાન દોર્યું. જાહેર હિતની આ અરજીની સુનાવણીમાં અદાલત મિત્ર (arnicus curial) ગૌરવ અગ્રવાલે રજૂઆત કરી કે. ક.૪૭૯ નો વહેલામાં વહેલી તકે અમલ કરી, કાચા કામના કેદીઓને જામીન પર મુક્ત કરવાની જરૂર છે અને તેનાથી જેલોમાં ભીડનો પ્રશ્ન પણ હલ થશે.

સર્વોચ્ચ અદાલતે ગત ૨૩ ઑગસ્ટના રોજ હુકમ કરી ક.૪૭૯નો લાભ નવા કાયદા પૂર્વે જૂના કાયદા હેઠળ જેલમાં રહેલ પ્રથમ વખતના ગુનેગારોને પણ મળવા ઠરાવેલ છે. અદાલતે તમામ રાજ્યો અને સંઘ પ્રદેશોને તેમને ત્યાં જેલોમાં રહેલા કાચા-કામના કેદીઓની કુલ સંખ્યા, આવા કેદીઓની જામીન પર મુક્ત થવા થયેલ અરજીઓ, અને મુક્ત કરાયેલ આવા કેદીઓની સંખ્યા સાથે બે માસમાં સોગંદનામું રજૂ કરવા હુકમ કર્યો. ખરેખર તો આ કલમથી આવા કેદીઓને સજાનો ૧/૩ સમય પૂરો થયે, મુક્ત કરવાની જેલ સુપ્રિન્ટેન્ડન્ટની ફરજ છે. પરંતુ તેમાં નિષ્કાળજી છે. સર્વોચ્ચ અદાલતે નોંધ્યું કે કુલ ૩૬ રાજ્યો તેમ જ સંઘ પ્રદેશોમાંથી માત્ર ૧૯ સોગંદનામાં રજૂ કરેલ છે.

### કાચા કામના કેદીઓના ચોંકાવનારા આંકડાઓ

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોની ડિસે. ૨૦૨૩માં પ્રગટ થયેલ વિગત પ્રમાણે દેશમાં કેદીઓની કુલ સંખ્યા ૫,૭૩,૨૨૦ છે. અને તેમાંથી કાચા કામના કેદીઓની સંખ્યા ૪,૩૪,૩૦૨ છે. એટલે કે કુલ કેદીઓની સંખ્યાના ૭૫.૮ ટકા કેદીઓ કાચા કામના કેદીઓ છે. જેલોમાં રહેલ કુલ કેદીઓમાં ૨૩,૭૭૨ મહિલાઓની સંખ્યા છે. અને તેમાં ૧૮,૧૪૬ કાચા કામના કેદીઓ (મહિલાઓ) છે. આ સંખ્યા ૭૬.૩૩% છે. ડિસે. ૩૧,૨૦૨૨ના રોજ ત્રણ વર્ષથી વધુ સમય જેલમાં રહેલ કાચા કામના કેદીઓની સંખ્યા ૮.૬ ટકા છે.

### (૩) રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘ – ભા.જ.પ. અને ડૉ. આંબેડકર

સંસદની છેલ્લી બેઠકમાં ગૃહપ્રધાન અમિત શાહે ડૉ. આંબેડકર વિશે કરેલ કેટલાંક ઉચ્ચારણો વિરોધ પક્ષોને અપમાનજનક લાગતાં, મોટો હોબાળો થયો, સામસામાં વિરોધ પ્રદર્શનો થયાં અને સંસદના ગૃહોમાં માંડ ૫૦ ટકા જેટલું કામકાજ હાથ ધરી શકાયું.

રા.સ્વયંસેવક – ભાજપને ડૉ. આંબેડકર સાથે શરૂઆતમાં અણગમતો નાતો હતો અને રાજકીય સમીકરણો ૧૯૭૭થી બદલાવા લાગતાં, હવે તેમના તરફ માન અને પ્રેમ દર્શાવાઈ રહ્યાં છે. તા. ૧૩ ઑક્ટો. ૧૯૩૫માં કચડાયેલ વર્ગોની પરિષદ મુંબઈમાં યોજાઈ હતી અને તેમાં ડૉ. આંબેડકરે જાહેર કરેલ કે પોતાનો જન્મ ભલે હિંદુ તરીકે થયો, પરંતુ તેઓ હિંદુ તરીકે મૃત્યુ પામવા ઇચ્છતા નથી. આ પરિષદ પછીના તરત બીજા વર્ષે મુંબઈમાં મળેલ દલિત સમાજની સભામાં તેમણે આ વાતનું પુનરુચ્ચારણ કરી હિંદુ ધર્મ ત્યાગવાનો પોતાનો નિર્ણય જાહેર કરેલ હતો. જાણીતા ઇતિહાસકાર કીથ જણાવે છે કે ડૉ. આંબેડકરની આ જાહેરાતે હિંદુ રાષ્ટ્રવાદીઓનાં મનમાં ચિંતા જન્માવી હતી. તેના પગલે સાવરકરના નાના ભાઈએ આંબેડકર અને હિંદુ ધર્મના પ્રચારક મસુરકર મહારાજ વચ્ચે એક બેઠકનું આયોજન કરેલ.

૧૯૩૫નાં શરૂઆતનાં વર્ષોમાં લાહોર સ્થિત અને આર્યસમાજ તેમજ હિંદુ મહાસભા સાથે સંલગ્ન જાતપાત તોડક મંડળ સંગઠને 'જાતિની નાબૂદી' વિષય પર ડૉ. આંબેડકરનું પ્રવચન રદ કરેલ હતું. હિંદુ મહાસભાએ આ મુદ્દે ડૉ. આંબેડકર સાથે ચર્ચા કરવા તેના પૂર્વપ્રમુખ બી. એસ. મુનજીને નીમ્યા હતા. સાવરકરના નાના ભાઈ વી.ડી. સાવરકર આંબેડકરના પ્રશંસક હતા અને તેમની સાથે સહકાર સાધવાની તેમની ઇચ્છા હતી, જે પૂરી થઈ શકી ન હતી. વી.ડી. સાવરકરે આંબેડકરના મહાડ અને નાસિક સત્યાગ્રહને બિરદાવેલ હતા. આંબેડકરની અસ્પૃશ્યતા વિરોધી ઝુંબેશને તેમણે હિંદુ સંસ્કાર અને માનવતા વિરુદ્ધની થિયરીને વી.ડી. સાવરકરે ટેકો આપેલ હતો.

આંબેડકરે સાવરકરને રત્નાગીરી જિલ્લામાં થયેલ કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા. આમ છતાં આંબેડકરનું હિંદુ મહાસભા કે રાષ્ટ્રિય સેવક સંઘ સાથે રાજકીય જોડાણ શક્ય બન્યું ન હતું. આંબેડકરે અનુસૂચિત જાતિ મહાસંઘના ૧૯૫૧માં જાહેર કરાયેલ ચૂંટણી ઢંઢેરામાં સ્પષ્ટ જણાવ્યું કે હિંદુ મહાસભા અને રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘ જેવાં પ્રત્યાઘાતી પરિબળો સાથે પોતે જોડાણ કરશે નહીં.

આઝાદી બાદ પણ હિંદુ રાષ્ટ્રવાદીઓને આંબેડકર સાથે મનમેળ થયો નહીં. કાયદાપ્રધાન તરીકે આંબેડકરે હિંદુ કાયદામાં સુધારા સૂચવતો 'હિંદુ કોડ બિલ' રજૂ કર્યો ત્યારે રા.સ્વ.સે.સંઘે તેનો જોરદાર વિરોધ કર્યો. ભારતીય જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખરજીએ આ ખરડાને હિંદુ સંસ્કૃતિ પર આક્રમણ તરીકે વર્ણવેલ. સામયિક 'ઓર્ગેનાઈઝર'માં ૧૯૪૯માં પ્રગટ થયેલ એક લેખમાં આ ખરડાને અનૈતિક, હિંદુ ધર્મ વિરોધી અને ક્રૂર ગણવામાં આવેલ. હિંદુ રાષ્ટ્રવાદીઓ તેમજ કેટલાક કૉંગ્રેસી રૂઢિચુસ્તોના વિરોધના પરિણામે આ ખરડો પડતો મુકાવાથી નારાજ આંબેડકરે પ્રધાન-મંડળમાંથી રાજીનામું આપેલ.

### રા.સ્વ.સે.સંઘના અભિગમમાં બદલાવ

આંબેડકરે ૧૯૫૬માં આશરે ૫ લાખ દલિતો સાથે બૌદ્ધધર્મમાં કરેલ ધર્માંતરથી હિંદુ રાષ્ટ્રવાદીઓને આંચકો લાગ્યો. રા.સ્વ. સંઘે અહીંથી પોતાની

(જુઓ પાન નં. ૧૮)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# કુદરતની કેડીએ વિશાળ પક્ષનું નિર્માણ કરનારા : ચાર્લ્સ ડાર્વિન (૧)



**૧૮૦૧** થી ૧૮૯૯ સુધીમાં માત્ર વિકિપીડિયાને વાંચીએ તો ૪૫ પ્રખર વિજ્ઞાનીઓ મળે છે અને પ્રત્યેક શાખામાં સંખ્યાબંધ શોધો અને પ્રયોગો મળે છે, જેમના પ્રવાસો, શોધો, ચિંતનોના કારણે પૃથ્વી પર માત્ર માનવ જીવન જ નહિ જૈવિક, પ્રાકૃતિક, ભૌગોલોક, સામાજિક, તબીબી, રાજકીય તમામ ક્ષેત્રને પ્રભાવિત કરતા બદલાવોને ગતિ મળી છે અને આ એ સમયગાળો પણ છે જયારે વિશ્વમાં ધર્મ પ્રતિપાદિત રૂઢિઓ અને કુરિવાજોના અંધકારની સામે માનવીને ઉન્નત જીવન માટે વૈચારિક પ્રગતિ માટે પ્રકાશ પથરાવો પણ શરૂ થયો.

આપણે જોયું કે યુરોપ માલિકીભાવથી કેન્દ્રિત ભૌતિકવાદ સંતોષવા વૈશ્વિક સંસાધનોનું શોષણ કરતુ હતું ત્યારે વૈચારિક, સામાજિક, શૈક્ષણિક ક્રાંતિ વચ્ચે પશ્ચિમી ગોળાર્ધમાં વયક્તિક સ્તરે એ ભૌતિકવાદ માટે જાણે એક નવું વિશ્વ જન્મી રહ્યું હતું અને એ સમયે પણ જાગૃત ચેતનાઓ, ચેતવણીના સુર ઉચ્ચારી રહ્યા હતા. મૂર્તિ કે મંદિરો, ચર્ચ કે મસ્જિદોમાં રહેલા ઈશ્વરથી વધુ પ્રબળ કુદરતની સુચારુ વ્યવસ્થા છે, જે જીવન પોષી રહી છે એ હકીકતની વૈચારિક સ્તરે અને વૈજ્ઞાનિક સ્તરે સાબિતીઓ આ સમયમાં જ સ્થાપિત થઈ રહી હતી.

પૃથ્વી પર જીવનના અસ્તિત્વ, વિકાસ અને નૈસર્ગિક વ્યવસ્થા વિશેના પદ્ધતિસરના તર્કબદ્ધ વૈજ્ઞાનિક પુરાવાઓનો સૌથી મહત્ત્વનો ઘટસ્ફોટ કરનારા વિજ્ઞાની એટલે ચાર્લ્સ ડાર્વિન. કુદરતના વિશાળ પથવ્યવસ્થાપનની જે કંઈ કેડીઓ કંડારાઈ ચૂકી હતી તેમાં નિર્વિવાદિતા સ્થાપનાર પ્રવાસી એટલે ચાર્લ્સ ડાર્વિન.

**શૈશવ અને શિક્ષણ**

ચાર્લ્સ ડાર્વિનનો જન્મ ફેબ્રુઆરી ૧૮૦૯ માં શ્રોપશાયરના શ્રુસબરીમાં થયેલો. ડાર્વિનના દાદા, ઈરાસ્મસ ડાર્વિન, ફ્રેન્ચ ક્રાંતિ પહેલાં એક સ્વતંત્ર વિચારસરણીના ચિકિત્સક, કવિ અને ઝૂનોમિયા અથવા 'કાર્બનિક જીવનના નિયમો'ના લેખક હતા; ડાર્વિન જ્યારે આઠ વર્ષના હતા ત્યારે તેની માતાનું અવસાન થયું હતું. ત્રણ મોટી બહેનોની સંભાળ હેઠળ ડાર્વિન એમના દમદાર તબીબ પિતાની ધાકમાં ઊછરી રહ્યા હતા. પરંતુ એ તબીબીવિજ્ઞાન માત્ર શારીરિક વાસ્તવિકતાઓ જ શીખવી રહી હતી. એ સમયે માનવના મનોવિજ્ઞાનની પણ જાણકારી મળતી હતી પરંતુ એ સિવાયની વિજ્ઞાનશાખાઓને માનવજીવન માટે ઊતરતી કક્ષાની મનાતી. ડાર્વિનને ચર્ચના તાબા હેઠળનું રૂઢિચુસ્ત શિક્ષણ અકળાવતું હતું. ડાર્વિનના રસાયણ વિજ્ઞાનમાં વધતા રસ વિશે હેડમાસ્તરનો ઠપકો મળતો રહેતો એટલું જ નહિ સહપાઠીઓ પણ તેને 'ગેસ' ના નામથી ચીડવતા.

ડાર્વિનની એવી છાપ ઊભી થયેલી કે તેઓ એડિનબર્ગમાં બે વર્ષ દરમિયાન ખાસ કંઈ શીખ્યા નહોતા. હકીકતમાં,આ તેમના વ્યક્તિત્વ વિકાસનો મહત્ત્વનો ગાળો હતો. બ્રિટિશ યુનિવર્સિટી કરતાં વધુ સારું વિજ્ઞાનનું શિક્ષણ બીજે ક્યાંય ઉપલબ્ધ નહોતું. અહીં તેઓને છોડનું વર્ગીકરણ કેવી રીતે કરવું તે સમજવાનું શીખવવામાં આવ્યું હતું. એડિનબર્ગ મ્યુઝિયમમાં તેમને મુક્ત કરાયેલા એક દક્ષિણ અમેરિકન ગુલામ જહોન એડમોન્સ્ટોન દ્વારા પક્ષીઓને 'સ્ટફ' કરવાનું અને ખડકના સ્તર અને વસાહતી વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિને ઓળખવાનું શીખવવામાં આવ્યું હતું. યુવા ડાર્વિન એડિનબર્ગના સમૃદ્ધ બૌદ્ધિક વાતાવરણમાં ઘણું શીખતા, પરંતુ ધ્યેય વિનાના પ્રકૃતિવાદી માટે ચર્ચ સાથે તાલમેલ ધરાવતું શિક્ષણ જ યોગ્ય રહેશે એમ વિચારી તેમના ચતુર વિચારશીલ પિતા, ડાર્વિનને ૧૮૨૮ માં કેમ્બ્રિજ મોકલે છે. ડાર્વિનનું અહીં એક પરંપરાગત વ્યક્તિત્વ વિકસે છે. અહીં તેને એક યુવાન પ્રોફેસર દ્વારા વનસ્પતિશાસ્ત્રની રૂઢિચુસ્ત બાજુ બતાવવામાં આવી. એ પણ શીખવવામાં આવ્યું કે જગતના તમામ સર્જનની સત્તા એક ઈશ્વર પાસે છે જે તેની રચના ધરાવે છે. આ માન્યતા સાથે રેવરેન્ડ આદમ સેડગવિક, ડાર્વિનને ૧૮૩૧માં ભૌગોલિક ક્ષેત્રની સફર પર વેલ્સ લઈ ગયા.

ડાર્વિન માટે જાણે કુદરત રાહ જોઈ રહી હતી, એલેક્ઝાન્ડર હમ્બોલ્ટ-ના પ્રવાસવર્ણનોથી ઉત્તેજિત ડાર્વિનને એક તક મળે છે અને તેઓ દરિયાઈ પ્રવાસમાં ઝંપલાવે છે.

**પ્રકૃતિની પરિયોજના - 'એચએમએસ બીગલ'માં ડાર્વિનની સાહસિક સફર**

એલેક્ઝાન્ડર વોન હમ્બોલ્ટના દસ્તાવેજ, દક્ષિણ અમેરિકાના જંગલોની વાસ્તવિકતાથી પ્રભાવિત, ૨૧ વર્ષના ઉત્તેજિત ચાર્લ્સ ડાર્વિન હેન્સલોવેના એક વાર સફર ખેડી ચૂકેલા જહાજ, એચએમએસ બીગલની બીજી સફરની ટુકડી સાથે જોડાઈ, દક્ષિણ અમેરિકાના દક્ષિણ છેડે, ટિએરા ડેલ ફ્યુગોની સફરના સૂચનને તરત સ્વીકારી લીધું. ડાર્વિનને શિખાઉ પ્રકૃતિવાદી તરીકે નહીં પરંતુ ૨૬ વર્ષીય કેપ્ટન, રોબર્ટ ફિટ્ઝરોયની એકલતા દૂર કરવા એક સજ્જન સાથી તરીકે સફર કરવાની પરવાનગી મળેલી. ફિટ્ઝરોયે એક શાહી-ઇવેન્જેલિકલ સફરનું આયોજન કરેલું, જેમાં બ્રિટિશ વેપારને સરળ બનાવવા માટે દરિયાકાંઠાના પેટાગોનિયાનું સર્વેક્ષણ કરવાની યોજના હતી. ડાર્વિને






YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પોતાની જાતને શસ્ત્રો, પુસ્તકોથી સજ્જ કરી. કેપ્ટન ફિટ્ઝરોયે તેને ચાર્લ્સ લાયેલ દ્વારા લિખિત પ્રિન્સિપલ ઓફ જીઓલોજીનો પહેલો ગ્રંથ આપ્યો અને લંડન ઝૂના નિષ્ણાતો પાસેથી શબને સાચવવા માટેની તાલીમ આપી. બીગલ પ્રવાસી ટુકડી ઈંગ્લેન્ડથી ૨૭ ડિસેમ્બર, ૧૮૩૧ના રોજ જહાજમાં નીકળી.

એચએમએસ બીગલ એ પ્રવાસી ટુકડીઓના જથ્થાની અને જહાજની ઓળખ છે. ૧૦ થી ૧૮ ગન ધરાવતા રોયલ નેવીના યુદ્ધ જહાજોની શ્રેણીમાં બે જહાજોની આ ટુકડી હતી, જે સર્વેક્ષણ માટે મોકલાતી અને તેમાં સર્વે કરનારા નિષ્ણાતો, કર્મીઓ, ગુલામો અને ખલાસીઓની બનેલી ટુકડીઓ પ્રવાસે નીકળતી. એચએમએસ બીગલ એક વાર ૧૮૨૬ થી ૧૮૩૦ સફર ખેડી ચૂક્યું હતું. ત્યારબાદ સમારકામ અને નવી ટુકડી અને નવા કપ્તાન સાથે બીજી વાર ૧૮૩૧માં નીકળે છે અને ત્રીજી સફર ૧૮૩૭ માં આદરે છે. બીગલની બીજી સફર દુનિયાને નવી દૃષ્ટિ અને અને પોતાને માનવઇતિહાસ અને વિજ્ઞાનના ઇતિહાસમાં અમરત્વ અપાવે છે.

પ્રારંભમાં ૧૮ મહિના કે મહત્તમ બે વર્ષ માટે માટે આયોજિત દરિયાઈ સફરના સ્થાને ડાર્વિને ડિસેમ્બર ૧૮૩૧થી ઓક્ટોબર ૧૮૩૬ સુધી- કુલ પાંચ વર્ષ સફર ખેડી. ખાસ કરીને, તેમણે દક્ષિણ અમેરિકાના દરિયાકાંઠે આવેલા ગાલાપાગોસ ટાપુઓ અને ઓસ્ટ્રેલિયા સહિત પેસિફિકના વિવિધ ટાપુઓની મુલાકાત લીધી હતી. એચએમએસ બીગલ પર સવાર, ચાર્લ્સ ડાર્વિને સહીત ૧૪ જુદા જુદા દેશોની મુલાકાત લીધી.

આ પ્રવાસોએ ડાર્વિનને આ પ્રદેશોની અનન્ય વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિનો અભ્યાસ કરવાની અને કુદરતી પસંદગી દ્વારા ઉત્ક્રાંતિના તેમના સિદ્ધાંતને વિકસાવવાની તક આપી. જોકે ડાર્વિને એશિયાના ભારત દેશ સહિત દક્ષિણ અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને આફ્રિકાના ત્રણ વિશાળ ભૂમિગત પ્રાંતો પ્રદેશો ની મુલાકાત લીધી નહોતી. તેઓને ગાલાપાગોસ ટાપુઓની મુલાકાત માં મળેલા અકલ્પ્ય જૈવવૈવિધ્યનાં અવલોકનોએ જ ઉત્ક્રાંતિ વિશેના ચિંતન માટે ખૂબ પ્રભાવિત કર્યા હતા. ત્યારબાદ તેઓએ અન્ય ખંડોની મુલાકાત દરમ્યાન શોધખોળ કરી ન હતી.

વિશ્વની પરિક્રમા દરમ્યાન ૨૨ વર્ષના ડાર્વિનનું ઘડતર થયું હશે. બ્રાઝિલનાં જંગલો અને એન્ડીઝ પર્વતમાળામાં વિશાળ ખુલ્લી તકોથી ભરપૂર, વહાણની દીવાલો વચ્ચે પાંચ વર્ષની શારીરિક કષ્ટ અને માનસિક કઠોરતા, ડાર્વિનને નવી ગંભીરતા આપવાનાં હતાં. જુવાન ડાર્વિન જિંદગી અને પશ્ચિમી વૈજ્ઞાનિક વિચારસરણીને ધરમૂળથી બદલવાની હતી. પોતે જે દુનિયા જોઈ સમજી હતી તેનાથી તદ્દન નવી અજાણ દુનિયા, તેનાં અનમોલ સ્વરૂપો ખજાનાઓ અને વ્યવસ્થાઓને ડાર્વિનને સાક્ષાત્કાર થવાનો હતો. ડાર્વિન વિશે વાંચતાં લખતાં સમજતાં મને પણ એવો જ અનુભવ થયો કારણ કે તેઓનાં સંગ્રહો, અવલોકનો, પત્રો, પ્રકાશનો, નોંધો અને થિયોરી ને સંકલિત કરવામાટે પણ એક પુસ્તક લખવું પડે તેવો પડકાર સામે ખડો થયો છે. ડાર્વિનના કાર્ય અને તેના યોગદાનને સર્વપ્રથમ તો સમજવું જ ખાસ્સો અભ્યાસ માંગી લે તેમ છે. ઇન્ટરનેટ ઉપરની લાયબ્રેરી કે કોઈ પુસ્તકાલય એક સંકલિત પરિચય પૂરા પાડી શકતા નથી, માત્ર ઝલક જ મળે છે કારણ કે એ કદાચ સંભવ જ નથી. આથી જ મેં પણ તેઓ દ્વારા જગતને આપવામાં આવેલા મૂળભૂત સિદ્ધાંતો અને વ્યાખ્યાઓના આધારે જ તેમના કાર્યને આગામી ભાગમાં રજૂ કરવા પ્રયાસ કર્યો છે.

લેખન-સંકલન : યાત્રી બક્ષી paryavaran.santrigmail.com

સંદર્ભ- ઈન્ટરનેટ ઉપર ઉપલ્બધ માહિતીઓ, સંશોધન લેખો અને સંગ્રહસ્થાનો

---

**પ્રો. કારીઆ** (પાન ૧૬નું ચાલુ)

રણનીતિ બદલી. રા.સ્વ. સંઘે આંબેડકરની પ્રશંસા કરવાનું શરૂ કર્યું અને તે માધ્યમથી દલિતો સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો. અધૂરામાં પૂરું કેટલાક નીચલા વર્ણના હિંદુઓએ તામિલનાડુના તિરૂનેવલી જિલ્લામાં ૧૯૮૧માં મુસ્લિમ ધર્મ સ્વીકાર્યો. રા.સ્વ. સંઘની ટોચની સંસ્થા અખિલ ભારતીય પ્રતિનિધિ સભાએ અનામત જોગવાઈનું સમર્થન કર્યું. સંઘે ૧૪ એપ્રિલ, ૧૯૮૩માં આંબેડકર અને હેડગેવર, બંનેના જન્મ દિવસની મહારાષ્ટ્રમાં ઉજવણી કરી. સંઘે ૧૯૯૦માં આંબેડકર તેમ જ જ્યોતિબા ફુલેનું જન્મ શતાબ્દી વર્ષ પણ ઊજવ્યું. વી.પી.સિંગ રાજીવ ગાંધી સામે બળવો કરી ભાજપના ટેકાથી વડાપ્રધાન પદે આરૂઢ થયા. તેમની સરકારે આંબેડકર પ્રતિ આદર પ્રગટ કરવા અને તેમનો વારસો જાળવવા શ્રેણીબદ્ધ પગલાંઓ લીધાં. આંબેડકરને મરણોત્તર ભારતરત્ન ખિતાબ અર્પણ કરાયો. તેમનું તૈલચિત્ર સંસદના મધ્યસ્થ ખંડમાં મુકાયું અને અનુસૂચિત જાતિ-જનજાતિ વિરુદ્ધ અત્યાચાર નિવારણ કાનૂન પસાર કરાયો. આ બધાની પાછળ આશય દલિત મતબેંક પર કબજો જમાવવાનો હતો.

૨૦૧૪માં કેન્દ્રમાં ભાજપે સત્તા સુકાન સંભાળ્યા બાદ વડાપ્રધાન મોદીએ પોતાનાં જાહેર ભાષણોમાં ડૉ. આંબેડકરના પ્રદાનની અનેક વાર પ્રશંસા કરી છે. કેન્દ્રિય મંત્રી કિરણ રિજ્જૂએ તા. ૧૪-૧૨-૨૦૨૪ના રોજ લોકસભામાં જાહેરાત કરી કે મોદી સરકારે આંબેડકર સાથે સંબંધિત પાંચ તીર્થ સ્થાનો વિકસાવવા નિર્ણય લીધો છે. તેમાં આંબેડકરનું મ.પ્ર.માં આવેલું જન્મ સ્થળ, લંડનમાંનું તેમનું ઘર સમાવિષ્ટ છે. ઉપરાંત બાબા સાહેબ આંબેડકર ઇન્ટરનેશનલ મેમોરીઅલની સ્થાપના કરાયેલ છે. મુંબઈના 'ચૈતન્ય-ભૂમિ'નો વિકાસ વિચારણા હેઠળ છે. આંબેડકરની ૪૩૦ ફૂટ ઊંચી પ્રતિમા મુંબઈમાં સ્થાપવામાં આવનાર છે. સંઘ સંચાલક મોહન ભાગવતે બિહાર ચૂંટણી સભામાં ૨૦૧૫માં અનામત જોગવાઈની સમીક્ષા કરવાનું સૂચન કરેલ. ભાજપને તેનાથી નુકસાન થવાની ભીતિ જણાઈ. મોહન ભાગવતે તરત જ પોતાની ભૂલ સુધારી અને વિજયાદશમીના રોજ મળેલ સભામાં આંબેડકરની પ્રશંસા કરી હતી. ગત ૬ સપ્ટે.ના રોજ મોહન ભાગવતે નાગપુરમાં જાહેરાત કરી હતી કે સમાજમાં જ્યાં સુધી ભેદભાવ છે ત્યાં સુધી અનામત જોગવાઈ ચાલુ રહેવી જોઈએ.

(માહિતી સૌજન્ય : ધ ઇન્ડિયન એક્સપ્રેસ તા. ૨૧-૧૨-૨૦૨૪ના અંકમાં વિકાસ પાઠકનો પ્રગટ લેખ)

**– પ્રો. અશ્વિન કારીઆ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# નાગરિકી નિસ્બતનું નોખું ઉદાહરણ

**વો**ટ્સએપ પર 'અમૃત આહાર મહોત્સવ'નું પોસ્ટર જોયું જે ૧૧થી ૧૩ જાન્યુઆરીના રોજ ભાવનગર ખાતે યોજાઈ ગયું. આ ફૂડ ફેસ્ટીવલ જરા નોખો હતો. એના આયોજકો ખેડૂતો પોતે હતા. ''મારી વાડી-ખેતરને મારે ઝેર નથી આપવું. તેમજ ખેતરમાં ઊગેલાં શાક અને ધાનથી પેટ ભરતા માણસોને પણ મારે ઝેર નથી આપવું'' - આ તેમનો સ્પષ્ટ ઉદ્દેશ્ય છે. તેમણે તેમના કામનો વ્યાપ માત્ર પ્રાકૃતિક ખેતી પૂરતો મર્યાદિત નથી રાખ્યો પણ એની આજુબાજુ એક સિસ્ટમ ઊભી કરી નાગરિકી નિસ્બતનું સુંદર ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે.

આ જૂથનો ઇતિહાસ ખૂબ રસપ્રદ છે. વાત શરૂ થઈ હતી ૨૦૦૮માં, જ્યારે યુ.એસ.-ભારત વચ્ચે થયેલા અણુ કરાર અંતર્ગત ૬૦૦૦ મેગાવોટ્સનું એક અણુ વીજમથક બનાવવા માટે ભાવનગર જિલ્લાના મીઠીવીરડી અને આજુબાજુનાં ગામોની પસંદગી થઈ હતી. વર્ષમાં ત્રણ પાક લઈ શકાય અને લીલીછમ વાડીઓથી શોભતી ફળદ્રુપ જમીન પર અણુમથક આવે તો સ્વાભાવિક રીતે એ ઉજ્જડ બને. એટલે જમીન બચાવવાની નિસ્બતથી લોકઆંદોલનના પાયા નંખાયા. પર્યાવરણ સુરક્ષા સમિતિ નામક સ્વૈચ્છિક સંસ્થાની મદદથી મીઠીવીરડી અને જસપરા ગામના લોકોએ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલમાં આ યોજના વિરુદ્ધ અરજી દાખલ કરી. દસ વર્ષના લોક સંઘર્ષનો ૨૦૧૭માં અંત આવ્યો જ્યારે સરકારે સૂચિત અણુ ઊર્જા યોજના પડતી મૂકવાનું જાહેર કર્યું.

લોકઆંદોલનની જીત થઈ, અણુયોજના ગઈ અને ખેતરો બચી ગયાં. પણ ખેતરોમાં રસાયણના બેફામ ઉપયોગને કારણે જમીનમાં ઝેર ફેલાઈ રહ્યું છે, જે જમીનની સાથે માણસ અને સમગ્ર જીવસૃષ્ટિને વિનાશ ભણી દોરી રહ્યું છે. અણુમથક વિરોધી લોકઆંદોલનને કારણે આ સભાનતા લોકોમાં આવી, ધીમે ધીમે ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી તરફ વળવાનું શરૂ કર્યુ.

મીઠીવીરડી અને એની આજુબાજુનાં ગામોમાં પ્રાકૃતિક ખેતીનો વિચાર ધીમે, પણ મક્કમ રીતે ફેલાઈ રહ્યો છે. ૨૦૧૫માં માત્ર બે ગામના પાંચ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી શરૂ કરી હતી. આજે ૧૨ ગામના સિત્તેરથી વધુ ખેડૂતો આ દિશામાં વળ્યા છે. શરૂઆતમાં ભાવનગરના ફૂટપાથ પર બેસીને મહિને પચ્ચીસેક કિલો શાકભાજી વેચતા ખેડૂતો આજે મહિનાનું સરેરાશ ૭૦૦થી ૧૨૦૦ કિલો શાક ભાવનગર ઉપરાંત અમદાવાદ, વડોદરા અને ગાંધીનગર સુધી વેચે છે. મોટાભાગનું વેચાણ કોઈ વચેટિયા વિના ગ્રાહકને સીધું વેચાય છે. ખેડૂતને બજાર ભાવ સીધો મળે છે એટલે પ્રાકૃતિક ખેતી કરવી તેમને પોસાય છે. ઉત્તરોત્તર તેમના જીવનધોરણમાં સુધારો થતો દેખાય છે એટલે પ્રાકૃતિક ખેતી માત્ર મોટા ખેડૂતોનો ઈજારો નથી એ વાતનો સ્વીકાર આ વિસ્તારના લોકોમાં આવ્યો છે.

પ્રાકૃતિક ખેતી જૂથ ઝેરમુક્ત આહાર, પ્રદૂષણમુક્ત હવા/પાણી મેળવવાનો જન્મસિદ્ધ અધિકાર પરત મેળવવા માટે જનજાગૃતિનું કામ કરે છે, જેના ભાગ રૂપે ૭ વર્ષથી 'અમૃત આહાર મહોત્સવ'નું આયોજન થાય છે. સૌને સાત્વિક ખોરાક ઉપલબ્ધ થાય એવા પ્રયાસોના ભાગરૂપે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા માટે જરૂરી નિદર્શન અને તાલીમ આપવાનું તેમજ લોકોમાં પણ આ બાબતે જાગૃતિ આવે તે હેતુથી મીઠીવીરડી જૂથ અભિયાન ચલાવી રહ્યું છે.

આ વખતના મેળામાં સુએજ ટ્રીટમેન્ટની સમસ્યાના ઉકેલના મુદ્દાને આવરી લેવામાં આવ્યો. દેશમાં સુએજ ટ્રીટમેન્ટની સ્થિતિ નિરાશાજનક છે. ભારતમાં પેદા થતા ૬૩% સુએજ ટ્રીટમેન્ટ માટેની કોઈ વ્યવસ્થા જ નથી અને તેથી તેનો ટ્રીટમેન્ટ વિના જ નિકાલ કરવામાં આવે છે. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ટેકનોલોજી અને એન્જિનિયરિંગના પ્રોફેસર ડૉ. ઉપેન્દ્રભાઈ ડી. પટેલે જી.પી.સી.બી.ના સહયોગથી બિનપરંપરાગત વિકેન્દ્રિત મલ્ટી-સ્ટેજ રિએક્ટર વાળી સુએજ ટ્રીટમેન્ટ સિસ્ટમ ઊભી કરી છે, જેના થકી ઘરમાંથી નીકળતા ગંદા પાણીને ચોખ્ખું કરી ખેતીમાં ઉપયોગ કરવા યોગ્ય બનાવી શકાય છે.

અમૃત આહાર મહોત્સવ અંગે ભરતભાઈ જાંબુચા (મો.: ૯૪૨૬૯૭૯૦૩૫) કહે છે - ૮મા 'અમૃત આહાર મહોત્સવ' (ફૂડ ફેસ્ટીવલ) ૨૦૨૫ના પ્રથમ દિવસના મુખ્ય મહેમાન ડૉ. જસ્ટિસ કૌશલભાઈ ઠાકર, 'ગુજરાત સ્ટેટ હ્યુમન રાઈટ્સ કમિશન'ના અધ્યક્ષ શ્રી રમેશભાઈ પટેલ, 'સૃષ્ટિ ઇનોવેશન' અમદાવાદ, સમાજશાસ્ત્રની વિદ્યાર્થિની જીજ્ઞા દિહોરા અને નાની બાળકી મેહા કલસરિયા હતાં. બીજા દિવસના મુખ્ય મહેમાન ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેરન શ્રી આર.બી.બારડ (આઈએએસ) અને મેમ્બર સેક્રેટરી શ્રી ડી. એમ. ઠાકર હતા.

ખેડૂતો લોકોને કહેવા માંગે છે કે ''મારા ખેતરનાં શાકભાજી, અનાજ દૂર દૂર જાય, માનવીનાં પેટ ભરાય, આવા માનવોને મારે ઝેર નથી આપવું.'' આ મેળામાં સુએજ ટ્રીટમેન્ટની સમસ્યાના ઉકેલના મુદ્દાને આવરી લેવામાં આવ્યો. નવી પેઢીને આપણે વારસામાં 'વોટર - એર પ્યોરિફાયર, મેડિક્લેઈમ'... આપવાં છે કે પછી સ્વચ્છ જળ - જંગલ - જમીન - ખેતી - ખેત પેદશો !! આ મેળાનો આનંદ ૩૦,૦૦૦થી વધુ લોકોએ લીધો હતો.

ભારતના બંધારણની કલમ ૫૧ ક(૪) પ્રમાણે - ''ભારતના દરેક નાગરિકની ફરજ રહેશે - જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની'' -તેનો અમલ કરવાની કોશિશ કરી. કુદરતપ્રેરિત, ઝેરમુક્ત આહાર, પ્રદૂષણમુક્ત હવા-પાણી મેળવવાનો જે આપણો જન્મસિદ્ધ અધિકાર છે તે મેળવવા માટે જન જાગૃતિના ભાગરૂપે આવા મેળાઓનું આયોજન દર વર્ષે અમે કરીએ છીએ.

મેળાના પ્રથમ દિવસે ઉદ્દઘાટક ડૉ. જસ્ટિસ કૌશલભાઈ ઠાકર, 'ગુજરાત સ્ટેટ હ્યુમન રાઈટ્સ કમિશન'ના અધ્યક્ષનું તેમજ શ્રી રમેશભાઈ પટેલ, 'સૃષ્ટિ ઈનોવેશન' અમદાવાદનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી વિજયભાઈ પરસાળાનું પણ સ્વાગત કરવામાં આવ્યું. કર્મશીલ લખનભાઈ સ્વાગત સમારંભમાં હાજર રહ્યા હતા. શ્રી ઠાકરે કેમિકલમુક્ત ખેતીના કામને આવકાર્યું હતું.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સૃષ્ટિ સંસ્થાના શ્રી રમેશભાઈએ જૂથ પાસેથી સામુદાયિક બદલાવ અંગે જૂથની શું ભૂમિકા હોઈ શકે, તે અંગે સૌએ શીખતા રહેવાની અપીલ કરી હતી. સૃષ્ટિ ઇનોવેશન વિષે વાત કરતાં કહ્યું કે, સમુદાયમાં ખાસ કરીને છેવાડે વસતા સમુદાયની ભુલાતી પરંપરાગત કોઠાસૂઝને શોધીને તેને વિકસાવવી જરૂરી છે. વડોદરાથી સહિયર (સ્ત્રી સંગઠન)ની બહેનોએ મેળાની મુલાકાત લીધી હતી.

બીજે દિવસે ૧૨.૦૧.૨૦૨૫ના રોજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેન શ્રી આર.બી.બારડ (આઈએએસ), મેમ્બર સેક્રેટરી શ્રી ડી. એમ. ઠાકર અને અન્ય અધિકારીઓએ મુલાકાત લીધી હતી. શરૂઆતમાં જી.પી.સી.બી.ના સહયોગથી પ્રોફેસર ડૉ. ઉપેન્દ્રભાઈ ડી. પટેલ, ફેકલ્ટી ઑફ ટેકનોલોજી અને એન્જિનિયરિંગ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા (એમ.એસ.યુ.) દ્વારા વિકસિત કરવામાં આવેલ સુએજ ટ્રીટમેન્ટ સિસ્ટમ - બિનપરંપરાગત વિકેન્દ્રિત મલ્ટી-સ્ટેજ રિએક્ટર - Unconventional Decentralized Multi-Stage Reactor (UDMSR) મોડેલ ખુલ્લું મૂક્યું. મહેમાનોએ પ્લાસ્ટિક નહિ વાપરવા સૂચન કરીને પર્યાવરણ બચાવવામાં યોગદાન આપવા અપીલ કરી હતી અને રાસાયણિક ખાતરોનો ત્યાગ કરવા જણાવ્યું હતું.

**– નેહા શાહ**

---

**મોહનની વિદાય...** (પાન ૦૩નું ચાલુ)

કોન્ટ્રાક્ટરો નાના મોટા બધા જ વાંસ કાપતા હતા. આના કારણે જંગલ જલદી ઉજ્જડ થઈ જાય. આંદોલનમાં જીત હાંસલ કર્યા પછી વાંસ કાપવામાં વિવેક દાખલ કરવામાં આવ્યો. માત્ર મોટા-પાકટ વાંસને જ કાપવામાં આવતા હતા. વાંસ પહેલાં ખેડૂતોને, પછી વાંસમાંથી જુદી જુદી વસ્તુઓ બનાવીને વેચનારા વાંસ ફોડીઆઓને, ગ્રામજનોને અને છેલ્લે કાગળની મિલોને વેચવામાં આવતા હતા.

ગ્રામજનોને જંગલખાતા સાથે, સરકાર સાથે કેવી રીતે વાટાઘાટો કરવી તેમાં મોહનભાઈ સલાહસૂચન આપતા રહેતા. ક્યારેક નક્ષલીઓ તરફથી ધમકીઓ પણ મળતી.

ગામડાના વિકાસમાં સરકાર તરફથી આવતાં નાણાંનો વહીવટ ગ્રામ-સભા કરતી. તેમાં તેઓ માર્ગદર્શન આપતા. ગામના આરોગ્યની પણ તેઓ ચિંતા કરતા. ગામની બહેનો નિર્ણયો લેવામાં સભામાં ખૂલીને વાત કરતી. બહેનોના સંગઠને દારૂની બદીને દૂર કરી હતી.

મોહનભાઈના સમગ્ર કામને જોઈને વર્ષ ૨૦૧૬નો જમનાલાલ બજાજ એવોર્ડ તેમને આપવામાં આવ્યો.

મોહનભાઈને યાદ કરવા નીચેના સૂત્રને ગામેગામમાં ચરિતાર્થ કરવાનું ભગીરથ કામ ઉપાડવા જેવું છે.

''દિલ્હી મુંબઈમાં અમારી સરકાર, અમારા ગામમાં અમે સરકાર.''

'We have our government in Delhi and Mumbai. But In our village we ourselves are the Government."

**– ૨.**

---

# સેવા અને સંયમ

**સે**વાનું કાર્ય કરનારે વાણીવર્તન પર સંયમ રાખવાનો હોય છે. સેવાઇચ્છુક જો વ્યક્તિ પ્રત્યે વ્યવહાર કરતી વખતે સજાગ ન રહે તો સેવાકાર્ય એળે જાય છે. બંને વચ્ચે ભાવસેતુ રચાવો જોઈએ.

મારાં લઘુભગિની અનુબહેન કુષ્ઠરોગ નિયંત્રણ ક્ષેત્રે કામ કરતાં ત્યારની વાત છે. ચારેક દાયકા વીતી ગયા છે. બહેન હૃદયની સચ્ચાઈથી અને શુદ્ધ ભાવનાથી આ કામમાં જોડાયાં હતાં. એક દિવસ વડોદરા શહેરના વિઠ્ઠલવાડી વિસ્તારમાં કુષ્ઠરોગી વસાહતમાં બહેન સહકાર્યકર્તાઓ સાથે ગયાં હતાં. એક મંદિરમાંથી આવેલી ભોજન સામગ્રી દરદીઓને જમાડવાની હતી. દરદીઓને જાણ કરવામાં આવી. સૌ એક પછી એક નિયત સ્થળે ખાદ્ય વાનગી લેવા આવવા માંડ્યા. બહેન બુંદી આપતાં હતાં. શરૂઆતમાં થોડી થોડી આપતાં, જેથી બગાડ ન થાય. ઇચ્છા પ્રમાણે ફરી પણ આપતાં. એક દરદીને નામ દઈને બીજી વાર બોલાવ્યો તો એણે તુમાખીમાં જવાબ આપ્યો, 'પહેલી વાર કેમ ના આપી ? જા, ખવડાવજે તારા ઘરવાળાને ને છોકરાંવને !' બહેન એક ક્ષણ સ્તબ્ધ થઈ ગયાં. અક્ષરેય બોલ્યાં નહિ. સ્વસ્થ થઈ કામ ચાલુ રાખ્યું. અન્ય દરદીઓ પાસેથી આ ભાઈએ જ્યારે જાણ્યું કે બહેન અપરિણીત છે, લાગણીશીલ છે, ત્યારે એને પસ્તાવો થયો. બહેનની માફી માંગી. બુંદી બે વાર નહિ, ત્રણ વાર લઈ ગયો.

પ્રસંગ છે વડોદરાના નાગરવાડાના હરિજનવાસનો.

બહેન જે સંસ્થા સાથે સંકળાયેલાં હતાં તે કુષ્ઠરોગ ક્લીનિકનું પણ સંચાલન કરતી. દરદીઓ નક્કી કરેલ દિવસ પ્રમાણે ત્યાંથી દવા લઈ જતા. જોકે કેટલાક આળસુ વિલંબ કરતા. એવી પરિસ્થિતિમાં કાર્યકર્તા પોતે દરદીના ઘરે જઈ એનો સંપર્ક કરતા અને દવા આપતા. અનુબહેન હરિજન-વાસમાં એક બહેનને ઘેર ગયાં હતાં, કારણ એ બેદરકાર અને અનિયમિત હતા. દીકરાએ સાદ કરી માને કહ્યું કે બહેન દવા આપવા આવ્યાં છે, આ બાજુ આવો. સ્ત્રીએ ક્રોધમાં કહ્યું, 'એ તો સાહેબ મોકલે એટલે આવે.' અનુબહેન મૌન હતાં. થોડી વાર પછી સ્ત્રીના પતિએ એની પત્નીને સમજાવી, 'જરા વિચાર તો કર. જન્માષ્ટમીનો રજાનો દિવસ છે. વરસાદ પડે છે અને બહેનને તું જાકારો આપે છે !' આખરે સ્ત્રી દવા સ્વીકારવા રાજી થઈ. (રજાના દિવસે બધાં ઘેર હોય એ હેતુથી બહેન તે દિવસે ગયાં હતાં.)

સમાજના નકારાત્મક વલણથી કુષ્ઠરોગના દરદીનું મન આળું થઈ ગયું હોય છે. તેથી સહજ સમાજ પ્રત્યે રુક્ષતાથી વર્તે છે. સામે પક્ષે કાર્યકર્તા પણ એવી જ પ્રતિક્રિયા કરે તો સારવાર દુઃસાધ્ય બની રહે છે.

બ્રેસ્ટ, કિડની અને યૂટરસના કેન્સરમાંથી મુક્ત થયા બાદ અનુબહેન સ્વસ્થ જીવન ગુજારી રહ્યાં છે.

સંપર્ક : ૦૨૬૫-૨૭૫૦૨૭૫ **– શાંતિલાલ ગઢિયા**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# વિજ્ઞાનપ્રેમી સ્વામી વિવેકાનંદ



**આ**પણે સ્વામી વિવેકાનંદને વિશ્વમાં પ્રથમ વાર સનાતન ધર્મ - સંસ્કૃતિનો ધ્વજ લહેરાવનાર પ્રખર સંન્યાસી અને રાષ્ટ્રની યુવાશક્તિના જ્વલંત પ્રતીક તરીકે ઓળખીએ છીએ. અનેક મહાનુભાવોએ એમના અંગે ખૂબ જ ઉચ્ચ અભિપ્રાયો દર્શાવ્યા છે. શિકાગોના એમના વ્યાખ્યાનની ખ્યાતિ આજે પણ એટલી જ અકબંધ છે ત્યારે સ્વામી વિવેકાનંદના રાષ્ટ્રવાદી અને પ્રગતિશીલ દષ્ટિવંત વિચારોએ દેશ-વિદેશમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં કેવો પ્રભાવ પાથર્યો હતો એની થોડી વાત કરવી જોઈએ.

સ્વામી વિવેકાનંદ જ્યારે વિશ્વ ધર્મ પરિષદમાં ભાગ લેવા જાપાનથી અમેરિકા જઈ રહ્યા હતા ત્યારે તેમનો મેળાપ જમશેદજી તાતા સાથે થયો હતો. જમશેદજી તાતા પણ અમેરિકામાં યોજાયેલા કોલમ્બિયન ઉદ્યોગ પ્રદર્શનમાં ભાગ લેવા જઈ રહ્યા હતા. સ્વામીજી, પ્રગતિશીલ વિચારોથી, શિક્ષણ, વિજ્ઞાન - ટેકનોલોજી અને ઉદ્યોગોના દેશમાં આગમનથી જ દેશનું દળદર ફિટશે એમ માનતા તેથી તેમણે જમશેદજી તાતાને જણાવ્યું કે તેઓ માત્ર વેપાર જ નહીં, દેશમાં જ ઉદ્યોગ સ્થાપવાનું વિચારે અને એનાથી પણ આગળ વધીને વિજ્ઞાન અને ટેકનોલોજીમાં દેશમાં જ એનું શિક્ષણ-સંશોધન થઈ શકે એવી વ્યવસ્થા માટે કોઈ સંસ્થાની જરૂર હોવાનું પણ જણાવ્યું.

જમશેદજી તાતાએ ભારતમાં આવી એ માટે પ્રયત્નો શરૂ કર્યા પણ બ્રિટિશરો ભારતમાં આવી કોઈ સંશોધન સંસ્થા સ્થપાય એવું ઇચ્છતા ન હતા એટલે કાર્ય પ્રગતિમાં આવતું નહીં. અંતે જમશેદજી તાતાએ ખુદ એક પત્ર પાઠવી સ્વામી વિવેકાનંદ પાસે મદદ માગી. પોતાના પ્રતિનિધિને પણ મળવા મોકલ્યા. એટલે સ્વામીજીએ ભગિની નિવેદિતાને આ કાર્યમાં જોડી દીધાં. સ્વામીજીએ 'પ્રબુદ્ધ ભારત'માં એક વિસ્તૃત લેખ લખી સૌને મદદરૂપ થવા અનુરોધ કર્યો. બેંગ્લોરનાં મહારાણીને પત્ર લખી આ માટે જમીન પણ મેળવી આપવામાં મદદ કરી. ભગિની નિવેદિતાએ અમેરિકા અને બ્રિટનમાંથી પણ દબાણ ઊભું કર્યું અને ઈ.સ. ૧૯૦૯માં બેંગ્લોરમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સની સ્થાપના થઈ. જોકે કમનસીબી એ રહી કે આ સંસ્થાની સ્થાપના માટે પ્રેરણા કરનારા સ્વામી વિવેકાનંદ ઈ.સ. ૧૯૦૨માં મહાસમાધિને પામી ગયા અને જમશેદજી તાતાનું ઈ.સ. ૧૯૦૪માં જ નિધન થઈ ગયું. આ સંસ્થાની ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના શિક્ષણ અને સંશોધનમાં કેટલી મોટી ભૂમિકા રહેલી છે એ આજે કોઈથી અજાણ્યું નથી.

ભારતીયો વિજ્ઞાનના ક્ષેત્રમાં, સંશોધનના ક્ષેત્રમાં આગળ આવે એ એમનું એક સ્વપ્ન રહ્યું હતું. તેઓ આવી પ્રગતિ જોઈ રાજી થતા હતા. જ્યારે તેઓ પેરિસની યાત્રાએ હતા ત્યારે ત્યાં યોજાયેલી ઇન્ટરનેશનલ કૉંગ્રેસ ઑફ ફિઝિક્સમાં થતાં પ્રવચનો સાંભળવા પણ ગયા હતા. એમાં જગદીશચંદ્ર બોઝે રજૂ કરેલા સંશોધનપત્રથી અને કોઈ ભારતીયએ વિશ્વમાં વિદ્વાનો સમક્ષ ભારતીય ચિંતન અને વિજ્ઞાનને મૂર્તરૂપે રજૂ કરતા એમના વક્તવ્યથી ખૂબ ગૌરવાન્વિત થયા હતા. પછી તો તેમણે જગદીશચંદ્ર બોઝને તેમના સંશોધનની પેટન્ટ માટે પણ અનુરોધ કર્યો હતો અને જ્યારે જગદીશચંદ્ર બોઝે એ માટે કોઈ કાર્યવાહી ન કરી ત્યારે સિસ્ટર નિવેદિતા અને એમના એક અનુયાયી સારા ઓલે બુલને આ કામ સોંપી, અરજી કરાવી ઈ.સ. ૧૯૦૪માં પ્રથમ સેમિકન્ડક્ટર સેલ અને ફોટોવોલેટિક સેલ માટે અમેરિકામાં પેટન્ટ મેળવી હતી. સ્વામી વિવેકાનંદને ભારતીય વિજ્ઞાન અને વિજ્ઞાનીઓના કામની કેટલી કદર અને ચિંતા હતી એ આમાં જોઈ શકાય છે. સિસ્ટર નિવેદિતા તો જગદીશચંદ્ર બોઝના કૌટુંબિક મિત્ર પણ બની રહ્યાં હતાં.

અમેરિકા અને યુરોપમાં પણ સ્વામી વિવેકાનંદનાં પ્રવચનોની ખ્યાતિ જબરદસ્ત ફેલાઈ હતી અને એનાથી પ્રભાવિત થનારાઓમાં ત્યાંનો પ્રબુદ્ધ વર્ગ ઉપરાંત અનેક વિજ્ઞાનીઓ પણ હતા. આધુનિક મનોવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના એક દિગ્ગજ મનોવિજ્ઞાની ન્યૂયોર્કની હાર્વર્ડ યુનિવર્સિટીના વિલિયમ જેમ્સ પણ એમાંના એક હતા. આ યુનિવર્સિટીમાં સ્વામીજીએ ભારતીય મનોવિજ્ઞાનના મૂળગ્રંથ જેવા પતંજલિ યોગદર્શનના વર્ગો ચલાવ્યા હતા. જેના ફળ સ્વરૂપે રાજયોગ નામનું પુસ્તક મળ્યું હતું.

સ્વામી વિવેકાનંદ વિજ્ઞાનજગતના તત્કાલીન પ્રવાહોથી પણ વાકેફ હતા. જેમ કે ઉત્ક્રાંતિ અંગેની ચાર્લ્સ ડાર્વિનની થિયરી બાબતે પણ તેમનો પોતાનો મત હતો. તેઓ ડાર્વિનની થિયરીમાં કંઈક ખૂટે છે એમ માનતા. સ્વામી વિવેકાનંદની વિદ્વત્તાથી પ્રભાવિત હાર્વર્ડ અને કોલંબિયા યુનિવર્સિટીએ તો તેમને ત્યાં પ્રાધ્યાપક તરીકે નિમણૂક આપવાની પણ તૈયારી દર્શાવી દીધી હતી. એ રીતે લોર્ડ કેલ્વિન અને હોમ્લહોલ્ટ્ઝ જેવા પ્રખર વિજ્ઞાનીઓ પણ સ્વામીજીના વિચારોથી પ્રભાવિત થયા હતા. જોકે વિજ્ઞાનીઓમાં સૌથી ઘેરો પ્રભાવ જાણીતા ભૌતિકશાસ્ત્રી નિકોલા ટેસ્લા પર પડ્યો હતો. તેમણે અલ્ટરનેટિવ કરન્ટ અને ટેસ્લા કોઈલની શોધ કરી ડંકો વગાડી દીધો હતો. નિકોલા ટેસ્લાની સ્વામીજી સાથેની મુલાકાત સારા બનહાર્ટ નામની વિખ્યાત અભિનેત્રીના આમંત્રણને કારણે થઈ હતી. ત્યાં ટેસ્લા સાથે તેમની વાતચીત દરમિયાન નિકોલા ટેસ્લાએ સ્વામીજી પાસે અદ્વૈત તત્ત્વજ્ઞાન અને વેદાંતની વાતોનો પરિચય મેળવ્યો. આકાશ, પ્રાણ અને બ્રહ્મ જેવી વેદાંતની વિભાવનાઓથી પ્રથમ વાર જ પરિચિત થયાં અને તેઓ જે દિશામાં શોધ કરી રહ્યાં હતાં એની ભૂમિકા પશ્ચિમ નહીં પરંતુ હિંદુ અને બૌદ્ધ તત્ત્વજ્ઞાન સાથે સમાનતા ધરાવતી જણાઈ.

એનાથી ટેસ્લા ઘણાં પ્રભાવિત થયાં. સ્વામી વિવેકાનંદે તેમને સાંખ્યદર્શનમાં દ્રવ્ય અને ઊર્જાની એકરૂપતા કેવી રીતે વ્યક્ત થાય છે એ પણ સમજાવ્યું. એ મુજબ નિકોલા ટેસ્લાને એવી પ્રતીતિ થઈ કે તેઓ આ બાબત ગણિતીય સૂત્રોની મદદથી સ્થાપિત કરી શકે એમ છે. જો નિકોલા ટેસ્લા એ કરી શકે તેમાં સ્વામી વિવેકાનંદને ખૂબ રસ અને ઉત્સુકતા હતી. કારણ કે આ રીતે ભારતીય તત્ત્વજ્ઞાન અને વેદાંતને આધુનિક વિજ્ઞાનનો આધાર પ્રાપ્ત થઈ શકે એમ હતો. અલબત્ત, નિકોલા ટેસ્લા દ્રવ્ય અને ઊર્જા એ જુદા નથી, સર્વોચ્ચ ચેતનામાંથી નિષ્પન્ન થાય છે એવી વેદાંતના તત્ત્વજ્ઞાનને ગણિતીય પરિભાષામાં વ્યક્ત કરી શક્યાં નહીં પરંતુ ૧૦ વર્ષ બાદ માત્ર ૨૬ વર્ષના ઓલ ટાઈમ જીનિયસ આલ્બર્ટ આઇન્સ્ટાઇન ઈ.સ. ૧૯૦૫માં એમના વિખ્યાત સાપેક્ષવાદના સિદ્ધાંતના



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વિખ્યાત સૂત્રમાં એ પ્રતિપાદિત કર્યું, ત્યારે ટેસ્લા તો વિદ્યમાન હતાં પણ સ્વામી વિવેકાનંદ સમાધિસ્થ થઈ ચૂક્યા હતા. જો તેમણે જીવતે જીવ આઇન્સ્ટાઇનનું આ સંશોધન – સમીકરણ જાણ્યું હોત તો તેમનો રાજીપો કંઈક અલગ જ હોત. નોંધવા જેવું એ છે કે સ્વામી વિવેકાનંદ અને ટેસ્લા દ્રવ્ય-ઉર્જાની અવિનાશિતા અને એકરૂપતાની ચર્ચા કરી રહ્યાં હતાં ત્યારે આલ્બર્ટ આઇન્સ્ટાઇન માંડ ૧૬ વર્ષના તરુણ હતા !

આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદે આધુનિક વિજ્ઞાન પર ત્યારે અને ત્યાર પછી ક્વોન્ટમ થિયરી, પાર્ટિકલ ફિઝિક્સ, સ્ટ્રીંગ થિયરી એમ આજ સુધી કેવો ઘેરો પ્રભાવ પાથર્યો છે એ આપણે જોઈ શકીએ છીએ. સ્વામી વિવેકાનંદે વેદાંત અને ભારતીય દર્શનોની વાતો પહેલાં જ વિદેશની ધરતી સુધી પહોંચાડી દીધી હતી એટલે ત્યારબાદ પાશ્ચાત્ય વિજ્ઞાનની વિભાવનાઓના ચિંતનમાં ભારતીય તત્ત્વજ્ઞાન અને દર્શનની ઝલક આજ સુધી વર્તાતી જોવા મળે છે, એમ કહેવામાં કશું ખોટું ન હોઈ શકે. સ્વામી વિવેકાનંદ વિજ્ઞાનનું ધ્યેય અને હેતુ વિશ્વવાસ્તવમાં દેખાતી વિવિધતામાં એકતાને શોધવાનો છે એમ માનતા. આજે પણ વિજ્ઞાનની દરેક શાખા પોતપોતાના ક્ષેત્રમાં એ જ દિશામાં આગળ વધતી જણાય છે.

જન્મભૂમિ પ્રવાસી તા. ૧૨-૧-૨૦૨૫ **– વિકાસ ઉપાધ્યાય**

---

## સોક્રેટિસ ઉવાચ...

(પાન ૦૭નું ચાલુ)

સમુદાયોને નુકસાન પહોંચાડે છે, અને પછી જાણે પોતે પીડિત હોય તેવું નાટક કરે છે. છેલ્લા અનેક દશકાઓથી આવું જ થતું રહ્યું છે.

સોક્રેટિસ : આ તો એક ગંભીર બાબત કહેવાય. પરંતુ તમે શું માનો છો કે આ રમખાણોનું કારણ શું છે?

હિંદુત્વવાદી : કારણ? સોક્રેટીસ, કારણ તો સ્પષ્ટ છે! તેઓ અમારી સંસ્કૃતિમાં ભળી જવાનો ઇનકાર કરે છે.

સોક્રેટિસ : તમારી વેદના સમજી શકું છું. પરંતુ ચાલો આ અંગે વિગતે વિચારીએ. શું બધાં રમખાણો મુસ્લિમો જ શરૂ કરે છે કે પછી એવા પણ કિસ્સાઓ છે કે જેમાં હિંદુઓએ પણ દિવાસળી ચાંપી હોય ?

હિંદુત્વવાદી : (ખચકાતાં) કદાચ તેમાં અપવાદો છે, પણ તે બહુ ઓછા છે. મોટે ભાગે તો તે અમને ઉશ્કેરે છે.

સોક્રેટિસ : શું તમે આ રમખાણોનો ઇતિહાસ બારીકાઈથી તપાસ્યો છે? શું કોમી હિંસા હંમેશાં ધાર્મિક મતભેદોમાંથી જ પેદા થાય છે, કે પછી ક્યારેક કોઈક ગેરસમજ, આર્થિક તણાવ, ધંધાકીય હરીફાઈ અથવા તો ભાગલા પાડવા માંગતા રાજકીય નેતાઓની ઇરાદાપૂર્વકની ચાલબાજી પણ તેને માટે જવાબદાર હોઈ શકે છે? જેમ કે, ક્યારેક ચૂંટણી જીતવા માટે કેટલાક રાજકારણીઓ ધાર્મિક ધ્રુવીકરણ કરતા હોય છે. તો ક્યારેક કેટલાક લાલચુ બિલ્ડરોની નજર કોઈક ખાસ પ્રોપર્ટી પર હોય અને તેઓ જાણી જોઈને કોમી ઉશ્કેરણી દ્વારા દંગા ફેલાવતા હોય. ક્યારેક કેટલાક ધાર્મિક નેતાઓનો પણ અંગત સ્વાર્થ આવા ઝગડાઓથી સધાતો હોય છે. તો વળી ક્યારેક બન્ને કોમના લોકોની ધંધાકીય હરીફાઈ પણ આ માટે જવાબદાર હોય છે. અને કેટલાંક અસામાજિક તત્ત્વો તો આવા દંગા-ફસાદનો લાભ લેવા હંમેશાં તૈયાર જ હોય છે.

હિંદુત્વવાદી : (અનિચ્છાએ) મેં સાંભળ્યું છે કે રાજકારણીઓ અને ધંધાદારીઓ આવા તણાવનો ઉપયોગ કરે છે. કદાચ કોઈક ધાર્મિક નેતાઓ પણ ક્યારેક તેમના સ્વાર્થ માટે ગ્યાસતેલ છાંટતા હશે. પરંતુ, મુસલમાનો અમારી સાથે ભળી જવા માંગતા નથી. અમારી સંસ્કૃતિને માન આપવાનો તેઓ ઇનકાર કરે છે.

સોક્રેટિસ : આ એક ગંભીર મુદ્દો છે. સંવાદિતા માટે આદર ખરેખર જરૂરી છે. પરંતુ મને કહો, જો બંને સમુદાયો એકબીજાનો અનાદર કરે તો હિંસાનું આ ચક્ર કેવી રીતે તૂટી શકે?

હિંદુત્વવાદી : (વિચારીને) મને ખબર નથી. જ્યારે તેમની વસ્તી અને પ્રભાવ વધતો રહે ત્યારે તે અશક્ય લાગે છે. તેઓ અમારા ભવિષ્યને માટે હાનિકારક છે.

સોક્રેટિસ : શું તમને ડર છે કે આ રમખાણો માત્ર વર્તમાનમાં જ નહીં પણ ભવિષ્યમાં પણ હિંદુ ધર્મ માટે મોટા ખતરાની નિશાની છે?

હિંદુત્વવાદી : બરાબર, સોક્રેટિસ હવે તમે સમજ્યા! દરેક હુલ્લડ અમને યાદ કરાવે છે કે તેમના પર વિશ્વાસ કરવા જેવો નથી. તેઓ આવાં તોફાનોનો ઉપયોગ અમને નબળા પાડવા માટે કરે છે. અને કેટલાક ઇતિહાસકારો પણ આ હકીકતનું સમર્થન કરે છે.

સોક્રેટિસ : આ તો એક પરેશાન કરનાર ભય છે. પણ, શું આવો અવિશ્વાસ ફક્ત હિંસક કૃત્યોથી જ વધે છે, કે તે તમારા ઇતિહાસના અર્થઘટનને કારણે પણ વધે છે? શું તમે વિચાર્યું છે કે ઇતિહાસકારો પણ ક્યારેક એકબીજા પ્રત્યેની ધારણાઓને ઘડવામાં મોટો ફાળો આપે છે?

હિંદુત્વવાદી : તમારો મતલબ શું છે?

સોક્રેટિસ : શું ઇતિહાસનાં પુસ્તકો અને વાર્તાઓ હંમેશાં ઘટનાઓને નિષ્પક્ષ રીતે રજૂ કરે છે? કે પછી તેઓ ક્યારેક તેમને મન ગમતી એક બાજુની તરફેણ કરવા માટે કેટલીક વિગતોને તોડી મચેડીને રજૂ કરતા હોય, કે કેટલીક વિગતોને અવગણીને અને બીજી કેટલીક બાબતોની અતિશયોક્તિ કરીને બતાવતા હોય તેવું ના બની શકે ?

હિંદુત્વવાદી : (થોભો) હું માનું છું કે ઇતિહાસ પક્ષપાતી હોઈ શકે છે, પરંતુ હિંસા વાસ્તવિક છે. તમે તેને કેવી રીતે નકારી શકો?

સોક્રેટિસ : મારા મિત્ર, હું હિંસાનો ઇનકાર કરતો નથી. પરંતુ મને કહો, જો આપણે ફક્ત ભૂતકાળના જખમો પર જ ધ્યાન આપીએ, તો શું તે આપણને એક થવામાં મદદ કરશે કે તે વિભાજનને વધુ ઊંડું કરે છે? શું એ શક્ય છે કે આ રમખાણોમાં હિંદુ અને મુસલમાન બંને ભોગ બનતા હોય? અને તેમને કોઈ પોતાના ફાયદા માટે બે બિલાડીઓની માફક લડાવી રહ્યું હોય?

હિંદુત્વવાદી : (નિસાસો નાખીને) કદાચ બંને સહન કરે છે. પણ મુસલમાનો પોતાનાં કૃત્યોની જવાબદારી કેમ લેતા નથી?

સોક્રેટિસ : જવાબદારી લેવી એ તો એક ઉમદા ગુણ છે. પરંતુ જો દરેક પક્ષ સામાવાળા પહેલું પગલું ભરે તેની રાહ જુએ તો શું સમાધાન ક્યારેય શક્ય બને? શું સાચી જવાબદારી દોષના વિષચક્રને



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તોડવામાં અને સમજણ કેળવવામાં નથી રહેલી ?

હિંદુત્વવાદી : (ખચકાતાં) તે આદર્શ લાગે છે, પરંતુ કોમી રમખાણોના ભોગ બનેલા અમારા લોકોને ન્યાય ના મળવો જોઈએ?

સોક્રેટિસ : ન્યાય જરૂરી છે, મારા મિત્ર. પણ મને કહો, શું ન્યાય અને બદલામાં ફરક નથી? અને શું આપણે દોષિતોનાં કૃત્યો માટે નિર્દોષોને સજા આપીને ન્યાય મેળવી શકીએ? શાંતિ પ્રાપ્ત કરી શકીએ? શું અવિશ્વાસથી કે બીજાને દોષ દેવાથી ન્યાય કે શાંતિ મળશે કે પછી બંને સમુદાયો વચ્ચે સમજણનો સેતુ બાંધવાથી?

હિંદુત્વવાદી : (ધીમેથી માથું હલાવતા) ના, નિર્દોષને સજા કરવાથી તો પરિસ્થિતિ બગડે છે. પરંતુ જ્યારે તેઓ વારંવાર અમને નુકસાન પહોંચાડે છે ત્યારે અમે તેમના પર કેવી રીતે વિશ્વાસ કરી શકીએ ?

સોક્રેટિસ : શું વિશ્વાસ કેળવવા એકબીજાને સાંભળવાની જરૂર નથી? ભૂતકાળમાંથી શીખવાની જરૂર નથી? શું તમારા સહિયારા ભવિષ્યને ઉજ્જ્વળ બનવવા પર ધ્યાન આપવાની જરૂર નથી?

હિંદુત્વવાદી : (વિચારપૂર્વક) તે જરૂરી છે. પરંતુ, કેટલાક ઘા ખૂબ ઊંડા હોય છે. તેમને ઝડપથી રૂઝવવા મુશ્કેલ હોય છે.

સોક્રેટિસ : ખરેખર, ઊંડા ઘા જલદીથી રૂઝાતા નથી. પરંતુ તમે મને કહો, જ્યારે તમે આવો ખૂની ખેલ સતત ખેલતા રહો તો તે ઘા કેવી રીતે ઝડપથી રૂઝાય? જ્યારે આપણે સહાનુભૂતિનો મલમ લગાવીએ અને વધુ નુકસાન અટકાવવા માટે કામ કરીએ ત્યારે શું ઘા ઝડપથી ન રૂઝાય?

હિંદુત્વવાદી : (થોડા વિરામ પછી) હું તમારી વાત સમજું છું. પરંતુ, સોક્રેટીસ એક હાથે તાળી ન પડે. બંને બાજુએ ઘણો ડર અને ગુસ્સો છે.

સોક્રેટિસ : સાચું, ભય અને ગુસ્સો તો બહુ નુકસાનકારક છે. પણ શું આવા ભય અને ગુસ્સાને કારણે આપણે આપણામાં ભાગલા પાડવા માંગતા લોકોના હાથા બની જતા નથી? શું ભય અને ગુસ્સા જેવી બૂરી લાગણીઓ પર કાબૂ મેળવવો જરૂરી નથી? અને શું આપણને આપસમાં લડાવીને અને આપણા ભાગલામાંથી ફાયદો ઉઠાવનારાઓ સામે સાચી સમજ પ્રતિકારનું સૌથી મોટું સાધન ન બની શકે?

હિંદુત્વવાદી : (નિસાસો નાખીને) કદાચ. પરંતુ લોકોની વિચારસરણી બદલવામાં ઘણો સમય લાગશે.

સોક્રેટિસ : ખરેખર, મારા મિત્ર, પરિવર્તન ક્યારેય ઝડપી નથી હોતું. પણ મને કહો, શું તમારી ભાવિ પેઢીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે આવાં મૂર્ખામીભર્યાં તોફાનોને ડામી દેવાના પ્રયત્ન કરવા યોગ્ય નથી કે શક્ય નથી? શું ભારતના હિંદુઓ અને મુસ્લિમો એટલા પણ સમજદાર નથી કે તેઓ એકબીજાને ધમકી તરીકે નહીં, પરંતુ ન્યાયી અને સુમેળભર્યા રાષ્ટ્રના નિર્માણના સહિયારા કાર્યમાં ભાગીદાર તરીકે જુએ?

હિંદુત્વવાદી : (માથું હલાવતાં) હા, આ એક અનુસરવા જેવું સપનું છે. પરંતુ, રસ્તો ખૂબ મુશ્કેલ લાગે છે.

સોક્રેટિસ : હા, અઘરું જરૂર છે. પણ શું દરેક મહાન યાત્રા પહેલા પગલાથી શરૂ થતી નથી? શું તમે સૌ સાથે મળીને, તમારા ડરને દૂર કરીને, તમારી માની લીધેલ ધારણાઓની સત્યતા તપાસીને, તે પહેલું પગલું ન ભરી શકો? સમય અને પ્રયત્ન, બંને જરૂરી છે મારા મિત્ર. જ્યાં સુધી આપણે ભૂતકાળને હથિયાર તરીકે વળગી રહીએ છીએ ત્યાં સુધી આપણે તેનો શિક્ષક તરીકે ઉપયોગ કરી શકતા નથી. શું ભારતના હિંદુ અને મુસલમાન બંને સાથે મળીને ભૂતકાળમાંથી શીખવાનું શરૂ ન કરી શકે?

હિંદુત્વવાદી : (ઊંડો વિચાર કરીને) સોક્રેટિસ, તમે મહાન ફિલસૂફ છો એવું મેં પૃથ્વીલોકમાં સાંભળ્યું હતું. પણ આજે તમને રૂબરૂ મળીને હું અનુભવું છું કે તમે ખરેખર મહાન વિચારક છો. તેમ છતાં, હજુ પણ મારા મનમાં કેટલીક ગૂંચવાણો છે. કદાચ આપણે ફરી મળીએ ત્યારે તેની ચર્ચા કરીશું.

સોક્રેટિસ : જરૂર, મારા મિત્ર. આપણે ફરીથી મળીએ. ચર્ચા તો નિરંતર ચાલતી જ રહેવી જોઈએ. સંવાદથી જ સમજણ મળે છે. સતત મથામણ કરવાથી જ ક્યારેક સત્યનું ઝાંખું ઝાંખું દર્શન થઈ શકે છે.

આમ એકબીજાને ફરી મળવાનું કહીને હિંદુત્વવાદી અને સોક્રેટીસ બંને છૂટા પડે છે.

૦૦૧, પવનવીર, પ્રતાપગંજ,વડોદરા-૨ - **પ્રવીણ જ. પટેલ**
મોબાઈલ: ૯૮૭૯૭૬૩૦૮૩, ઈ મેલ: pravin1943@gmail.com

# શ્રી અરવિંદ સાધના શિબિર નૈનીતાલ

હિમાચ્છાદિ શિખરો, સુંદર ભવ્ય પ્રાકૃતિક વાતાવરણથી ઘેરાયેલા, નેપાળના મહારાજાના રાજમહેલમાં, નૈનીતાલથી ૧૨૦૦'ના પહાડ ઉપર આવેલા શ્રીઅરવિંદ આશ્રમમાં પ્રોફેસર ભારતસિંહ ઝાલાની બે શ્રીઅરવિંદ સાધના શિબિર રાખવામાં આવી છે.

(૧) તા. ૬-૫-૨૦૨૫થી તા. ૧૨-૫-૨૦૨૫ સુધી શિબિર નં.૩૬

(૨) તા. ૧૩-૫-૨૦૨૫થી તા. ૧૯-૫-૨૦૨૫ સુધી શિબિર નં.૩૭

રહેવા જમવા તથા રજિસ્ટ્રેશન ફી સાથે ૧૨,૫૦૦ રૂ. છે. રેલવે ભાડું અલગ. ત્યાં શ્રીઅરવિંદના પૂર્ણયોગ અને સાવિત્રી મહાકાવ્ય ઉપર અધ્યયન કરાવાશે.

સંપર્ક માટે : (૧) પ્રોફેસર ભારતસિંહ ઝાલા - મો.: ૯૪૨૬૬૯૫૧૯૮
(૨) શ્રી રણજિતસિંહ જાડેજા - મો.: ૯૨૨૮૮૦૯૦૫૧.

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨
સંપાદક : **રજની દવે**
સં૰ મંડળ : **સ્વાતિ • પારુલ**
દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦
આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૨૦૦૦
લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ '**યજ્ઞ પ્રકાશન સમિતિ**'ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 16-02-2025 Regd. No. VDR-E/61/2021-23
R.N.I. No. 1683/57 SSP (E) Valid upto 31-12-23
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- અંકની છૂટક કીમત દસ રૂપિયા. આ અંકનાં પાનાં ૨૪

# નવી જન્મેલી મા

**વ**ર્ષોથી કેનેડામાં વસી ગયેલી પન્નાએ બહુ હોંશ કરીને બાને અહીં બોલાવ્યાં હતાં. બાની વધતી જતી ઉંમર જોતાં એને થતું હતું કે, હમણાં નહીં આવે તો બા ક્યારેય એનો સુખી સંસાર જોવા નહીં આવી શકે. થોડી આનાકાની પછી બા આવવા તૈયાર થયાં હતાં અને આવીને ખુશ પણ હતાં. પહેલેથી જ એમને દરેક વસ્તુમાં રસ એટલે પન્નાનાં બાળકો પાસે રોજ અંગ્રેજી શીખવાની કોશિશ કરતાં અને પન્ના સાથે મોલમાં પણ જતાં.

બાને આનંદમાં જોઈને પન્ના રાજી હતી કે, ચાલો, અહીં બાનો સમય સરસ પસાર થઈ જશે. એના પતિ વિપુલને અમેરિકા જવાનું થયું ત્યારે પન્નાએ કહ્યું, ''તું તારે નિરાંતે જા. અહીંની ચિંતા ન કરીશ. બાને ફાવી ગયું છે,'' પણ હજી તો એને ગયાને માંડ બે દિવસ થયા ત્યાં અડધી રાતે બાને પેટમાં દુઃખાવો ઊપડ્યો. એટલો સખત દુઃખાવો કે એ બેવડ વળીને રડવા લાગ્યાં. પન્નાનો જીવ તાળવે ચોંટી ગયો. હંમેશાં હસતાં રહેતાં બા આ રીતે રડે એ ચિંતા ઉપજાવે એવું હતું. જે સૂઝ્યા એ બધા ઘરના ઉપચાર કરી જોયા પણ એમની સ્થિતિમાં કંઈ ફરક ન પડ્યો.

સવાર પડતાં સુધીમાં તો સ્થિતિ એટલી ગંભીર થઈ ગઈ કે, પન્નાએ એમને હૉસ્પિટલમાં લઈ જવાં પડ્યાં. ફરજ પરના ડોક્ટરે તપાસીને કહ્યું, ''એમને સ્ટમક ફ્લુ થયો છે. બહુ હેવી ઈંફેક્શન છે, વળી ઉંમર પણ વધારે છે એટલે અહીં રાખીને જ સારવાર આપવી પડશે. ઓછામાં ઓછા ચાર-પાંચ દિવસ તો રહેવું જ પડશે.''

પન્ના ગભરાઈ ગઈ. હવે શું કરીશ? વિપુલ પણ નથી, છોકરાંઓને સ્કૂલે મોકલવાં, રસોઈ બનાવવી, જોબ પર જવું- આ બધામાં મારાથી આખો દિવસ બા પાસે થોડું બેસી રહેવાશે? એક મીઠડી નર્સે એને હિંમત આપતાં કહ્યું,''ડોંટ વરી. વી વીલ ટેક કેર ઓફ હર.''

પન્ના જાણતી હતી કે, બાને આ નવા વાતાવરણમાં સ્પેશિયલ રૂમમાં તદ્દન એકલાં રહેવું નહીં ફાવે. એ પોતે તો હવે જોબ પરથી છૂટીને સાંજે જ આવી શકશે. એણે બાને પૂછ્યું, ''બા, તમને બીજા કોઈ સાથે રૂમ શેર કરવાનું ગમશે?''

અત્યાર સુધીમાં મળેલી સારવારને કારણે બાને થોડી રાહત લાગતી હતી. એમણે કહ્યું, ''હા હોં બાપા, હાવ એકલાં પડ્યાં રે'વાનું તો મને જરાય નો ગમે. કોઈ રૂમમાં હોય તો જરા વસ્તીય લાગે ને બોલો-ચાલોય રે.'

વસ્તી લાગે એ તો બરાબર, પણ બોલવા-ચાલવાનું રહે એવી બાની અપેક્ષા ફળે એમ નહોતું કેમ કે, બાના રૂમના બીજા ખાટલામાં એક ચીનો હતો. કદાચ એ થોડું-ઘણું અંગ્રેજી જાણતો હતો પણ બોલતો એવી રીતે કે, ચીની ભાષા બોલતો હોય એવું જ લાગતું. પહેલો દિવસ તો બંનેના જાત જાતના ટેસ્ટ અને સારવારમાં ગયો એટલે એકમેક વિશે જાણવાની જિજ્ઞાસા થાય એવું નહોતું. સાંજે પન્ના આવી એ ભેગી બાએ ફરિયાદ કરી, ''આ ચીનાનું નામ શું હશે, ભગવાન જાણે પણ આખો વખત બેલ મારી મારીને નર્સને જ બોલાવ્યા કરે છે. વારે-ઘડીએ પથારી પણ બગાડી મૂકે છે. પેલીય બચાડી થાકે કે નઈ?''

પન્નાએ હસીને કહ્યું, ''એનું નામ તો મનેય નથી ખબર, પણ ચીનો છે એટલે આપણે એને ચેન કહીશું, ને બા, તમને એની સાથે ન ફાવતું હોય તો રૂમ બદલાવી નાખીએ.''

''ના રે, ઈ મને કંઈ નડતો નથ, ને મારે ક્યાં એની હારે જન્મારો કાઢવો છે?''

બીજે દિવસે બાની તબિયતમાં સારો એવો સુધારો લાગતો હતો એટલે એ ચેન વિશે વિચારવા લાગ્યાં. 'કોણ જાણે કેટલા દિવસથી અહીં પડ્યો હશે! એને કોઈ મળવાય આવતું હોય એવું લાગતું નથી. એને એકલતા લાગતી હશે એટલે જ વારે-ઘડીએ વગર કારણે નર્સને બોલાવ બોલાવ કર્યા કરે છે. હશે, એનું એ જાણે, મારે શું?' આવું બધું વિચારતાં બપોરના સમયે બાની આંખ જરા મળી ત્યાં તો ચેને એકધારી બેલ વગાડીને એમની ઊંઘ ઉડાડી મૂકી.

''એય ચેન્યા, ચૂપ કર. તારા સિવાય રૂમમાં બીજું પણ કોઈ છે એનું ભાન નથી?'' બાના ગુજરાતીમાં બોલાયેલા વાક્યમાં તો ચેનને કંઈ સમજ ન પડી પણ એમણે જે રીતે હોઠ પર આંગળી મૂકીને ગુસ્સાથી કહ્યું એનાથી એ ગભરાઈને શાંત થઈ ગયો. એના ચૂપ થવાથી બાને તાન ચઢ્યું હોય એમ બોલ્યાં, ''ખબરદાર જો હવે મારી ઊંઘ ખરાબ કરી છે તો! ઊંચકીને રૂમની બહાર ફેંકી દઈશ.''

જાણે ચમત્કાર થયો હોય એમ બીજા દિવસથી ચેને બેલ મારવાનું સાવ ઓછું કરી નાખ્યું. પોતાનાથી આ અજાણ્યા છોકરા પર ગુસ્સો થઈ ગયો એ બદલ પસ્તાતાં હોય એમ બાએ ઈશારાથી પૂછ્યું, ''તને કાં કોઈ મળવા નથી આવતું?''

હવે બેઉ વચ્ચે ભાષા અંતરાયરૂપ નહોતી બનતી. એણે કહ્યું, ''મારું કોઈ નથી. આ દુનિયામાં સાવ એકલો છું. બાને લાગ્યું, જાણે બોલતી વખતે એની આંખો ભીની થઈ ગઈ હતી.''

''હશે ભાઈ, આ દુનિયામાં જેનું કોઈ નથી એનો ઉપરવાળો છે. ચાલ, ચેનુડા, હવે થોડી વાર સૂવાની કોશિશ કર.''

''કેવી રીતે સૂઉં? ઊંઘ નથી આવતી.''

''જો, આમ કરીને આમ.'' બાએ આંખો મીંચીને એવી રીતે બતાવ્યું જાણે એ નાનું બાળક હોય.

''તમને જોઈને મને મા યાદ આવે છે. એ પણ તમારી જેમ જ મને ધમકાવતી ને પછી આમ જ પ્રેમથી સમજાવતી. આ મા પોતાના સંતાનને મૂકીને જતી કેમ રહેતી હશે?''

''મા કદી પોતાના બાળકથી દૂર જતી નથી. જો, તું આંખો બંધ કર. જ્યાં સુધી તારી માનો ચહેરો ન દેખાય ત્યાં સુધી ખોલતો નહીં.''

થોડી વારમાં તો બાને ચેનનાં નસકોરાંનો અવાજ સંભળાયો. બાએ ઊંડા સંતોષથી ગાઢ નીંદરમાં સૂતેલા ચેન સામે જોયું અને મનોમન બોલ્યાં, ''રોયા, મને મા કહીને તેં તો મને બાંધી લીધી. એવું લાગ્યું કે, જાણે આજે જ મારી સુવાવડ થઈ છે ને આજે ફરીથી હું મા બની છું - દીકરાને ઠપકો આપવામાંથી જન્મેલી એક મા.''

એમના ચહેરા પર મમતાભર્યું સ્મિત હતું.

(હંસા દીપની હિંદી વાર્તાને આધારે) **- આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org